# શિક્ષણની સોનોગ્રાફી




—પંન્યાસ ઉદયવલ્લભવિજય

# શિક્ષણની સોનોગ્રાફી

—પંન્યાસ ઉદયવલ્લભવિજય

પ્રકાશક

**પ્રજ્ઞા પ્રબોધ પરિવાર**

C/o. શ્રી સમકિત યુવક મંડળ
રવિકુંજ, ગ્રાઉન્ડ ફ્લોર,
દોલતનગર રોડ નં. ૭,
બોરીવલી (ઇસ્ટ), મુંબઇ–૪૦૦ ૦૬૬.
ફોન : ૩૨૫૨ ૨૫૦૯

પ્રથમ સંસ્કરણ : વિ. સં. ૨૦૫૬

બારમું સંસ્કરણ : વિ. સં. ૨૦૭૧ મૂલ્ય : ૪૦/-

**પ્રાપ્તિ સ્થાન :**


- **શ્રી સમકિત યુવક મંડળ**
  રવિકુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, દોલતનગર રોડ નં. ૭,
  બોરીવલી (ઇસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૬૬. ફોન : ૩૨૫૨ ૨૫૦૯

- **કેતનભાઇ ડી. સંગોઇ**
  ૧/૧૨, વૈભવ એપાર્ટમેન્ટ, શ્રેયસ સિનેમા લેન,
  સાંઘાણી એસ્ટેટ, એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (વેસ્ટ),
  મુંબઇ-૪૦૦ ૦૮૬. મો. ૯૨૨૪૬ ૪૦૦૭૦

- **નવભારત સાહિત્ય મંદિર**
  ફતાસાની પોળની સામે, ગાંધીરોડ, અમદાવાદ.
  ફોન : ૨૨૧૩ ૯૨૫૩, ૨૨૧૩ ૨૯૨૧

- **મિલનભાઇ**
  આનંદ ટ્રેડ લિંક પ્રા.લિ.
  ૪૦૧, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમ સામે,
  પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. ફોન : ૨૬૫૮ ૭૬૦૧

- **અરિહંત કટલરી સ્ટોર**
  આંબા ચોકની પાછળ, પોલિસગેટની બાજુમાં,
  ભાવનગર. ફોન : ૨૫૧૨૪૯૨



- મુદ્રક : શુભાય આર્ટસ્
  મો. ૯૮૨૦૫ ૩૦૨૯૯

## ◆ રણશિંગુ

The Heart of education is the education of heart.

આ પુસ્તકમાં જ એક જગ્યાએ આલેખાયેલ આ ક્વોટ વાંચ્યા પછી આધુનિક શિક્ષણને નિઃસંકોચ નિશ્ચેતન અને નિષ્પ્રાણ કહી શકાય. education of heart એટલે દયા અને કરુણાનું શિક્ષણ, પ્રેમ અને વાત્સલ્યનું શિક્ષણ, ભક્તિ અને બહુમાનનું શિક્ષણ, મૈત્રી અને મુદિતાનું શિક્ષણ, શાંતિ અને સમતાનું શિક્ષણ, ક્ષમા અને વિનમ્રતાનું શિક્ષણ.

કાર્ડિએક સર્જરી કરનારો ડૉક્ટર પણ હૃદય વગરનો હોય તેવું બને છે. બે સગા ભાઇઓ વચ્ચે ઝગડો થાય ત્યારે તેમનું વેર મટાડવું તે વકીલની કુશળતા કહેવાય કે બન્નેની લડતને કાયદેસરનું સ્વરૂપ આપવું તે સાચી વકીલાત ? બીજા નંબરની કુશળતાવાળા વકીલોનો આજે રાફડો ફાટ્યો છે. સંવેદના જાગ્રત કરવાને બદલે બુઠ્ઠી કરતા આધુનિક શિક્ષણે સમાજને સંવેદનહીન શિક્ષિતોની ફોજ ભેટ ધરી છે અને માત્ર આ સંવેદનહીનતા કે શુષ્કતા જ શિક્ષણનું ફરજંદ નથી. શોષણ, સ્વાર્થ, સ્વચ્છંદતા અને શ્રદ્ધાહીનતા જેવી અનેક કુટિલતાઓની માવજત આ શિક્ષણધામોમાં થતી રહે છે.

આધુનિક શિક્ષણસંસ્થા એવી વાડી છે જ્યાં મગજ ખીલે છે અને હૃદય કરમાય છે. સંસ્કારહીન સાક્ષરને એટમ બોમ્બ કે હાઇડ્રોજન બોમ્બથી જરાય ઓછો જોખમકારક ન ગણી શકાય. રાષ્ટ્રની ધરતી ઉપર પ્રતિવર્ષ આવા લાખો કરોડો અણુશસ્ત્રોના ખડકલા થતા હોય ત્યારે વર્તમાન શિક્ષણ પ્રક્રિયાને ટેબલ પર સૂવાડી તેની સોનોગ્રાફી કરવી ખૂબ જરૂરી બની છે.

આ કડવી જવાબદારી એક ચિંતિત ચિંતક અહીં અદા કરે છે. સમાજના સંસ્કારરખોપાના સ્થાનને શોભાવતા એક મુનિ, કુશળ રેડિઓલોજિસ્ટની અદાથી શિક્ષણની સોનોગ્રાફી કરે, ત્યારે તેના રિપોર્ટની, સમાજના ધોરીઓએ ગંભીર નોંધ લેવી ઘટે.

સહુ પ્રથમ લેખકશ્રી જ્ઞાનપ્રાપ્તિની સાધનાને પરમતેજ ભણીની યાત્રા રૂપે પ્રસ્થાપિત કરે છે અને તે દ્વારા શિક્ષણની મૂળ વિભાવનાને પ્રમાણિત કરે છે. બીજા જ પ્રકરણમાં મુનિશ્રીએ આધુનિક શિક્ષણમાં ઘુસી ગયેલી એક વિષકણીને ઉઘાડી પાડી છે. પ્રદાન અને અસર વચ્ચેનો તફાવત એટલે દૂધ અને લોહી વચ્ચેનો તફાવત. આજનો વિદ્યાર્થી માહિતીઓનું દૂધ ટેન્કરો ભરીને પી જાય છે, પણ તેમાંથી લોહી કેટલું બને છે ? Information અને Knowledge વચ્ચેનો Basic Difference આ પ્રકરણમાં અભિનવ શૈલીથી છતો થાય છે. આજે કોલેજ ઘણી વધી છે પણ તેમાં નોલેજ ક્યાં વધે છે ? 'અસર' માં ઊતરેલું 'પ્રદાન','નોલેજ' નો દરજ્જો પ્રાપ્ત કરે છે.

પછી લેખકશ્રી માધ્યમની વિચારણામાં ઊતરે છે. શિક્ષણનું માધ્યમ એ છેલ્લા દાયકાઓથી ચર્ચાનો વિષય બની રહ્યું છે, અંગ્રેજી માધ્યમની આકરી ટીકાઓ થતી રહી છે, અંગ્રેજી માધ્યમનાં કડવા ફળ સમાજ ચાખતો રહ્યો છે અને અંગ્રેજીનો ક્રેઝ દિવસે ને દિવસે વધતો જ જાય છે. 'ભાષાને શું વળગે ભૂર, રણમાં જીતે તે શૂર' આ કહેવતનો જરાક સંદર્ભ બદલીને તેનો ઉપયોગ કોઇ અંગ્રેજીના પ્રેમને છાવરવા માટે કરે તો તેનેય લેખકશ્રી બતાડી આપે છે કે ભાઇ, ભાષાને પણ વળગે ભૂર. લિંગ્વિસ્ટિક કન્વર્ઝન એ સાંસ્કૃતિક કન્વર્ઝનની પાયલટકાર છે, તેની આટલી અસરકારક રજૂઆત વાંચ્યા પછી શિક્ષણના અંગ્રેજી માધ્યમને, મા સંસ્કૃતિનાં ચીર ખેંચતો દુઃશાસન કહેવાનું મન થઇ જાય છે. અન્ય ભાષા મિષ્ટાન્ન કે ફરસાણના સ્થાને ભલે રહે. પણ રોજીંદુ ભોજન તો રોટલી કે રોટલો જ હોય. 'અંગ્રેજી શીખવી' નો નિષેધ ન હોઇ શકે પણ 'અંગ્રેજીમાં શીખવું'ના નિષેધને કોઇ નિષેધી ન શકે તે રીતે અંગ્રેજી માધ્યમની સચોટ સમાલોચના મુનિશ્રીએ કરી છે. વિશ્વના અનેક રાષ્ટ્રોમાં શિક્ષણનું માધ્યમ અંગ્રેજી નથી છતાં તે રાષ્ટ્રો વિકસિત કહેવાય છે. આ હકીકત 'અંગ્રેજી વગર વિકાસ ન થાય' તે ભ્રમ ભાંગવા માટે પર્યાપ્ત છે.

આજનું બાળક બે પોષક તત્ત્વોની ઉણપ અનુભવે છે. ૧. માતૃભાષા અને ૨. માતૃવાત્સલ્ય. અંગ્રેજી માધ્યમે તેની માતૃભાષાને ઝૂંટવી લીધી છે તો બોજલ શિક્ષણે તેના માતૃવાત્સલ્યને ઝૂંટવી લીધું છે. માતાના સુંવાળા ખોળામાંથી ખેંચીને બાળકને નર્સરીની કઠોર લાદીઓ પર બેસવાની ફરજ પાડતા સમાજને કઠોર કહેવો કે નઠોર ?

એક કુશળ ઇજનેરની અદાથી લેખકશ્રીએ એજ્યુકેશન મશીનરીની ક્ષતિઓનો પર્દાફાશ કર્યો છે. શિક્ષણ પ્રક્રિયા જ કેટલી ખામી ભરેલી છે તે મુનિશ્રીએ ખૂબ ખૂબીપૂર્વક દર્શાવ્યું છે. અર્થસાધ્ય (ડ્યુઅલ મીનિંગ) શિક્ષણની અર્થહીનતા સાબિત કરવામાં મુનિશ્રી સર્વથા ઉત્તીર્ણ થયા છે (આજની પરીક્ષા પદ્ધતિની જેમ ૩૫% થી નહિ, ૧૦૦ ટકાથી).

ભારતીય વિદ્યાર્થીને અમેરિકા કે આફ્રિકાના ઇતિહાસ, ભૂગોળ શીખવવામાં આવે અને પોતાના જ રાષ્ટ્ર અને રાજ્યના ઇતિહાસ ભૂગોળ ન શીખવાય તે ન ચાલી શકે. ઇંગ્લેન્ડની આબોહવાનું જ્ઞાન તેને અપાય પણ તેના જ પ્રદેશની આબોહવાની તેને માહિતી ન અપાય તે ન ચાલી શકે. તે જ રીતે, ધર્મભૂમિ ભારતના પ્રજાજીવનમાં અણુએ અણુએ ધર્મ વણાયેલો છે, છતાં તે દેશના વિદ્યાર્થીને આખી શૈક્ષણિક કારકિર્દીમાં ધર્મના અઢી અક્ષર પણ ક્યાંય ભણવા ન મળે, ત્યારે તે શિક્ષણ કેટલું અવ્યવહારુ અને અનફિટ કહેવાય ! સોનોગ્રાફીના રિપોર્ટમાં જોવા મળતી આ વિષકણી તો સમાજને કેવો કેન્સરગ્રસ્ત બનાવી શકે !

ડાયગ્નોસિસ કરીને અટકી જાય તે સાચો ડૉક્ટર નહિ. મુનિશ્રી ઇલાજ પણ બતાવે છે. જો કે, શિક્ષણનો આખો ઢાંચો જ ખોટો છે, તે છતાં અનેક વ્યવહારુ ઉપાયો દર્શાવી મૂલ્યશિક્ષણની પ્રસ્થાપના માટે મુનિશ્રી સુંદર માર્ગદર્શન આપે છે.

મારા આત્મીય ગુરુબંધુ મુનિરાજશ્રી ઉદયવલ્લભવિજયજી, એક તેજસ્વી શ્રમણ છે. આજના સમાજની નાડને સારી રીતે પારખે છે. જૈન શાસ્ત્રોની નિપુણતાની સાથે વર્તમાન વિશ્વના પલટાતા પ્રવાહોને પણ તે સુપેરે જાણે છે. હિતકર શાસ્ત્રવચનોને, આજના માનવના વિવિધ દૂષણોની અસરકારક ઔષધિના સ્વરૂપમાં મૂકવાની તેમની હથોટી દાદ માંગી લે તેવી છે. માનસિક તાણથી પીડાતા માનવીને માટે સમાધિના સિરપ જેવું 'સુખનું સરનામું' આપ્યા પછી હવે મુનિશ્રી 'શિક્ષણની સોનોગ્રાફી' નું પ્રદાન કરે છે. મુનિશ્રીને ખાત્રી આપી શકું, આ 'પ્રદાન' ની 'અસર' ચોક્કસ થશે.

આ પુસ્તક શૈક્ષણિક પ્રતિક્રાન્તિનું રણશિંગુ બની રહે તેવી આશા અસ્થાને નથી.

—પંન્યાસ મુક્તિવલ્લભવિજય.

## ◆ ઋણ સ્વીકાર ◆

◆ 'સાદું જીવન-ઊંચું ચિંતન' જેમની ઓળખાણ હતી, તેવા દીક્ષાદાતા સ્વ. પૂજ્યપાદ વર્ધમાનતપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા

◆ જેમની નિરંતર કૃપાવૃષ્ટિનો અનુભવ કરી રહ્યો છું તેવા ગીતાર્થમૂર્ધન્ય ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયજયઘોષસૂરીશ્વરજી મહારાજા

◆ સહજાનંદી સ્વ. પૂ.આ. દેવ શ્રીમદ્ વિજયધર્મજિતસૂરીશ્વરજી મહારાજા

◆ સૂરીમન્ત્રૈકનિષ્ઠ પ્રેરણામૂર્તિ પૂ.આ.દેવ શ્રીમદ્ વિજયજયશેખરસૂરીશ્વરજી મહારાજા

◆ ભવોદધિતારક પરમોપકારી ગુરુદેવ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય જગવલ્લભસૂરીશ્વરજી મહારાજા

◆ જ્ઞાનદાન, પ્રેરણા અને પ્રોત્સાહન દ્વારા ઉપકારધારા વરસાવનારા અને જેમણે સાદ્યંત લખાણ તપાસી આપ્યું છે તે વિદ્વદ્વર્ય વિદ્યાગુરુ પૂ. અભયશેખરવિજયજી મહારાજા.

◆ કાયમના મારા ઉત્સાહસ્રોત આત્મીય કલ્યાણમિત્ર પૂ. મુનિરાજ શ્રી મુક્તિવલ્લભવિજયજી મ.સા.

◆ સત્ત્વ અને સ્નેહની જીવંત આકૃતિ સમા ગુરુદેવ (સંસારી પક્ષે પિતાશ્રી) પૂ. મુનિરાજ શ્રી મેઘવલ્લભવિજયજી મ.સા. અને સહકારસ્થાન (લઘુબંધુ) મુનિરાજ શ્રી હૃદયવલ્લભવિજયજી મ.સા.

◆ સહવર્તી તમામ મુનિ ભગવંતો

◆ જેમના સંસ્કારસિંચનના પ્રતાપે સંયમજીવન પ્રાપ્ત થયું તેવા ઉપકારી માતુશ્રી સાધ્વીજી શ્રી નિર્વાણપ્રભાશ્રીજી મ.સા.

◆ પ્રાધ્યાપક શ્રી જનકભાઇ જી.દવે તથા પ્રાધ્યાપક શ્રી હિંમતભાઈ વી. શાહ (રાજકોટ) નો અમૂલ્ય સહકાર પણ સ્મરણીય છે.

—મુનિ ઉદયવલ્લભવિજય

(વિ.સં. ૨૦૫૯)

## ◆ ફરિયાદ

માણસ, પશુ કરતાં ચડિયાતું પ્રાણી છે. તેની આ શ્રેષ્ઠતા તેની અનેક વિશેષતાઓને આભારી છે. માણસ પાસે રહેલી સંસ્કરણ કળા તેને મળેલું એક અનૂઠું વરદાન છે.

સ્નાન કરીને તે શરીરને સંસ્કારે છે.

માથું ઓળીને તે કેશને સંસ્કારે છે.

ધોઇને તે કપડાંને સંસ્કારે છે.

રાંધીને તે ભોજનને સંસ્કારે છે.

માણસ માટીને સંસ્કારે છે ત્યારે ઘડો આકાર લે છે.

માણસ પથ્થરને સંસ્કારે છે ત્યારે પ્રતિમા બને છે.

માણસ કાચા હીરાને સંસ્કારે છે ત્યારે ચમકતું રત્ન બને છે.

અને, તે બુદ્ધિને સંસ્કારે છે ત્યારે તે વિદ્યા બને છે.

પ્રત્યેક 'વરદાન'માં 'અભિશાપ' નીવડવાનું જોખમ રહેલું જ છે. માણસની આ સંસ્કરણકળા પણ તેમાં અપવાદ ન હોઇ શકે.

માણસને ભૂષિત કરવા માટે સર્જાયેલું શિક્ષણ સ્વયં દૂષિત હોય તો મહા અનર્થ સર્જાય.

પ્રદૂષિત હવા, પાણી અને ખોરાક કરતાં પ્રદૂષિત શિક્ષણ વધુ જોખમી છે.

વર્તમાનના પ્રદૂષિત શિક્ષણે સાંસ્કારિક પર્યાવરણને ખૂબ બગાડ્યું છે. તેથી જ માનવતાનો પ્રાણ આજે ડચકાં લઇ રહ્યો છે.

ઘણાની ફરિયાદ છે : માણસ ક્યારે સુધરશે ?

મારી ફરિયાદ છે : શિક્ષણ ક્યારે સુધરશે ?

આ ફરિયાદનો સૂર કાઢતા પરમપાવન શ્રીજિનાજ્ઞાવિરુદ્ધ કાંઇ પણ લખાયું હોય તો તેનું મિચ્છામિ દુક્કડં.

મુનિ ઉદયવલ્લભવિજય

વિ.સં. ૨૦૫૬, વિજયાદશમી, સાયન

# વિષય પૃષ્ઠાંક દર્શિકા


| ક્ર. | વિષય | પૃષ્ઠ ક્ર. |
|---|---|---|
| ૧. | ઊંડા અંધારેથી... | ૧ |
| ૨. | કેળવે તે કેળવણી | ૫ |
| ૩. | ભૂતિયા મહેલનો ઇતિહાસ | ૧૨ |
| ૪. | નબળા અભ્યાસનું સબળ કારણ | ૧૭ |
| ૫. | ભાષા નામે દર્પણ | ૨૪ |
| ૬. | શિક્ષણ કે શિક્ષા ? | ૩૪ |
| ૭. | પરીક્ષાની પરીક્ષા | ૪૦ |
| ૮. | પ્રક્રિયા અંગે પ્રતિક્રિયા | ૪૫ |
| ૯. | ઉપવનની દુર્ગંધ | ૫૨ |
| ૧૦. | વાંઝિયું વૃક્ષ | ૫૭ |
| ૧૧. | વિદ્યાલય કે વિત્તાલય ? | ૬૧ |
| ૧૨. | જ્ઞાન : વિનય અને વિનિયોગનું ફરજંદ | ૬૭ |
| ૧૩. | ધર્મનો ધબકાર ક્યાં છે ? | ૭૬ |
| ૧૪. | ખંડેરની મરામત | ૮૨ |
| ૧૫. | ઘર : એક સંસ્કારપીઠ | ૮૭ |
| ૧૬. | અભ્યર્થના | ૯૨ |

## ❑ ઊંડા અંધારેથી...

સહજાનંદી કોઇ સંત પાસે આવીને કોઇ જિજ્ઞાસુએ પ્રશ્ન કર્યો.

पुष्पं द्रष्ट्वा फलं द्रष्ट्वा, द्रष्ट्वा च यौवनं स्त्रियः ।
एतानि तीणि द्रष्ट्वापि, कस्य नो चलते मनः ?

ખીલેલું રંગબેરંગી પુષ્પ, પાકેલું રસભર ફળ અને સોહામણી કોઇ સ્ત્રીનું યૌવન, આ ત્રણને જોઇને કોઇનું મન ચલિત ન થાય તેવું બને ખરું ?

વળતા શ્લોકથી સંતે જવાબ આપ્યો.

पुष्पं द्रष्ट्वा फलं द्रष्ट्वा, द्रष्ट्वा च यौवनं स्त्रियः ।
ज्ञानयोगे समुत्पन्ने, न द्रष्टुश्चलते मनः ॥

સામે ખીલેલું ગુલાબ હોય, પાકેલી કેરી હોય કે રૂપાળી પદ્મિની હોય. જેણે જ્ઞાનયોગને સાધ્યો હોય તેવો જ્ઞાનયોગી આ ત્રણેને એકસાથે જુએ તો પણ તેનું મન ચલિત થતું નથી.

રાગ અને દ્વેષ બન્ને જીવની ચલિત અવસ્થાઓ છે. મનગમતા પદાર્થો મળતા માનવ આનંદિત બને છે અને અણગમતા પદાર્થો ભટકાઇ પડતા તે ખિન્ન બને છે. અનાદિ કાળની ઘડાયેલી પ્રાણીમાત્રની આ તાસીર છે. સુંવાળો સ્પર્શ, સોહામણું સૌંદર્ય, કર્ણપ્રિય શબ્દ, પ્રસરતી સુગંધ અને મનગમતો રસ પ્રાણીને આનંદ અર્પે છે. આથી વિપરીત વિષયો તેને ખિન્નતા ઉપજાવે છે.

વિશ્વહિતૈષી સર્વજ્ઞ તીર્થંકર દેવોએ કાળ અનાદિથી આત્માની પૂંઠે પડી ગયેલા આ રાગ અને દ્વેષના મૂળમાં 'અજ્ઞાન' હોવાનું કહીને સચોટ નિદાન કરી દેખાડ્યું છે. જડ માત્રમાં 'વિનાશિતા' (Mortality) છે અને જીવમાત્રમાં પૂર્ણતા (Absoluteness) છે. બન્ને વસ્તુ પ્રક્રિયા હેઠળ છે. આ ન જણાય ત્યાં સુધીના જ બધા તોફાનો છે.

પ્રક્રિયા હેઠળની 'વિનાશિતા' લલચાવનારી બની શકે અને પ્રક્રિયા હેઠળની 'પૂર્ણતા' અકળાવનારી બની શકે. **થાળીમાં રહેલું રસગુલ્લું સુંદર, સફેદ, સુગંધી, સ્વાદિષ્ટ અને સુકોમળ હોય છે. તેને જોવું ગમે, અડવું ગમે, સૂંઘવું ગમે, ચાવવું ગમે ને પેટમાં પધરાવવું ય ગમે. પણ તે પછીની તેની અવસ્થા જોવી ય ગમતી નથી. કારણ કે પ્રક્રિયા ત્યાં પૂરી થઇ ગઇ છે. વિનાશિતા જ્યાં સુધી પ્રક્રિયા હેઠળ હતી ત્યાં સુધી જ લલચાવી શકે.**

**ચૂલા પર બની રહેલી ચા ચાખો તો ચોક્કસ બેસ્વાદ લાગે, કારણ કે ચાની પૂર્ણતા 'અન્ડર પ્રોસીજર' છે. ચાને પૂર્ણતા પ્રાપ્ત થતાં જ પછી તે અકળાવતી નથી. આકર્ષે છે. દૂધમાં મેળવણ નાંખ્યા પછી થોડી જ વારમાં ફોદા ફોદા ને ખાટી ગંધ વર્તાય છે, જે વિચિત્ર લાગે. કારણ કે ત્યાં દહીં પ્રક્રિયા હેઠળ છે. પ્રક્રિયા પૂરી થતા જ ઠંડક અને મીઠો સ્વાદ આપતું દહીં, સ્લાઇસ કરવા હાથને લલચાવે છે. કારણ કે દહીંને પૂર્ણતા મળી ચૂકી છે.**

**રાગ કે દ્વેષ ત્યાં સુધી જ થઇ શકે જ્યાં સુધી વસ્તુની વિનાશિતા કે પૂર્ણતા પ્રક્રિયા હેઠળ હોય. જડમાં રહેલી વિનાશિતાનું ભાન જેને થયું હોય તેને કોઇ ચીજ લલચાવી શકતી નથી. કારણ કે તેવા જ્ઞાનયોગીને મિઠાઇમાં મળનાં, પીણાંમાં પેશાબનાં અને પર્ફ્યુમ્સમાં પરસેવાના દર્શન થશે. તેને મકાનમાં ખંડિયેર દેખાશે, કાગળમાં પસ્તી દેખાશે, ફર્નિચરમાં ભંગાર દેખાશે, શર્ટમાં મસોતું દેખાશે; વૃક્ષમાં ઠૂંઠું દેખાશે ને કમ્પ્યુટરમાં કાટમાળ દેખાશે. તે શરીરમાં શબ જોઇ શકે ને કોઇ રૂપયૌવનામાં ઘરડી ડોકરી કે રાખની ઢગલી ય જોઇ શકે.**

**જ્ઞાનયોગના વેધક ટેલિસ્કોપ મારફત તે 'દૂરનું' પણ જોઇ શકે છે. કોઇ માણસ હેરાનગતિ કરે, કનડે, પીડે કે પ્રતિકૂળ વર્તે ત્યારે તેની પ્રક્રિયા હેઠળની પૂર્ણતાને જ્ઞાનયોગની લેન્સ થકી જોઇ શકનારો અકળાતો કે સામો થતો નથી. ચાલતા શીખતું બાળક પોતાના પર પડે તો ય માતા અકળાતી નથી કારણ કે તેની નજર, દોડી દોડીને હોંશે હોંશે તેનું કામ કરી આપનારા તેના 'લાલ' પર હોય છે.**

**સ્ફટિક જેવો નિર્મળ નિષ્કર્ષ એ થયો કે, વસ્તુની વિનાશિતા કે વ્યક્તિની** *પૂર્ણતા જણાઇ ન હોય ત્યારે જ રાગ અને દ્વેષના અંકુરો ફૂટે છે. રાગ અને*

દ્વેષના બદ્ધમૂલ વડલાઓનાં મૂળિયાં અજ્ઞાનની ધરતીમાં હોવાનું જણાવીને તીર્થંકરદેવોએ કમાલ કરી છે.

વસ્તુ અને વ્યક્તિના મૂળભૂત સ્વરૂપથી અજાણ રહીને કોઇ રાગ કે દ્વેષ આચરે તો તેને કર્મબંધ અવશ્ય થાય. અને તે કર્મનો ઉદય થતાં, વિપાકોને વેઠવા તૈયાર રહેવું જ પડે.

આમ, દુઃખનું મૂળ કર્મ,

કર્મનું મૂળ રાગ-દ્વેષ અને

રાગ-દ્વેષનું મૂળ અજ્ઞાન.

એટલે દુઃખના વૈરીએ હકીકતમાં તો અજ્ઞાનના વૈરી બનવું પડે. 'વસ્તુની વિનાશિતા અને વ્યક્તિની પૂર્ણતાનો મને ખ્યાલ નહોતો.' એમ કહીને પોતાની અજ્ઞાનતાને કોઇ બચાવનામા તરીકે રજૂ કરે તો તે માન્ય બનતું નથી. જ્યાં રહેવું અને જેની સાથે રહેવું તેના અંગેની પાકી જાણકારી રાખવી તે રહેનારની પ્રાથમિક ફરજ કહેવાય. આધ્યાત્મિક જગતની આ વાત વ્યાવહારિક દષ્ટિએ પણ તેટલી જ સચોટ છે.

મુંબઇમાં નવી મોટર લઇને નીકળેલા કોઇ મહાશયે વનવે સ્ટ્રીટમાં પ્રવેશ કરી દીધો. થોડું આગળ જતાં તેને પોલિસે રોક્યો અને દંડ્યો ત્યારે તે મહાશયે બચાવનામું રજુ કરતાં કહ્યું કે 'હું મૂળ તો બેંગ્લોરનો વતની છું. મુંબઈમાં પહેલી જ વાર ગાડી ચલાવી રહ્યો છું. આ રસ્તો વન-વે હશે તેની મને ખબર નહોતી માટે અજાણતાં ભૂલ થઇ ગઇ.'

પોલિસે કહ્યું 'મુંબઇમાં ગાડી ચલાવનારાએ મુંબઇના રસ્તાઓ અને ટ્રાફિક રૂલ્સ અંગેની જાણકારી રાખવી પડે. તમે અજાણ હો તેથી તમે નિર્દોષ ન હોઇ શકો' છેવટે તેણે ભૂલ સ્વીકાર સાથે દંડસ્વીકાર પણ કરવો પડ્યો ને ફાઇન ભરવો પડ્યો.

કોઇ યુરોપિયન માણસ મક્કાની મુલાકાતે ગયો. ત્યાં તેને કોઇ યુરોપિયન લેડી મળતાં તેણે તેની સાથે હસ્તધૂનન કર્યું. યુરોપિયન કલ્ચરનો આ સ્વાભાવિક શિષ્ટાચાર હતો. પરંતુ મક્કામાં સ્ત્રી પુરુષના જાહેર હસ્તધૂનન પર પ્રતિબંધ હોવાથી

તે બન્ને યુરોપિયનો સામે ગુનો દાખલ કરાયો. મક્કાના કાયદાનું જ્ઞાન ન હોવાનું તે બન્નેએ જણાવ્યું છતાં તેમનું અજ્ઞાન એ તેમનો, બચાવ ન બની શક્યું. તેમને સજા ફરમાવતી વખતે જજસાહેબે કહેલું એક મજાનું વાક્યઃ 'Ignorance of law is not an excuse'.

અજ્ઞાનને અંધકાર ગણાવામાં આવ્યો છે. અંધકારમાં માણસ મૂંઝાય, અટવાય, અથડાય, પટકાય અને દંડાય. કોઇ અંધને કૂવો ન દેખાય તેટલા માત્રથી કૂવો તેની દયા ન ખાય.

કોઇ નાદાન બાળક અજાણતા ઝેર પી જાય તો શું તે મરે નહીં ? ઝાડ પર લટકતા સાપને કોઇ વડવાઇ માનીને પકડે તો સાપ તેની સાથે કોમ્પ્રોમાઇસ કરતો નથી. બસનું પાટિયું વાંચી ન શકવાથી કોઇ નિરક્ષર માણસ સુરતની બસ સમજીને પૂનાની બસમાં ચડે તો તે પૂના જ પહોંચે. જ્ઞાન નથી તો દંડાવા તૈયાર રહેવું જ પડે અને માટે જ આ વિશ્વ ઉપર હંમેશા જ્ઞાન અને જ્ઞાનીનો મહિમા રહ્યો છે.

રસ્તા પર હોય ત્યારે રસ્તા અંગેનું, બજારમાં હોય ત્યારે વેપાર અંગેનું, ઘરમાં હોય ત્યારે પરિવાર અંગેનું જ્ઞાન હોવું જોઇએ. રમતી વખતે રમત અંગેનું, જમતી વખતે આરોગ્ય અંગેનું, સૂતી વખતે આરામ અંગેનું જ્ઞાન જોઇએ. જે બાબતમાં અજાણ રહીને પ્રવૃત્તિ કરવા ગયા ત્યાં દંડાવાની તૈયારી રાખવી પડે.

અક્ષરજ્ઞાન ન હોય તો માણસ વાંચી ન શકે, લખી ન શકે. અંકજ્ઞાન ન હોય તો માણસ ગણી ન શકે, ગુણી ન શકે, કે માપી ન શકે. ભાષાજ્ઞાન ન હોય તો માણસ બધાની સાથે હોવા છતાં જાણે બધાથી વિખૂટો પડી જાય. ન બોલી શકે, ન બોલાવી શકે, ન સમજી કે ન સમજાવી શકે.

જીવનવ્યવહારમાં આ રીતે વ્યાવહારિક જ્ઞાન પણ જરૂરી બને છે તે નિર્વિવાદ બાબત છે. પણ તે જ્ઞાન કેવું હોવું જોઇએ ?

અંદર અને બહારનાં અંધકારમાંથી પરમતેજ તરફ લઇ જાય તેવું.

● ● ●

# ❑ કેળવે તે કેળવણી

ઉજળા ભવિષ્યની તૈયારી કરનારા માટે એક સરળ, સરસ અને સચોટ વાક્ય લખાયું છે.

If you are planning for a year, sow rice.
If you are planning for a decade, plant a tree.
If you are planning for a century, educate a person.

સૈકાઓની તૈયારી કરવા માટે શિક્ષણ આપવાની વાતમાં શિક્ષણની મહત્તા અને લાંબાગાળા સુધીની અસરકારકતાનું બયાન થયું છે. પણ અહીં યક્ષપ્રશ્ન એ ઊભો થાય છે કે અહીં શિક્ષણ કેવું સમજવું ? યક્ષપ્રશ્ન એટલે જેનો જવાબ આપતા ન આવડે તો મરવું પડે.

વનવાસ દરમ્યાન તળાવના કિનારે પાંડવોને યક્ષે પ્રશ્ન પૂછેલો. તેનો જવાબ માત્ર યુધિષ્ઠિરને જ આવડ્યો હતો. શેષ ચારે ય પાંડવોને ઢળી જવું પડેલું. શિક્ષણના સ્વરૂપનો પ્રશ્ન આજે ખરા અર્થમાં યક્ષપ્રશ્ન બન્યો છે. તેનો યોગ્ય જવાબ નહીં અપાય તો પેઢીઓની પેઢીઓએ સૂઇ જવું પડશે.

આજે શિક્ષણ એટલે માત્ર માહિતીઓનું પ્રદાન. થોકબંધ માહિતીઓનું પ્રદાન. ઢગલાબંધ હકીકતોનું પ્રદાન. જથ્થાબંધ તથ્યોનું પ્રદાન. જેટલું પ્રદાન વધુ તેટલું શિક્ષણ ઊંચું. શિક્ષણની પરિભાષા અંગેની આ પાયાની ભૂલ રહી જવાના કારણે આજે શિક્ષણનું આખું ય માળખું બદલવાની જરૂર ઊભી થઇ છે.

શિક્ષણનો સંબંધ પ્રદાન સાથે નથી, અસર સાથે છે. શિક્ષણ શબ્દનું મૂળ શિક્ષ્ ધાતુમાં છે (शिक्ष्=To learn) શિક્ષણ એટલે શીખવું, તૈયાર થવું, ઘડાવું. જ્યાં માહિતી આપવાની મુખ્યતા હોય અને ઘડતર જ્યાં ગૌણ હોય તેને શિક્ષાવૃત્તિ કહેવા કરતાં ભિક્ષાવૃત્તિ કહેવાનું વધુ પસંદ કરીશ.

ભોજનપ્રક્રિયાનો મૂળભૂત ઉદ્દેશ દેહધારણ છે, ઉદરપૂર્ત્તિ નહીં. પેટ તો ઝેરી લાડવાથી ય ભરી શકાય, પણ દેહધારણ ઘોંચમાં પડે માટે તે વર્જ્ય ગણાય છે. પર્વતારોહણ કરનારાઓ દિવસો સુધી કેપ્સ્યુલ્સના આધારે ચડતા રહે છે. ત્યાં ઉદરપૂર્તિ ન થતી હોવા છતાં દેહધારણ થયા કરે છે. ઉદરપૂર્તિનો સંબંધ પ્રદાન સાથે છે, દેહધારણ એ 'અસર' સાથે સંલગ્ન બાબત છે.

આના પરથી જાણી શકાય છે કે ભોજનક્રિયામાં 'પ્રદાન' કરતા 'અસર' મુખ્ય છે. દેહધારણ સામે બાધા સર્જનારા ઊંચા અને સ્વાદિષ્ટ દ્રવ્યોથી ઉદરપૂર્તિ થઇ શકતી હોવા છતાં તે ત્યાજ્ય બને છે. અજાણપણામાં પણ કોઇ વિપરીત દ્રવ્યનું પ્રદાન પેટને થઇ જાય તો તેની અસરને નાબૂદ કરવા માટે વમન કે વિરેચનના ઉપાયોની અજમાયશ થાય છે. છેવટે તેની સામેનું કોઇ મારણ આપીને પણ તે વિપરીત દ્રવ્યની અસરને મોળી તો પડાય જ છે.

રોગો ત્યારે આકાર પામે છે જ્યારે પેટ અને ભોજન વચ્ચેના સંબંધમાં 'પ્રદાન'ને જ મહત્ત્વ મળે છે. આરોગ્યની જાળવણી 'અસર' સાથે સંબંધિત છે અને માટે તો अजीर्णे भोजनत्यागः ના સૂત્રથી અજીર્ણ થતા ભોજનના અપ્રદાન ને ઔષધ તરીકે ગણાયું છે.

બુદ્ધિ અને માહિતીઓ વચ્ચે જો આ સમીકરણ સાધી શકાય તો શિક્ષણનો પુનર્જન્મ થયો ગણાશે. માહિતીઓનું પ્રદાન થવાથી ગમારને ગ્રેજ્યુએટ બનાવી શકાય. આ પ્રદાનને કોઇ જો 'અસર' માનતું હોય તો તે દ્રવ્યાત્મક અસર છે. પુસ્તકો ભરવાથી તો ખાલી કબાટનું ય વજન વધારી શકાય. પણ અહીં ગુણાત્મક કે ભાવાત્મક અસરની વાત પ્રસ્તુત છે.

કોઇ હજામને પારસમણિ મળી ગયો. તેણે બધા અસ્ત્રા સોનાના બનાવી દીધા અને પોતાના સલૂનની બહારના પાટિયા પર સ્પેશ્યલ નોટિસ મૂકી. 'અહીં સોનાના અસ્ત્રાથી હજામત કરાશે. ભાવ રૂા.૫૦૦.' ગણાવી જ હોય તો આને પણ અસર ગણી શકાય ખરી. પણ આ દ્રવ્યાત્મક અસર થઇ. સલૂન અને હજામત બંધ થાય અને ધંધાની સમૂળગી લાઇન બદલાય તેને ભાવાત્મક કે ગુણાત્મક અસર કહેવાય. શિક્ષણ દ્વારા આવી ભાવાત્મક કે ગુણાત્મક અસર થવી જોઇએ.

જૈનોના પરમપવિત્ર આગમગ્રન્થ શ્રીકલ્પસૂત્રમાં ભગવાન મહાવીર

સ્વામીના પિતા રાજા સિદ્ધાર્થના રાજવૈભવનું વર્ણન કરાયું છે. રાજાના શરીરે થતાં તેલમર્દનની વાત તેમાં આવે છે. તેલમર્દકો શતપાક, સહસ્રપાક, લક્ષપાક તેલ દ્વારા તેમના શરીરે માલિશ કરતા. (એકસો ઉકાળાવાળું તેલ એટલે શતપાક તેલ, તે રીતે હજાર ઉકાળાવાળું તેલ એટલે સહસ્રપાક તેલ અને લાખ ઉકાળાવાળું તેલ એટલે લક્ષપાક તેલ.) ત્યાં જણાવાયું છે કે મર્દકો એવા હોંશિયાર હતા કે શરીરના છિદ્રો દ્વારા અંદર ઊતરેલાં તેલને પાછું બીજા છિદ્રો વાટે બહાર કાઢી લેતા. તેલ જો અંદર જ રહી જાય તો અજીર્ણ થવાની સંભાવના રહે. એટલે તેલ પરત બહાર નીકળી જાય અને માત્ર સ્નિગ્ધતા જળવાઇ રહે, તેનું નામ માલિશ.

શરીર ચીકણું થાય એ જ માત્ર માલિશ નથી. તે તો તેલના લપેડા કરવાથી ય થઇ શકે છે. માલિશનો સંબંધ તેલના પ્રદાન સાથે નથી, તેલથી થનારી અસર સાથે છે. શિક્ષણને આવા તેલમર્દન સાથે સરખાવી શકાય, જે બુદ્ધિનો માત્ર ભાર કે વજન ન વધારે પણ બુદ્ધિનો સંસ્કાર કરે. આને કહેવાય 'અસર'.

શિક્ષણની બી. એફ. સ્કિનરે આવી જ વ્યાખ્યા કરી છે : Education is what survives, when what has been learnt is forgotten. ભણેલું ભૂલાઇ ગયા પછી જે બચે તેનું નામ શિક્ષણ. તેલને બહાર કાઢી લઇને અંદર સ્નિગ્ધતા જાળવી રાખવાનું ડહાપણ અહીં છતું થાય છે.

દ્રોણાચાર્ય જ્યારે વિદ્યાર્થીઓને ભણાવી રહ્યા હતા, ત્યારે બધાને એક પાઠ કરી લાવવા કહેલું. क्षमां कुरु (તું ક્ષમા કર) એવી પંક્તિથી પાઠ પૂરો થતો હતો. તેમાં બીજે દિવસે બધાનો પાઠ લેવાયો. બધા વિદ્યાર્થીઓ પાઠ કડકડાટ બોલી ગયા પણ યુધિષ્ઠિરે પાઠ ન આવડતો હોવાનું કહ્યું. પછીના દિવસે પણ પાઠ પાકો ન થયો હોવાનું જ્યારે યુધિષ્ઠિરે જણાવ્યું, ત્યારે દ્રોણાચાર્યે પોતાના આંગળાની છાપ યુધિષ્ઠિરના ગોરા ગાલ ઉપર ઉપસાવી દીધી. તે જ ક્ષણે હર્ષાન્વિત થયેલા યુધિષ્ઠિર નાચવા લાગ્યા. 'પાઠ આવડી ગયો ગુરુજી ! બરાબર પાકો કર્યો છે, અજમાવી પણ જોયો છે, હવે નહીં ભૂલાય.' યુધિષ્ઠિર ગુણાત્મક અસર લાવે તેને 'પાઠ આવડ્યો' એમ કહેતા હતા. કદાચ આનું જ પરિણામ હશે કે ડાયનેમિક દ્રોપદી સામે પણ યુધિષ્ઠિર કાયમ સ્ટેટિક રહી શક્યા.

આજે વિદ્યાર્થીઓ સામે પાઠ 'ચલાવાય' છે, શીખવાતો નથી. પાઠ ચાલે છે પણ વિદ્યાર્થીનું સ્તર આગળ ચાલતું નથી. ઘણીવાર કહીએ છીએ,'ભણ્યો છે પણ ગણ્યો નથી.' પરિપક્વતા કે ગણતરની વાત આવે ત્યારે 'કેળવણી' શબ્દ ઝટ યાદ આવે. લોટના પિંડને કેળવવામાં આવે ત્યારે રોટલી તૈયાર થાય. માટીના પિંડને કેળવવામાં આવે ત્યારે ઘડો તૈયાર થાય. પથ્થરના ટુકડાને કેળવવામાં (કોતરવામાં) આવે ત્યારે શિલ્પ ઘડાય છે.

ટોલ્સ્ટોયને કોઇએ લોખંડનો ટુકડો બતાવીને પૂછેલું કે આની કિંમત કેટલી ? ટોલ્સ્ટોયે માર્મિક જવાબ આપેલો,'તમે કઇ રીતે કેળવો છો તેના પર તે નક્કી થાય. આમ ને આમ તો આના આઠ આના ઉપજે. નાની નાની સોય બનાવો તો થોડું વધારે ઉપજે. ઘડિયાળના ઝીણા સ્પેરપાર્ટ્સ બનાવો તો ઘણું વધારે ઉપજે. ઇટ ડિપેન્ડ્સ હાઉ યુ કલ્ટિવેટ ઇટ.'

ભણાવું કે ભણાવવું કરતાં કેળવવું શબ્દ, અર્થમાં જુદો પડે છે. તેથી ભણતર અને કેળવણી બે જુદી બાબતો છે. આજની કેળવણી સંસ્થાઓ માત્ર ભણતરની સંસ્થાઓ બની રહે છે. વિદ્યાર્થીનું ચારિત્ર્ય અને વ્યક્તિત્વનું ઘડતર કરે તે ખરી કેળવણી. પંદર વર્ષનો અભ્યાસકાળ પસાર કરીને બહાર પડનારો વિદ્યાર્થી પણ ઘણીવાર કેળવણી વગરનો હોય છે. કોરું ભણતર એટલે પ્રદાન. કેળવણીના ગર્ભમાં અસર સમાયેલી છે.

લગભગ ચોવીસ સૈકા પૂર્વેની એક ગજબની ઘટના જૈન ગ્રન્થોમાં નોંધાયેલી છે. પૂર્વ ભારતના પ્રદેશમાં જૈનાચાર્ય ભદ્રબાહુસ્વામીજી પાંચસો શ્રમણોને દષ્ટિવાદ સૂત્રની વાચના આપી રહ્યા હતા. આ વિષય ભણાવો એટલે વાળની છાલ છોલવા કરતા ય અઘરી બાબત હતી. ભલભલા હાંફી જાય તેવો વિષય ભણનારા શ્રમણો થાકીને ખસવા માંડ્યા. એક દિવસ એવો આવ્યો કે એકમાત્ર નરબંકા શ્રીસ્થૂલિભદ્ર નામના શ્રમણ જ ટક્યા, શેષ બધા બાકાત થયા. રોજની સાત સાત વાચના મળતી હોવા છતાં સ્થૂલિભદ્રજી અતૃપ્ત રહેતા હતા. એવી તો તેમની પ્રતિભા અને જ્ઞાનપિપાસા હતી.

એકદા સ્થૂલિભદ્રની દીક્ષિત થયેલી સાત બહેનો, નામે યક્ષા, યક્ષદિન્ના, ભૂતા, ભૂતદિન્ના, સેણા, વેણા અને રેણા પોતાના ભાઇ મુનિને વંદન

કરવા આવી. આ સાતે ય બહેનો પણ તીવ્ર મેધાવી હતી. મોટી બહેન એકપાઠી હતી. (એટલે એકવાર ગ્રહણ કરેલું કાયમ યાદ રહી જાય). બીજી બહેન દ્વિપાઠી હતી, ત્રીજી બહેન ત્રિપાઠી... એમ સૌથી નાની બહેન સપ્તપાઠી હતી.

વિદૂષી બહેન સાધ્વીજીઓને પોતાની અસાધારણ પ્રતિભા અને મેળવેલી ગજબની શક્તિઓનો પરિચય કરાવવાનું મુનિને મન થયું. સાતે ય આર્યાઓ અંદર વંદન કરવા ગઇ ત્યારે ઓરડામાં એક વિકરાળ સિંહ પાટ ઉપર બેઠો હતો. સિંહને જોતાં જ ચીસો પાડતી આર્યાઓ બહાર દોડી આવી. ભદ્રબાહુસ્વામિજીને વાતની ખબર પડી. બધો ખ્યાલ આવી ગયો. કહ્યું કે,'અંદર જાવ, હવે તમારા ભાઇ મુનિ ત્યાં જ હશે.' શ્રમણીઓ અંદર જઇને જુએ છે કે પાટ પર પોતાના ભાઇ મુનિ મૂછમાં મરક મરક હસતા બેઠા છે. વંદન કરી, વિસ્મયભાવ સાથે બહાર નીકળતાં દરેકના મોંમાં શબ્દો હતા. 'કહેવું પડે. ભાઇએ ગજબની સિદ્ધિઓ મેળવી છે !'

બપોરની વાચનાનો સમય થતાં રોજના ક્રમ મુજબ સ્થૂલિભદ્રજી વાચના લેવા પહોંચ્યા. ગુરુજીને વંદન કરીને બેઠા કે ત્યાં જ આચાર્યશ્રીએ કહી દીધું, ''બસ, મુનિવર ! ઘણું ભણાઇ ગયું. હવે જે ભણ્યા છો તેટલું પચાવો તો ઘણું છે. ગઇ કાલે છેલ્લી વાચના થઇ ગઇ. આજથી વાચના બંધ થાય છે.''

પોતાના જ્ઞાનનું અજીર્ણ કેવા ગંદા ઓડકાર રૂપે પ્રગટ થયું તેનો ખ્યાલ આવતાં જ આત્માર્થી મુનિને ઘણો આઘાત લાગ્યો. ભૂલનો પારાવાર પસ્તાવો અશ્રુનો ધોધ બનીને વહેવા લાગ્યો. ગુરુજીના ચરણનું અશ્રુઓથી પ્રક્ષાલન કરતાં મુનિ ખૂબ કરગર્યા પણ પાત્રશિક્ષાના હિમાયતી ગુરુ અડગ રહ્યા. દષ્ટિવાદ સૂત્રમાં સમાવેશ પામતાં ચૌદ પૂર્વમાંથી દશ પૂર્વનું જ્ઞાન અર્થ સાથે મેળવી ચૂકેલા મુનિ રડતી આંખે સ્થિર ઊભા રહ્યા.

સંઘના અગ્રણીઓને આ વાતની જાણ થતા તેમણે પણ ગુરુજીને વિનંતી કરી જોઇ પણ ગુરુજીનો જવાબ સ્પષ્ટ હતો. 'જ્ઞાન બોધદાયક બનવું જોઇએ, જોખમકારક નહીં.' હવે આગળના ચાર પૂર્વ શીખવવા હું લાચાર છું.' 'પણ ગુરુદેવ ! તો આ ચાર પૂર્વના જ્ઞાનનો કાયમ માટે વિચ્છેદ જશે, કારણ કે આપના સિવાય પૂરા ચૌદ પૂર્વનું જ્ઞાન બીજા કોઇ પાસે નથી.' સંઘે કહ્યું.

તેમ છતાં ગુરુજી ટસના મસ ન થયા. છેવટે સંઘની વિનંતી અને મુનિનો પસ્તાવો જોતાં ગુરુજીએ છેલ્લા ચાર પૂર્વનો સૂત્રપાઠ આપી દીધો પણ તેના એદમ્પર્ય સુધીના અર્થો તો ન જ જણાવ્યા. છેલ્લા ચૌદપૂર્વધર મહર્ષિ ભદ્રબાહુસ્વામી જ રહ્યા. સ્થૂલિભદ્રજી દશપૂર્વી કહેવાયા. માત્ર સૂત્રથી જ ચૌદપૂર્વી બની શક્યા. 'અસર' માં જોખમ દેખાય તો પ્રદાનને સ્થગિત કરી દેનારા જૈનાચાર્યના શિક્ષકપણાંને ક્રોડો વંદન.

પ્રાચીન ધર્મગ્રન્થોના પ્રારંભમાં જ તે ગ્રન્થના અધિકારી પાત્રવર્ગને પણ જણાવી દેવામાં આવતો. પાત્રશિક્ષાનો આ કોન્સેપ્ટ વર્તમાન હાઇટેક શિક્ષણપ્રણાલિમાં અત્યંત અનિવાર્ય છે પણ સારી પદ્ધતિને ગ્રહણ કરે તો વર્તમાન શિક્ષણ શાનું ?

ખેડૂત પણ ભૂમિની પાત્રતા જોઇને બીજનું વાવેતર કરે છે. ક્યાંક કપાસ તો ક્યાંક શેરડી, ક્યાંક જુવાર-બાજરો તો ઉખર ભૂમિમાં કશું નહીં. પૂર્વના રાજા મહારાજાઓ કુમારોની પરીક્ષા કરીને સત્તાની સોંપણી કરતા હતા. સત્તાતંત્ર કે વિદ્યામંત્ર, અપાત્રને ક્યારેય ન અપાય. પ્રદાનનું પરિણામ (અસર) પાત્ર ઉપર આધારિત છે, માટે જ તો સિંહણનું દૂધ સ્વર્ણપાત્રમાં જ ટકે. બીજી ધાતુને તે તોડી નાંખે. વરસાદનું પાણી સમુદ્રમાં પડતા ખારું જળ બને. છીપમાં પડે તો મોતી બની શકે. ગાયને ખવડાવેલું ઘાસ પણ દૂધમાં રૂપાંતર પામે છે, સાપને પીવડાવેલું દૂધ પણ વિષ બને છે.

આજે સર્વત્ર પ્રદાનને જ મહત્ત્વ આપવામાં આવે છે પણ તેની અસર અંગે ચિંતા સેવાતી નથી. વિજ્ઞાનના આવિષ્કારે આજે માહિતીઓના પ્રદાનને હરણફાળ આપી છે. પણ અસરના પ્રકારો અંગે ચિંતા સેવી નથી.

અણુમાં પડેલી તાકાતને વિજ્ઞાને પ્રગટ કરી દીધી. અણુબોંબ સર્જાયા. પણ તેની અસર ? વિશ્વને સતત ભયના ઓથાર નીચે જીવતું કરી દીધું.

ધરતીનાં પેટાળમાં શું છે ? ક્યાં છે ? કેટલું છે ? વિજ્ઞાને શોધી કાઢ્યું. પછી તેની અસર ? ધરતીનાં પેટાળને ખોદી ખોદીને તેને બોદું કરી નાંખવામાં આવ્યું.

જમીન નીચે ક્યાં અને કેટલે ઊંડે કેટલું પાણી છે ? તેને વગર મહેનતે

કઇ રીતે ઉપર લાવી શકાય ? તે વિજ્ઞાને શોધી કાઢ્યું. પછી તેની અસર ? પીવાના પાણીના મુદ્દે યુદ્ધો ફાટી નીકળે તેવી તીવ્ર કટોકટી ઊભી થઇ.

ખનિજોના વિવિધ ઉપયોગો રજૂ થયા. પછી તેની અસર ? પર્યાવરણ-શાસ્ત્રીઓને પૂછો.

પેટમાં બાળક છે... કે બાળકી ? તેની આગોતરી જાણકારી અપાવતા સાધનો ઉપલબ્ધ થયા. તેની અસર જગજાહેર છે.

દરિયાના કયા ભાગમાં માછલા ચિક્કાર છે તેની ભાળ મળવા માંડી અને મચ્છીમારી દ્વારા દરિયાને વાંઝિયો બનાવવાની પ્રક્રિયા આરંભાઇ ગઇ.

હજારો માઇલ દૂર શું થઇ રહ્યું છે ? તેનું જીવંત પ્રસારણ દિવાનખાના સુધી કરી આપતી સેટેલાઇટ શક્તિ સક્રિય થઇ. પરિણામે, માણસના ખોળિયે રાક્ષસો પાકતા ગયા. હિંસા અને દુરાચારે માઝા મૂકી દીધી.

લોખંડનાં સાધનોના જોડાણની તાકાતનો પરિચય વિજ્ઞાને કરાવ્યો. યંત્રો બન્યા અને માણસ યંત્રવત્ જડ બનતો ગયો. ઉત્પાદન વધતું ગયું, માલનું અને બેકારીનું.

પ્રદાન અંગે વિજ્ઞાને ઘણું કરી દેખાડ્યું છે પણ અસર અંગે તેનું મોં નીચું છે. પ્રદાન મુખ્ય બને ને અસર ગૌણ બને ત્યારે શિક્ષણ શૂન્યતા સર્જે છે.

ઇન્ટરનેટ અને સાયબર ટેક્નોલોજીએ ટીનએજર્સને ઘણું બધું કરતા કરી મૂક્યા છે. 'પ્રદાન' ની ઉત્તેજનાએ 'અસર' કેવી ઉપજાવી છે તે હવે અંધજન પ્રત્યક્ષ છે. શિક્ષણની આ વર્તમાન વ્યવસ્થાનું શીર્ષાસન નહીં થાય તો આવનારા દાયકામાં સમગ્ર સમાજવ્યવસ્થાનું શીર્ષાસન થઇ ગયું હશે અને ત્યારે સમાજનું સ્વરૂપ અત્યંત જુગુપ્સાપાત્ર બન્યા વગર રહેશે નહીં.

આ ઓછું હોય તેમ હજી તો બાળવયને અનુચિત એવા વિષયોનું શિક્ષણ આપવાની હિમાયત થઇ રહી છે. રિએક્શન આવ્યા પછી પણ તે જ દવાના ડોઝ વધારે રાખે તેવા ચિકિત્સકને આપણ શું કહીશું ?

● ● ●

## ❑ ભૂતિયા મહેલનો ઇતિહાસ

વર્તમાનમાં ચાલતું શિક્ષણ ઇમ્પોર્ટેડ છે. તેનું માધ્યમ હોય કે તેના વિષયો, તેના ઉદ્દેશો હોય કે તેનું પરિણામ, બધું જ ઇમ્પોર્ટેડ. રોગ થાય ત્યારે તંદુરસ્તીનું ચિંતન કરવાની મજા પડે. માટે, જેનાં દર્શન પણ અત્યારે દુર્લભ છે તેવી શિક્ષણની મૂળ પરંપરાનું જરાક સ્મરણ તો કરી લઇએ.

તપોવન કે આશ્રમની પ્રાચીન શિક્ષાપદ્ધતિ એક આદર્શ શિક્ષાપદ્ધતિ હતી. સાંદીપની ઋષિના આશ્રમમાં કૃષ્ણ અને સુદામાએ શિક્ષણ મેળવ્યું હતું. વસિષ્ઠ અને વિશ્વામિત્ર ઋષિના વિદ્યાશ્રમો પણ શાસ્ત્રપ્રસિદ્ધ છે. તે જ પ્રણાલીના વિકસિત મોડેલો એટલે નાલંદા, તક્ષશિલા જેવી વિદ્યાપીઠો. પ્રાચીન શિક્ષા પ્રણાલીના મુખ્ય ત્રણ પાયા હતા.

૧. ગુરુસેવા,

૨. ગુરુકૃપા,

૩. ગુરુગમ.

ગુરુની સેવા એ જ્ઞાનસાધનાનું એક મહત્ત્વનું પાસું હતું. શિષ્યની સેવાથી પ્રસન્ન થયેલા ગુરુ, શિષ્ય પર વરસી પડે. ગુરુકૃપાનો મેહુલો શિષ્યના જ્ઞાનકોષોને ખુલ્લા કરી દે. શિષ્યમાં એક અનોખી સજ્જતાનું સર્જન થાય. પણ, પ્રતિભા ગમે તેટલી ખીલે તો ય ભણવાનું તો ગુરુગમથી જ. ગુરુગમ એટલે ગુરુના સહારે. ઇન્ટરનેટ પર દુનિયાભરની વેબસાઇટ્સ ખોલીને મગજના ગોડાઉનમાં થોકબંધ માહિતીઓને ખડકી દેતા સાયબર યુગના સ્ટૂડન્ટને ગુરુગમનો મહિમા નહિ સમજાય. ગુરુગમ એટલે એવી ચાવી, જે શબ્દોના પેટાળમાં રહેલા રહસ્યભંડારોનાં તાળાં ખોલી, વિપુલ રહસ્ય - ખજાનો છતો કરે.

આપણી શ્રુતસાધનાની પવિત્ર પ્રણાલીના ત્રણ માઇલસ્ટોન ગણી

શકાય. વિનય, વિવેક અને વિદ્વત્તા. વિનયને મૂળનું સ્ટેટસ મળ્યું છે. વિનય દ્વારા ગુરુકૃપા મળે, વિનય દ્વારા પ્રતિભા ખીલે, વિનયથી જ્ઞાનનો ક્ષયોપશમ વધે, વિનયથી પાત્રતા વિકસે. તેથી વિનયને વિદ્યાનું મૂળ કહ્યું છે.

ડાળ એ વૃક્ષની શોભા છે. ડાળ વગરનું વૃક્ષ બૂઠું છે. વિવેક વગરની વિદ્યાનું પણ એવું જ. વિવેક એ વિદ્યાનું આભૂષણ છે. આગળ વધીને કહી શકાય કે વિદ્યા કલેવર છે, વિવેક તેનો પ્રાણ છે. વિવેકનું પ્રાગટ્ય ન કરે તેને વિદ્યા કેમ કહેવાય ? વિનયના મૂળમાંથી પાંગરેલું વિદ્યાનું વૃક્ષ વિકસિત બનીને ફળે ત્યારે વિદ્વત્તાનું મધુર આમ્રફળ નીપજે છે.

પરાપૂર્વથી ભારતીય વિદ્યાર્થીઓ તપોવન અને આશ્રમોમાં વસતા ઋષિ મુનિઓના આશ્રમોમાં ભૌતિક તેમ જ આધ્યાત્મિક વિષયોનું જ્ઞાન પોતાની ક્ષમતા અને રુચિ પ્રમાણે મેળવતા. કળિયુગનો હજ્જારો વર્ષોનો ઇતિહાસ હજી અપ્રાગટ્યના અંધકારમાં અટવાય છે તેથી આવા આશ્રમો ક્યારે અને શી રીતે બંધ થયા તે કહેવું મુશ્કેલ છે. તેમ છતાં પણ મગધ સામ્રાજ્ય વખતથી માંડીને મળતા કડીબદ્ધ ઇતિહાસના આયનામાં તે વખતથી પ્રજામાં વહેતાં થયેલાં કેળવણીનાં ઝરણાઓનું પ્રતિબિંબ ઝિલાયું છે.

તે વખતે મુખ્ય ચાર પ્રકારે શિક્ષણપ્રણાલી વિભાજિત હતી.

(૧) કર્મકાંડ જ્યોતિષ વગેરેથી ગુજરાન ચલાવનારા સંખ્યાબંધ આચાર્યો પોતાને ઘેર શિષ્યોને મફત ભણાવતા.

(૨) મોટાં શહેરોમાં ઉચ્ચ સંસ્કૃત સાહિત્યના અભ્યાસ માટે વિદ્યાપીઠો સ્થપાયેલી હતી. જ્યાં દરેક પ્રકારનું શિક્ષણ નિઃશુલ્ક અપાતું. આ વિદ્યાપીઠોના ખર્ચ માટે રાજામહારાજાઓ જાગીર ભેટ આપતા અને ધનાઢ્યો મોટી રકમો. નાલંદા, તક્ષશિલા ઉપરાંત કાશી, વારાણસી, ઉજ્જૈનનાં નામો તો જાણે મા શારદાના પર્યાય હતાં.

(૩) મોગલ કાળથી અસ્તિત્વમાં આવેલી મદરેસાઓમાં લાખો મુસ્લિમ બાળકો ફારસી, ઉર્દૂ વગેર ભણતાં.

(૪) તદ્દુપરાંત નાનામાં નાના ગામડે પણ બધાં બાળકોના શિક્ષણ માટે પંચાયત સંચાલિત પાઠશાળાઓ હતી.

પંદરમાં સૈકા સુધી માત્ર બંગાળરાજ્યમાં એંશી હજારથી વધુ પાઠશાળાઓ હતી. ભારતમાં ત્યારે દર ચારસો માણસ દીઠ એક પાઠશાળા હતી. અંગ્રેજી શાસન આવતા ગ્રામ પંચાયતો તૂટતા તે બધી પાઠશાળાઓને ખંભાતી તાળાં લાગી ગયા.

લાચારીને કારણે મજૂરી કરતા લાખો બાળકોને ફરજિયાત શિક્ષણ અપાવવાની ઝુંબેશ ચલાવતી યુનિસેફને જાણીજોઇને ભૂલાઇ જતી આ વાતની યાદ અપાવવાની જરૂર છે. સાથે જ 'અંગ્રેજો આવતા પૂર્વે ભારતીયો સાવ અભણ હતા' તેવી ગેરસમજણમાં રાચતા બુદ્ધિજીવીઓ પણ આ હકીકતની નોંધ લે.

અમેરિકામાં સ્કૂલો સ્થાપીને અમેરિકા ગુમાવ્યાનો વસવસો બ્રિટિશરોના મનમાં એટલો તો જલદ હતો કે ભારતમાં લોકો નિરક્ષર જ રહે તેની દાયકાઓ સુધી તકેદારી રખાઇ હતી.

પરંતુ કાળે કરવટ બદલી. અઢારમી સદીના અંતમાં એક જૂદી જ પરિસ્થિતિનું નિર્માણ થયું. અંગ્રેજી હકૂમત નવા નવા પ્રદેશોમાં સ્થપાતી ગઇ. વહીવટી તંત્રનો વ્યાપ વધારવો અનિવાર્ય બન્યો. માણસોની ખેંચ પડવા લાગી. ઇંગ્લેન્ડથી હજજારો અંગ્રેજોની વહીવટી ક્ષેત્ર માટે આયાત કરવી પોસાય તેમ નહોતી. વ્યવહારુ પણ નહોતી. બીજી બાજુ વહીવટી તાણ વધતી ગઇ.

એક અંગ્રેજની (ઓળખ્યા ? મેકોલે.) દરખાસ્ત પ્રમાણે ભારતવાસીઓને અંગ્રેજી ભાષા, વિજ્ઞાન શીખવી અને તેમને જ વહીવટમાં કામે લગાડવાની યોજના ઘડાઇ. ૫૦-૬૦ વર્ષની નિરક્ષરતા પછી નવી જન્મેલી પેઢીનો ભારતીય વિદ્યા સંસ્કૃતિ અને અસ્મિતા સાથેનો સંબંધ ઘણોખરો કપાઇ ગયો હોવાથી અંગ્રેજી ભાષા દ્વારા પશ્ચિમી કલ્ચરના પેઇન્ટ્સનો કૂચડો તેમના ઉપર ફેરવી દેવો ખૂબ આસાન પણ હતો.

ઇ.સ. ૧૮૫૭ થી મુંબઈ, મદ્રાસ, કલકત્તા યુનિવર્સિટીઓની સ્થાપના કરવાનો કાયદો ઘડાયો. તરત તેનો અમલ પણ થયો. તે દિવસે અંગ્રેજી માધ્યમનું શિક્ષણ, બદલાયેલા વિષયો અને ઉદ્દેશો સાથે ચલણી બન્યું. તે દિવસે એક અતિ મહાન, સંસ્કારી, ચારિત્ર્યશીલ પ્રજાના સંસ્કારપરિવર્તનનો પ્રારંભ થયો.

ધર્મહીન અને મૂલ્યહીન માળખું ધરાવતા અંગ્રેજી માધ્યમના મેકોલે બ્રાન્ડ શિક્ષણનો ઇતિહાસ ફંફોસ્યો છે. છેલ્લા દોઢસો વર્ષમાં આ શિક્ષણના

પરિણામે નવી પેઢી ધર્મ, ધર્મક્રિયા, ધર્મગુરુવર્ગ પ્રત્યે સૂગ વાળી થઇ છે અને મર્યાદાઓથી યોજનો દૂર ધકેલાઇ ગઇ છે. આ પરિણામ જોતાં, આવા શિક્ષણને કો'કે ભૂતિયા મહેલની ઉપમા આપી છે અને કહ્યું છે કે આ ભૂતિયા મહેલમાંથી ફેલાનારું છેલ્લું અટ્ટહાસ્ય ભારતીય અસ્મિતા માટે જીવલેણ હશે.

કોઇ વિચારતું હશે ખરું કે આ દેશમાં નાતાલનું વેકેશન શા માટે પડતું હશે ? દેશની ઘણી અલ્પસંખ્યક પ્રજા ઇસાઇ ધર્મ પાળતી હોય, બીજા અલ્પસંખ્યક ધર્મીઓના પર્વોત્સવ વખતે તો માંડ એક જાહેર રજા મળતી હોય છે. માત્ર ક્રિસમસનું આખું સ્પેશ્યલ વેકેશન શા માટે ? **વેકેશન પડે એટલે ક્રિસમસ ક્રેઝ વધે, ઉજવણીનો ફેલાવો થાય. ઘણા પ્રબુદ્ધો ચેતવે છે કે આ ભાષાંતર, સંસ્કારાંતર દ્વારા ધર્માંતર સુધી તાણી જશે. ભાષા પરિવર્તનનું છેલ્લું સ્ટેપ આટલું જલદ હશે અથવા ધર્મપરિવર્તનનું પહેલું સ્ટેપ અટલું સહજ હશે તેવું કોઇએ ધાર્યું પણ નહીં હોય.**

**પરિણામ પામ્યા પછી પણ પુરાવાઓ માગતી દુનિયામાં જીવતા હોવાને કારણે મેકોલેનાં વચનો ટાંકીએ છીએ 'અંગ્રેજી શિક્ષણ દ્વારા હિંદુ સમાજમાં એક એવો વર્ગ પેદા કરવો જોઇએ. જે, આપણે જેમના ઉપર રાજ્ય ચલાવીએ છીએ તે અસંખ્ય હિંદી લોકો અને આપણી વચ્ચે સમજૂતીનું કાર્ય કરે. એ લોકો એવા હોવા જોઇએ કે જે આપણે દાખલ કરેલા શિક્ષણને લીધા બાદ માત્ર રંગ અને લોહી વડે જ હિંદી રહ્યા હોય પણ રુચિ, ભાષા, વિચારો અને માન્યતાની દૃષ્ટિએ અંગ્રેજી બની ગયો હોય.' (મેકોલે'ઝ મિનિટ ઓફ ૧૯૩૫).**

**આજે કોન્વેન્ટ સ્કૂલો બે મોટા નુકસાનો કરે છે. અંગ્રેજી માધ્યમની શાળાઓ લાખો ભારતીયોને સંસ્કારવાહક એવી પોતાની માતૃભાષાની સુગંધથી વંચિત રાખે છે અને ક્યારેક, માતૃભાષામાં જ પોતાના વિચારોને પ્રગટ કરી શકે એવાં ભણેલાં, ઓછું ભણેલાં કે નહીં ભણેલાં એવા ઘરના વડીલોથી જ વેગળા કરી નાંખે છે.**

**બીજું નુકસાન એ કે સીધી યા આડકતરી રીતે આ શાળાઓ ખ્રિસ્તી ધર્મના પર્યાવરણને સ્કૂલ્સમાં લાવીને પોતાના ગૌરવવંતા ધર્મની ઉદાત્ત બાબતો પ્રત્યેની ઉદાસીનતાને પોષે છે.**

**મિશનરીઝના કાર્યોમાં મિશન કરતા કમિશનનું પ્રમાણ ઘણું વધું છે.**

માનવતા એ માટેનું અસરકારક માધ્યમ છે. ધર્માંતર સુધી લઇ જાય તેવી દરેક પ્રવૃત્તિ પ્રશ્નપાત્ર ઠરે છે. નહીંતર પારેવાને દાણા નાંખતા પારધીને પણ દયાળુ કેમ ન કહેવો ?

એક આફ્રિકન ખ્રિસ્તી, જે ધર્માંતર પછી ચર્ચમાં હોદ્દો સંભાળતા હતા, તેના શબ્દો છે : "When they came, they had the bible, we had the land. We prayed, and when we opened our eyes, we had the bible, they had our land."

● ● ●

## ❑ નબળા અભ્યાસનું સબળ કારણ

આજથી લગભગ પચ્ચીસ વર્ષ પહેલાં એસ.એસ.સી .પાસ કરીને વાણિજ્યના સ્નાતક બનેલા એક મિત્ર, પોતાના પ્રતિભાશાળી વ્યક્તિત્વથી પોતાનાં એક વિશિષ્ટ કાર્યક્ષેત્રમાં ખૂબ પ્રભાવ પાડી રહ્યા છે. અંગ્રેજી ભાષા પર તેમનું ખૂબ પ્રભુત્વ છે. તેમના વખતમાં અગિયારમા ધોરણમાં મેટ્રિકની પરીક્ષા આપવાની રહેતી. વિરમગામ તાલુકાના પોતાના નાનકડા ગામડામાં સાતમા ધોરણ સુધી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરીને આઠમા ધોરણથી પોતાના ગામમાં જ નવી ખૂલેલી માધ્યમિક શાળામાં તેઓ જોડાયા. આઠમા ધોરણથી અંગ્રેજી ભાષા પણ શરૂ થઇ. દસમા ધોરણ સુધી તે શાળામાં અભ્યાસ કરીને અગિયારમા ધોરણમાં મુંબઇની શેઠ જી.ટી. હાઇસ્કૂલમાં દાખલ થયા. તેમના કુટુંબના વડીલોને મનમાં એક ધાસ્તી હતી કે આઠમા ધોરણથી અંગ્રેજીવાળી ગામડાની નિશાળમાંથી, પાંચમા ધોરણથી અંગ્રેજી શીખવતી મુંબઇની હાઇસ્કૂલમાં એસ.એસ.સી ના મહત્ત્વના તબક્કે દીકરાને દાખલ તો કરીએ છીએ પણ તેની કેરિયર પર અસર તો નહીં થાય ને ! પણ તે ભય તદ્દન જૂઠો પુરવાર થયો. પ્રિલિમ પરીક્ષામાં એ શાળાના ઇતિહાસમાં અંગ્રેજીના વિષયમાં અભૂતપૂર્વ ગુણાંક સાથે અઢીસો વિદ્યાર્થીઓમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયા.

તેમનું અંગ્રેજીનું ઉત્તરપત્ર જોઇને દંગ બની ગયેલા આચાર્યશ્રી શાળાના વર્ગમાં આવ્યા અને ધન્યવાદપૂર્વક આશ્ચર્ય વ્યક્ત કરતાં પૂછ્યું,''તમે તો ગુજરાતમાંથી આ વર્ષે જ આવ્યા છો. ગુજરાતના વિદ્યાર્થીનું ગણિત પાકું ને અંગ્રેજી સાવ ડલ હોય એવી એક સામાન્ય છાપ છે. પરંતુ તમારું અંગ્રેજી ઘણું જ સારું જણાય છે તેનું કારણ શું છે ? શાળાની પચ્ચીસ વર્ષની કારકિર્દીમાં અંગ્રેજીનું આવું સોલિડ ઉત્તરપત્ર મેં ક્યારેય જોયું નથી.''

ગુજરાતના તે તેજસ્વી વિદ્યાર્થીએ આપેલો જવાબ ખરેખર મનનીય હતો. તેણે કહ્યું 'સર, શાળાના અન્ય કોઇ પણ વિદ્યાર્થી કરતાં મારું અંગ્રેજી જો વધુ સારું જણાયું હોય તો મારી દૃષ્ટિએ તેનું એક જ કારણ છે ને તે એ છે કે બીજા બધા વિદ્યાર્થીઓ પાંચમા ધોરણથી અંગ્રેજી ભણ્યા છે, હું આઠમાથી અંગ્રેજી ભણ્યો છું.''

અંગ્રેજીના વ્યાસંગનો વ્યાપ જેટલો વધુ તેટલી ફ્લુઅન્સી વધુ, તેવી માન્યતાવાળાને આ વાત આશ્ચર્યજનક જરૂર લાગે પણ તે વિદ્યાર્થીના આ જવાબમાં એક મનોવૈજ્ઞાનિક સચોટતા હતી.

બાળકની શૈક્ષણિક કારકિર્દીનો પ્રારંભ થાય ત્યારે તે અણસમજુ હોવાથી તેના મા-બાપનું તે અંગે ભરાતું પગલું ઘણું જ વજનદાર અને જવાબદાર હોય છે. અંગ્રેજી ભાષાનું વ્યાપક ચલણ અને વધતું જતું વર્ચસ્વ જોઇને જ મોટા ભાગના વાલીઓ પોતાના વ્હાલસોયાને અંગ્રેજી માધ્યમની ગોદમાં રમતું મૂકી દે છે.

આજે સમાજમાં અંગ્રેજીનું ચલણ ઘણું વધ્યું છે. કોઇ ગુજરાતી ડૉક્ટર, ગુજરાતી દર્દીને દવા લખી આપે અને તે દવા કોઇ ગુજરાતી કેમિસ્ટની દુકાનેથી જ લેવાની હોય તો પણ પ્રિસ્ક્રિપ્શન અંગ્રેજીમાં જ લખાયું હશે ! કોર્ટના કાગળિયા, સર્વિસ માટેની એપ્લિકેશન, બિઝનેસ કૉરસ્પોન્ડન્સ, જ લગભગ અંગ્રેજીમાં !

સમાજ ઉપર અંગ્રેજીના વધેલા પ્રભાવે માનવમન પર પણ સખત કબ્જો જમાવ્યો છે. બાંકડા પર બેઠેલા પાંચ માણસો છાપા વાંચતા હોય અને તેમાં બે માણસો 'ટાઇમ્સ'ના પાના ફેરવતા હોય તો તે બે માણસો માટે મનમાં ઊંચો અભિપ્રાય બંધાઇ જાય છે. અંગ્રેજી માધ્યમમાં ભણતા વિદ્યાર્થી સામે આદરથી જોવાય છે.

કોઇ ગુજરાતી માણસને પ્રસંગે હિન્દી કે મરાઠીમાં બોલવું પડે ત્યારે વચ્ચે બે ગુજરાતી શબ્દો બોલાઇ જાય તો ભાષાપ્રભુત્વની ખામી ગણાય અને જો બે અંગ્રેજી શબ્દ બોલાઇ જાય તો 'વક્તા'ની ઇમેજ બંધાય. જેના ગાત્રો ધ્રૂજતા હોય તેવા એંશી વર્ષના દાદીમા પોતાના પ્રપૌત્રના મુખે 'ટ્વિંકલ ટ્વિંકલ લિટલ સ્ટાર !' સાંભળે કે ત્યાં જ દાદીમાની આંખો ટ્વિંકલ ટ્વિંકલ થવા લાગે. રસ્તા પર ઊભા ઊભા પંદર મિનિટ વાતો કર્યા બાદ છુટા પડતી વખતે 'ઓકે, બાય, સી યુ' જેવા શબ્દો વ્યક્તિને સોફિસ્ટિકેટેડ લેખવે છે. થેન્ક

યુ, સોરી, હાય ને હલ્લોના સ્થાને પૂર્વે કયા શબ્દો વપરાતા હશે ? 'વાઉ', 'શિટ' 'આઉચ્' ને 'ઉફ્' ની તો વાત જ કંઇક ન્યારી છે.

ટૂંકમાં, અંગ્રેજી જીભ ઉપર રહે ત્યાં સુધી સમજ્યા, આજે તે મગજ પર સવાર થઇ ગયું છે. ખરી વિચિત્રતા તો એ છે કે જેની જીભને અંગ્રેજી ફાવતું નથી તેના મગજને અંગ્રેજી વધુ ફાવતું હોય છે. રૂપિયા કરતાં ડોલરની કિંમત વધુ હોવા માત્રથી ગુજરાતી કરતા અંગ્રેજી મહાન બની જતું નથી.

અંગ્રેજી ભાષા પ્રત્યેની આવી ઘેલછા જ પોતાનાં સંતાનોને અંગ્રેજી માધ્યમમાં ભણાવવા પ્રેરે છે. આવા વાલીઓને માતૃભાષાનો મહિમા કોઇ સમજાવે તો એક ખૂબ સરસ જવાબ મળે : 'સમય પ્રમાણે વર્તવું જોઇએ.' આવા વાલીઓ બાળકોના સમય પ્રમાણે વર્તવાનું ભૂલી જાય છે. જ્યાં સુધી એક ભાષા પર પુરૂં પ્રભુત્વ ન આવે ત્યાં સુધી બીજી, ત્રીજી ભાષાનો ભાર બાળક પર લાદવો ન જોઇએ. બાળક દશ વર્ષનો થાય ત્યારે માંડ એક ભાષા પર પ્રભુત્વ મેળવી શકે ત્યાં સુધીમાં તેના માથે ચાર ચાર ભાષાઓનો ભાર લાદવો એ શૈક્ષણિક રીતે તો ઠીક માનસશાસ્ત્રની રીતે પણ મોટી આફતરૂપ છે.

ચાર વર્ષની ઉંમરે જ્યારે માતૃભાષા ઉપરની પકડ પણ હજી આવી હોતી નથી ત્યારે અજાણી, નવી ભાષાનું શિક્ષણ એ વાસ્તવમાં આક્રમણ છે. આ આક્રમણને સહી ન શકવાથી ઘણા બાળકોમાં સુષુપ્ત રીતે એક સિવીયર લઘુતાગ્રંથી બંધાઇ જાય છે.

અજાણી વ્યક્તિના ખોળામાં બેસવા માટે નાનું બાળક જેમ જલદી તૈયાર થતું નથી તેવી જ કંઇક દશા નર્સરીમાં જતા બાળકની અંદરખાને થતી હોય છે. માતાના ખોળે રમતું બાળક આંગણે આવતા અજાણ્યા અતિથિઓની પ્રેમાળ ઓળખ માતૃમુખે મેળવીને નિશ્ચિંત રહી શકે છે. તેમ માતૃભાષા પર પકડ આવતાં જ અન્ય ભાષા પર પ્રભુત્વ મેળવતાં વાર લાગતી નથી.

માતૃભાષાની શાળામાં દાખલ થતું બાળક ગુજરાતી શબ્દભંડોળની અને વાક્યરચનાની પર્યાપ્ત મૂડી લઇને પ્રવેશે છે તેથી સમજાવાતા પદાર્થને સમજવાનું કાર્ય તેને માટે ઘણું સરળ થઇ પડે છે. અંગ્રેજી માધ્યમની નર્સરીમાં દાખલ થતું બાળક વગર શબ્દભંડોળે અંદર દાખલ થાય છે. ખરેખર તો ભાષા

થોડી ઘણી આવડી જાય પછી જ તે શીખવી જોઇએ અને જે ભાષા આવડતી હોય તેના આધારે શીખવું જોઇએ. તદ્દન નવી ભાષાના માધ્યમે શીખવા ગયેલાની દશા, વગર મૂડીએ વેપાર કરવા ગયેલા જેવી થતી હોય છે. પરિણામે પદાર્થની સાથે શબ્દોની, તેના વિચિત્ર ઉચ્ચારણોની, વાક્યોની અને આખે આખા ફકરાઓની કોરી ગોખણપટ્ટી શરૂ થાય છે. આમ પ્રથમ પગલે જ મૌલિકતા અને સર્જનાત્મકતાનો ભોગ લેવાય છે. રવીન્દ્રનાથ ટાગોરની કેફિયત આ વાતમાં ટેકો પૂરે છે. ''અંગ્રેજી શિક્ષણના પહેલા જ કોળિયે બત્રીસે દાંત હાલી ઊઠે છે. મોમાં જાણે ધરતીકંપ થાય છે.''

એક વ્યાપક અવલોકન કરતાં આ વાત પૂરવાર થશે કે શિક્ષણનું અંગ્રેજી માધ્યમ બાળકને ગોખણિયું બનાવે છે. આ રીતે ભણનારા બાળકની સમજણ કે સ્મૃતિ વધતી નથી, માત્ર મજૂરી જ વધે છે. આવું ભણતર પીડાદાયક બનતું હોવાથી ક્યારેય રસાળ ન બને.

અંગ્રેજી ભાષા મારફત શિક્ષણ અપાતું હોય ત્યારે બાળમગજ સૌ પ્રથમ તો સમજાવાતા પદાર્થને પોતાના વિચારોની ભાષામાં (અલબત્ત, માતૃભાષામાં જ) ઢાળી દે છે. જેમાં તેની મગજની અમુક શક્તિ ખર્ચાઇ જાય છે. દા.ત. 'કાઉ' શબ્દ સાંભળતાં જ મગજમાં આરંભાતી પ્રક્રિયાના પ્રથમ તબક્કામાં 'કાઉ એટલે ગાય' આવું સાધારણ ટ્રાન્સલેશન થાય છે અને પછી એક ચોક્કસ પ્રકારના ચોપગા પ્રાણીની આકૃતિ મનના સ્ક્રીન ઉપર ઉપસી આવે છે. માતૃભાષા પરિચિત હોવાથી ટ્રાન્સલેશનની મજૂરી બાળકને કરવી પડતી નથી. પરિણામે મગજની સંપૂર્ણ શક્તિ તે પદાર્થને સમજવામાં જ વાપરી શકે છે. અંગ્રેજી માધ્યમથી વિજ્ઞાન ભણનારો ઘણી વાર વિજ્ઞાન અને અંગ્રેજી બન્ને સાથે ભણતો હોય છે.

આ વાતનું સોલિડ પ્રૂફ ગાંધીજીના શબ્દોમાંથી પણ મળે છે 'હું (ગાંધીજી) હવે સમજ્યો છું કે મને અંકગણિત, ભૂમિતિ, બીજગણિત, રસાયણશાસ્ત્ર અને ખગોળશાસ્ત્રના જેટલા ભાગ શીખતાં ચાર વર્ષ લાગ્યાં તેટલા એ વિષયો અંગ્રેજી મારફત નહીં પણ ગુજરાતી મારફત શીખવાના હોત તો વધારે સહેલાઇથી અને વધારે સ્પષ્ટપણે ગ્રહણ કરી શક્યો હોત.'' (ધોરણ દસની ગુજરાતી કુમારભારતીમાંથી) યાદ રહે કે બારમા વર્ષ પછી અંગ્રેજી મારફત શિક્ષણ મેળવવાનું શરૂ થયા પછીની ગાંધીજીની આ લાગણી છે.

તો પછી શિક્ષણનું માધ્યમ કયું હોવું જોઇએ ?

વિચારનું જે માધ્યમ હોય તે. માણસ જે ભાષામાં વિચારે અને જે ભાષામાં સ્વપ્ન જુએ તેને શિક્ષણનું ઉચિત માધ્યમ ગણવું જોઇએ. કારણ કે પ્રત્યાયન કરાવવું એ જ તો ભાષાનો ઉદ્દેશ છે. પરંતુ પ્રત્યાયનની વસ્તુ (કન્ટેન્ટ) માણસના મગજમાં ઊતરે તો કામનું. ટપાલી તો કોરું પોસ્ટકાર્ડ પણ યોગ્ય સરનામે પહોંચાડી શકે. આપણે એ વાત ભૂલવી ન જોઇએ કે માધ્યમ કરતાં કન્ટેન્ટની મહત્તા ઘણી વધુ હોય છે અને પ્રત્યાયન જેટલું સરળ તેટલું જ ગ્રહણ જલ્દી થાય છે.

મેરિટ લિસ્ટમાં ઘણું કરીને માતૃભાષા થકી શિક્ષણ મેળવનારાઓ જ ચમકતા રહ્યા છે. વિજ્ઞાન અને ટેકનોલોજીમાં અગ્રેસર મનાતા જપાન, જર્મની, રશિયા, ફ્રાન્સ જેવા દેશોમાં બાલમંદિરથી લઇ યુનિવર્સિટી સુધીનું સંપૂર્ણ શિક્ષણ માતૃભાષાના માધ્યમથી જ અપાય છે.

શિક્ષણનું માધ્યમ પૂર્વપરિચિત હોય તો સમજાવાતો પદાર્થ સીધો જ ગળે ઊતરી જતો હોય છે. નવા અને અપરિચિત અથવા અત્યંત અલ્પપરિચિત માધ્યમથી સમજાવાતા પદાર્થને આપણું મગજ લગભગ, વાયા માતૃભાષા જ સમજતું હોય છે. શીરો સીધો જ ગળે ઊતરી જતો હોય છે જ્યારે કડક વસ્તુને ગળે ઉતારતાં દાંતે ચાવવાની કસરત કરવી પડે છે. માતૃભાષા એ તો બાપીકી મૂડી છે. પારકી મૂડીએ ધંધો કરનારને વ્યાજનો ભાર વેઠવો જ પડે.

માતૃભાષા એ વ્યક્તિની આંખ છે. તે આંખથી દૂરનું પણ જોઇ શકાય તે માટે દૂરબીનના સ્થાને અન્ય ભાષાઓ ભલે રહે. માતાના ધાવણ કરતાં પણ પાઉડરનાં દૂધને અત્યધિક આદર મળે ત્યારે જીવ ચોક્કસ બળે.

માતૃભાષાના માધ્યમની વાત જ્યારે જ્યારે પણ નીકળે છે ત્યારે અમુક વર્ગ જાણે કે એમ જ માની બેસે છે કે અંગ્રેજીને શિક્ષણમાંથી સમૂળગું દૂર કરવાની વાત કરીને અંગ્રેજી ભાષાથી બિલકુલ વંચિત રાખીને વિકાસ અવરોધવાની આ વાત છે. અંગ્રેજી ભાષા શીખવી અને સમગ્ર શિક્ષણ અંગ્રેજી માધ્યમમાં લેવું તે બે વચ્ચે ઘણો ફરક છે. ભાષા અને માધ્યમનો આ રીતે ખીચડો ન કરવો જોઇએ.

અનેક ભાષાઓ ઉપરનું કૌશલ્ય તો ગુણાત્મક છે. જૈન શ્રમણો માટે 'नानाविहदेसभासण्णु' (અનેક દેશ દેશાવરની ભાષાના જાણકાર) એવું

વિશેષણ જૈન આગમ ગ્રન્થોમાં વપરાયું છે. ભાષાપ્રભુત્વ અને અનેકવિધભાષાનું કૌશલ્ય એ કાંઇ દોષરૂપ નથી. મૂળ વાત એ છે કે માતૃભાષા પર પકડ જામ્યા વગર અનેક ભાષાનું શિક્ષણ, શૈક્ષણિક દૃષ્ટિએ પણ જોખમકારક પુરવાર થાય છે. પોતાના મૂળિયાં ઊંડાં ઉતાર્યા પહેલાં કોઇ વડલો ફેલાવાની શરૂઆત કરતો નથી. એક સાથે ઘણા ઘોડે સવાર ન થવાની કહેવત માત્ર હોર્સરાઇડિંગ પૂરતી સીમિત નથી.

આજે ઘણા ગુજરાતી પરિવારોના સંતાનોનું ભાષાજ્ઞાન પૃથક્કરણ માંગે તેવું હોય છે. ઘરમાં અને પારિવારિક વર્તુળમાં નાનપણથી ગુજરાતી બોલતા આવ્યા હોય છે. ભણતર અંગ્રેજી માધ્યમની સ્કૂલ કે કોલેજમાં લીધેલું હોવાથી અંગ્રેજી પણ બોલી જાણે. મિત્રવર્તુળના કારણે રાષ્ટ્રભાષા પણ આવડે ખરી. ઘરના ઘાટી, કામવાળી બાઇ ને દુકાનના સ્ટાફ સાથે મરાઠીમાં બોલતા હોય. પણ ચારમાંથી એકે ય ભાષા પરફેક્ટ ન લાગે.

અમે વિહાર કરતાં કર્ણાકટના બિજાપુર શહેરમાં ગયા હતા. ત્યાં એક મહિનો રોકાવાનું થયું. બિજાપુરમાં રહેતા મોટા ભાગના જૈનો મૂળ રાજસ્થાનના વતની. અનેક જૈન બાળકો અને યુવાનો અમારા સંપર્કમાં આવ્યા. આ રાજસ્થાની બાળકોનાં ઘરમાં મારવાડી ભાષા બોલાય. તેથી તેમને મારવાડી ભાષા આવડે. કર્ણાટકનું આ શહેર હોવાથી તેમને કન્નડ ભાષા પણ આવડે. મહારાષ્ટ્રની હદ નજીક હોવાથી શહેરમાં મહારાષ્ટ્રીયન વસતિ પણ ઘણી. તેથી બધાને મરાઠી ભાષા પણ આવડે. દેરાસર ઉપાશ્રયમાં બધો વ્યવહાર ગુજરાતી ભાષામાં થતો. સાધુ ભગવંતોનાં પ્રવચનો ગુજરાતીમાં થાય. તેથી ગુજરાતી ભાષાનો પણ સારો પરિચય. સ્કૂલ-કોલેજમાં અંગ્રેજી માધ્યમમાં ભણે અંગ્રેજી આવડે. અને રાષ્ટ્રભાષા હિન્દી તો આવડે જ.

આખા દિવસ દરમ્યાન આ છએ છ ભાષા વ્યવહારમાં ખૂબ આવે. પણ આશ્ચર્યની વાત એ હતી કે ૬ ભાષાના જાણકાર આ વિદ્યાર્થીઓ ૬ માંથી એક પણ ભાષા પર પ્રભુત્વ ધરાવતા નહોતા ! અલબત્ત, તે બધી જ ભાષામાં તે સાવ પુઅર હતા. જે જમીનમાં ૬૦ ફૂટ ઊંડેથી પાણી વહે છે, તે જમીનમાં ૧૦-૧૦ ફૂટના ૬ ખાડા ખોદતા એક ગમાર ખેડૂતની કરુણાપાત્ર નાદાનિયત આ વિદ્યાર્થીઓને વરેલી હતી.

એક જમાનામાં મુંબઇમાં ગુજરાતીઓ અશુદ્ધ મરાઠી બોલી જાણતા હતા અને મહારાષ્ટ્રીયનો અશુદ્ધ ગુજરાતી બોલી જાણતા. આજે ગુજરાતીઓ અશુદ્ધ ગુજરાતી બોલે છે અને મહારાષ્ટ્રીયનો અશુદ્ધ મરાઠી.

બાળકનું ભાષાપ્રભુત્વ બે વસ્તુ પર આધારિત છે. એક તો તે માતૃભાષાના માધ્યમે શિક્ષણ લે અને બાકી તે બીજી ભાષા પરિપક્વ ઉંમરે શીખે. નાનપણથી અંગ્રેજી માધ્યમમાં ભણનારા કરતાં જૂની પેઢીના શિક્ષિત લોકોનું અંગ્રેજી વધુ પાવરફુલ હોવાનું પણ આ જ કારણ છે. નાની ઉંમરે જ શિક્ષણનું નવું માધ્યમ દાખલ થતાં જ ભાષાકૌશલ્યની ખબર લઇ નાંખે છે.

એક નવી ભાષા તૈયાર કરવી હોય તો કેટલી મહેનત પડે ! આજે માતૃભાષાને ટકાવવા પણ મહેનત કરવી પડે તેવી દશા થઇ છે. કો'કે આ અંગેની પોતાની ઊર્મિઓને કાવ્યદેહ આપ્યો છે.

ગુમાઇ છે, ગુમાઇ છે, ગુમાઇ છે.
કોન્વેન્ટ સ્કૂલના કમ્પાઉન્ડમાં
સંચાલકોને વાલીઓના સંગમાં
આધુનિકતાની ઘરેડમાં ને દેખાદેખીની પરેડમાં
પશ્ચિમી રંગમાં ને વિદેશી ઢંગમાં
માણસના વર્તનમાં ને સંસ્કારપરિવર્તનમાં
ભાળ મળે તો કો'ક સંભાળજો
ભાષા અમારી ગુજરાતી આજે
ગુમાઇ છે, ગુમાઇ છે, ગુમાઇ છે.

પોતાની ભાષા ગુમ થાય એટલે બીજી પણ ઘણી બાબતો શિથિલ બને છે.

ભાષાપ્રભુત્વની સાથે જ તેના પારિવારિક ગઠબંધનોને પણ શિક્ષણનું અંગ્રેજી માધ્યમ અસર કરે છે. પછી મોર્ડન દીકરાઓને બાપ જૂનવાણી લાગે છે, માતા ઓર્થડૉક્સ લાગે છે અને ઘરનું વાતાવરણ બેક્વર્ડ લાગે છે. આવી પરિસ્થિતિ છેવટનો વળાંક લે છે, જેને વિભાજન કહેવાય છે. ભાષાની અનેકતા ઘરની એકતા સામે પણ ખતરો ઊભો કરે છે.

● ● ●

## ❑ ભાષા નામે દર્પણ

''રામના ડેડી કિંગ દશરથે તેઓની થર્ડ ક્વીન કૈકેયીના કહેવાથી પોતાના પ્રિન્સ રામને ફોર્ટિન યર્સ માટે ફોરેસ્ટમાં મોકલી દીધા.'' આજકાલના સંતાનો આવી સંકર રામાયણ બોલતા થયા છે. ભાષાસાંકર્ય એ ભાવનાઓ અને સંસ્કારોનું પણ સાંકર્ય પેદા કરે છે.

કોઇ પણ જનસમૂહની ખાસિયતો, તેની પરંપરાગત સંસ્કૃતિ, પ્રજાને વારસામાં મળેલા નૈતિક મૂલ્યો વગેરેને તે પ્રજાની ભાષા સાથે ઘનિષ્ઠ સંબંધ હોય છે. ભાષા એક એવું દર્પણ છે જેમાં તે ભાષા બોલનારી પ્રજાનાં બાહ્ય અને અંતરંગ સ્વરૂપનું પ્રતિબિંબ ઝીલાય છે. આથી જ ભાષાને સંસ્કૃતિવાહક (કન્ડક્ટર) કહી શકાય.

ઓક્સફર્ડનો આખો અંગ્રેજી શબ્દકોષ ફેંદી વળો. 'ઘી' શબ્દ માટેનો અંગ્રેજી ભાષામાં કોઇ મૌલિક પર્યાય નહીં મળે-'Ghee' કહીને બધી ડિક્શનરીને સંતોષ માની લેવો પડે છે, પણ તે તો ગુજરાતી ઘી શબ્દનો અંગ્રેજી વર્ણોચ્ચાર માત્ર છે. તેલ માટે 'ઓઇલ' શબ્દ છે પણ ઘી માટે કોઇ અંગ્રેજી પર્યાય નહીં મળે કારણકે ઘી એ પૂર્વનાં રાષ્ટ્રોની વસ્તુ છે. તેલી સંસ્કૃતિવાળા દેશોમાં ઘી તો પૂર્વના રાષ્ટ્રમાંથી પધારેલો આગંતુક છે. આપણા 'ઘી'ની સાથે આપણી સાત્ત્વિક સંસ્કૃતિનું ગઠબંધન છે. તાવવાની પ્રક્રિયાથી લઇને, ઘમ્મરવલોણું, અમૃતતુલ્ય છાશ, થીજેલા દહીં, શેઢકડાં દૂધ, ગીરની ભેંસો, ગમાણ, ખાણ અને નીતરતો પશુપ્રેમ વગેરે કેટલું ય ઘીના ઓઠા હેઠળ સંતાયેલું છે. જેવી 'ઘી' ની વાત છે તેવી જ ધોતિયાની. આપણા દેશના આ પ્રસિદ્ધ પહેરવેષ માટે અંગ્રેજીમાં કોઇ શબ્દ નથી. Dhoti તો વર્ણાંતર માત્ર છે.

અંગ્રેજીમાં ચેક લખતી વખતે Rs. Ten thousand only લખાય છે. આ જ તથ્ય ગુજરાતીમાં 'અંકે રૂપિયા દસ હજાર પૂરા' આ રીતે લખાય છે . 'only' શબ્દ અતૃપ્તિનો સૂચક છે. જ્યારે 'પૂરા' શબ્દમાં તૃપ્તિનો ઓડકાર લાગે. ભાષાપ્રયોગોમાં તે ભાષા સાથે સંલગ્ન સંસ્કૃતિ કેવી સરસ ઝીલાય છે, તેનું આ ક્લાસિક ઉદાહરણ છે.

સંબંધદર્શક શબ્દભંડોળની વાત કરો તો અંગ્રેજી કરતાં ગુજરાતી ભંડોળનું કદ અનેકગણું મોટું થઇ જશે. ફાધર, મધર, બ્રધર, સિસ્ટર, હસબન્ડ, વાઇફ, અંકલ, આન્ટી, નેવ્યુ, નીસ, સન, ડૉટર, કઝિન... બસ, લગભગ આટલા શબ્દોમાં સંબંધોના અંગ્રેજી શબ્દકોષનું ઇતિશ્રી થઇ જાય છે.

સંબંધોનો આ શબ્દકોષ ખેંચીને થોડો મોટો કરવો હોય તો 'પેટર્નલ' કે 'મેટર્નલ' જેવા 'એડ્જેક્ટિવ' કે 'ઇન લૉ' જેવા સફિક્સ અંગ્રેજી ભાષાએ તૈયાર રાખ્યા છે. કાકા બોલવું હોય તો 'પેટર્નલ અંકલ' અને મામા બોલવું હોય તો 'મેટર્નલ અંકલ', પણ ફોઇ-ફુવા કે માસી-માસા સુધી પહોંચવું હોય તો અંગ્રેજી ભાષાનું ટટ્ટુ સાવ પાંગળુ નીવડે. અંગ્રેજી ભાષા જાણે કે કહી રહી છે. સ્ટોપ ! સંબંધોને બહુ વધારીને, છે...ક (!) ફોઇ ફુવા કે માસી માસા સુધી ખેંચી જવાની કોઇ જરૂર નથી. ફોઇ માટે ફાધર્સ સિસ્ટર અને માસી માટે મધર્સ સિસ્ટરનો પ્રયોગ સાંભળતા લાગે કે શબ્દની જગ્યાએ આખો વ્યાખ્યાપ્રયોગ થઇ રહ્યો છે. ફુઆ અને માસા માટે જ્યારે 'ફાધર્સ બ્રધર ઇન લૉ' અને 'મધર્સ બ્રધર ઇન લૉ' સુધી ખેંચાવું પડે ત્યારે લાગે કે આવી ભાષા બોલનારને ફુઆ કે માસા જ ન હોય તો ! કમ સે કમ તેમની ભાષા નિરાવરણ તો ન થાય.

પરણીને ઘેર આવેલી કન્યાના માતૃ અને પિતૃ સ્થાને ગોઠવાતા સાસુ અને સસરા માટે પણ અંગ્રેજી પાસે સ્વતંત્ર શબ્દો નથી. 'ફાધર' ને 'ઇન લૉ'નું પૂંછડું લગાડો તો સસરા અને 'મધર' ને તે પૂંછડું લગાડો તો સાસુ. સાળી અને નણંદ બન્ને માટે 'સિસ્ટર ઇન લૉ' કહેવું પડે પણ તેમાં કોઇ વાર પરેશભાઇની નણંદ અને પૂર્ણિમા બહેનની સાળી જેવા અનર્થો થવાનું બને ત્યારે અંગ્રેજી ભાષાને ક્ષમા દાખવ્યા વગર છૂટકો જ નથી.

હવે ગુજરાતી ભાષા પાસે સંબંધદર્શક શબ્દોની કેવી સમૃદ્ધિ છે તે પણ જરા જોઇ લઇએ. પિતાજી-માતાજી, ભાઇ-ભાભી, બહેન-બનેવી, નણંદ-નણદોઇ, દિયર-દેરાણી, જેઠ-જેઠાણી, સાળો-સાળાવેલી, સાળી-સાઢુ, કાકા-કાકી, મામા-મામી, ફોઇ-ફુવા, માસા-માસી, પુત્ર-વહુ; પુત્રી-જમાઇ, પૌત્ર-પૌત્રી, દાદા-દાદી, નાના-નાની, દોહિત્ર-દોહિત્રી, ભત્રીજો-ભત્રીજી, ભાણિયો-ભાણી, સસરા-સાસુ, વડસસરા-વડસાસુ, વેવાઇ-વેવાણ, પતિ-પત્ની, ભા-મા, ભાઇજી-ભાભુ, કાકાજી-કાકીજી, મામાજી-મામીજી, માસાજી-માસીજી, ફુઆજી-ફોઇજી.

અંગ્રેજીની જેમ એડ્જેક્ટિવ્સ કે પ્રિફિક્સ લગાડીએ તો આ યાદી હજી ઘણી લંબાય. પિતરાઇ ભાઇ, માસિયાઇ ભાઇ, મામા-ફોઇના ભાઇ, કાકા-દાદાના ભાઇ, ભાણેજ જમાઇ, ભત્રીજા જમાઇ, ભાણેજ વહુ, ભત્રીજી વહુ, વગેરે કેટલાય શબ્દો ઉમેરાય. કુટુંબ અને કૌટુંબિકતાને કયા કલ્ચરમાં કેટલું અને કેવું સ્થાન મળ્યું છે તે તથ્ય ભાષાના દર્પણમાં જ પ્રતિબિંબિત થઇ જાય છે.

હજુ થોડા આગળ વધીએ. કન્યાના લગ્નપ્રસંગે પિતા તરફથી મળે તે 'દહેજ', 'કરિયાવર' અથવા 'આણું' કહેવાય. લગ્ન પછી આણું વાળવામાં આવે અને બાળકના જન્મ પછી બીજું આણું વાળવામાં આવે તેને 'ઝિયાણું' કહેવાય. સસરાપક્ષ તરફથી સગાઇ પછી જે વસ્ત્રાલંકારો આપવામાં આવે તેને 'સમર્તુ' ચઢાવ્યું કહેવાય અને લગ્ન વખતે જે કાંઇ આપવામાં આવે તેને 'છાબ' કહેવાય. આ ઓછું હોય તો મામા તરફથી મળે તેને 'મામેરું' (પર્યાયવાચક 'મોસાળું') અને ફોઇ તરફથી મળે તેને 'ફઇયારું' કહેવાય છે.

આ માત્ર શબ્દોનો વૈભવ નથી. સ્નેહભાવ અને સહાયકભાવના વર્તુળનો ડાયામીટર આપણી સંસ્કૃતિમાં કેટલો લાંબો છે તે આ શબ્દવૈભવથી સૂચિત થાય છે. સગા બાપના જન્મદિવસે એક ગ્રીટિંગ કાર્ડ અને ફ્લાવર બુકે મોકલી આપવાની ઔપચારિકતાવાળા રાષ્ટ્રની ભાષામાં આ વિશાળતાની આશા રાખવી તે પણ ગુન્હો કહેવાય.

ગુજરાતીમાં 'હત્યા' કે 'ખૂન' શબ્દો જે સંદર્ભમાં વપરાય છે તે સંદર્ભમાં અંગ્રેજી ભાષા ભિન્ન ભિન્ન અર્થોવાળી મોટી શબ્દજાળ બિછાવે છે. માતાની હત્યા માટે 'મેટ્રિસાઇડ' પિતાની હત્યા માટે 'પેટ્રિસાઇડ' ભાઇની હત્યા માટે

'ફેટ્રિસાઇડ' માનવહત્યા માટે 'હોમિસાઇડ', આખી જાતિની હત્યા માટે 'જેનોસાઇડ' રાજાની હત્યા માટે 'રેજિસાઇડ' અને પોતાની હત્યા માટે 'સ્યુસાઇડ'. દયા અને હત્યાની વિભાવનાનું કયા કલ્ચરમાં કેવું સ્થાન છે તે ડિક્શનરી પ્રમાણથી જ પ્રતીત થાય છે.

ગુજરાતીમાં 'માંસ'નો બીજો કોઇ સમાનાર્થી શબ્દ નહીં મળે. જુઓ, હવે અંગ્રેજીમાં. માણસનું માંસ એટલે ફ્લેશ, ઘેટા-બકરાનું માંસ એટલે મટન, ભેંસ વગેરે પશુનું માંસ એટલે મીટ, ગાય-બળદનું માંસ એટલે બીફ, ડુક્કરનું માંસ એટલે પોર્ક, મરઘીનું માંસ એટલે ચીકન અને હરણનું માંસ એટલે વેનિસન્.

'અખંડ સૌભાગ્યવતી' શબ્દનો પર્યાય અંગ્રેજી શબ્દકોષમાં મળે ખરો ? 'કન્યાદાન અને પાણિગ્રહણ' જેવા શબ્દોના અંગ્રેજી પર્યાય ન મળે કારણ કે તે શબ્દો પાછળ પડેલી લાગણીઓ અને ભાવનાઓ પશ્ચિમની સંસ્કૃતિમાં ક્યાંય નથી. કોઇ માણસ મૃત્યુ પામે ત્યારે ગુજરાતીમાં પ્રયોગ થાય છે 'સ્વર્ગવાસ પામ્યા.' અંગ્રેજીમાં કોઇનું મૃત્યુ sad demise હોઇ શકે પણ તેને Heaven shifting ન કહેવાય.'સ્વર્ગવાસ' શબ્દના પ્રયોગ પાછળ પરલોક અને સ્વર્ગલોકની શ્રદ્ધા અને સ્વર્ગવાસના કારણભૂત પુણ્યકાર્યોનો આદર કરનારી સંસ્કૃતિનું ગુંજન ધ્વનિત થાય છે.

અંગ્રેજી વેપારી સમી સાંજે દુકાન બંધ કરતો હશે, 'વધાવતો' નહીં હોય. 'દીવો ઓલવવા' માટે અંગ્રેજી ક્રિયાપદ તમે શોધી શકશો. પણ લ્યો, નીચેના વાક્યોનો અંગ્રેજી અનુવાદ કરો તો ! રમેશે દીવો રાણો કર્યો, સુરેશે દીવો માંગલિક કર્યો, રમણે દીવો રામ કર્યો, પંકજે દીવાની જયણા કરી. નહિ કરી શકો.

To break નો સહારો લઇને 'બંગડી તૂટી' ને અંગ્રેજી શબ્દદેહ આપી શકાય. પરંતુ 'બંગડી નંદવાઇ' ને જણાવવા તો બિચારી અંગ્રેજી ભાષા પાંગળી જ છે. બૂઝાઇ રહેલા દીવા માટે સંસ્કૃત ભાષામાં સુંદર પ્રયોગ છે 'દીપો નન્દતિ'. અપમંગલનું નિવારણ કરવા માટે, વિનાશકારી ક્રિયા માટે પણ મંગલકારી શબ્દનો પુરવઠો પૂરો પાડતી ભાષાને મંગલ અને અપમંગલની સારી માઠી અસરોમાં આસ્થા ધરાવતી પવિત્ર સંસ્કૃતિનું પીઠબળ છે. આવેલા મહેમાન જાય છે ત્યારે 'જજો' ને બદલે 'આવજો' શબ્દનો પ્રયોગ ભલે તર્કપૂર્ણ

ન લાગે, પણ કેટલો તથ્યપૂર્ણ છે તે ગુડબાય કલ્ચરના ચાહકોને નહિ સમજાય. આંધળાને અંગ્રેજીમાં બ્લાઇન્ડ કહેવાય, પણ પ્રજ્ઞાચક્ષુ માટે અંગ્રેજી શબ્દ કયો ? વિધવાનું અંગ્રેજી મળે પણ ગંગાસ્વરૂપનું અંગ્રેજી રૂપાંતર કરી જુઓ ! પીડિતોને પણ સુખદ સંબોધનોથી બોલાવનારની શુભ ભાવનાઓનો આ શબ્દદેહ છે.

અહીં કોઇ ભાષાનું અવમૂલ્યન કરવાનો ઇરાદો નથી. મૂળ વાત આટલી જ છે કે દરેક ભાષાની સાથે અલગ જીવનશૈલી વણાયેલી હોય છે. ભાષા એ માત્ર શબ્દાર્થોનું જ પ્રત્યાર્પણ કરીને અટકી જતી નથી. ભાષા દ્વારા સંલગ્ન સંસ્કૃતિનું પ્રત્યારોપણ પણ થતું હોય છે. આ પ્રત્યારોપણની પ્રક્રિયા પૂર્ણ થતાં ક્યારેક બે ત્રણ પેઢી પણ લાગે. પણ શિક્ષણનું માધ્યમ આવી પ્રક્રિયા આરંભે છે તે વાત ચોક્કસ છે.

સવારના નાસ્તાને 'બ્રેકફાસ્ટ' તરીકે ઓળખતા આજના કોન્વેન્ટ વિદ્યાર્થીને ખ્યાલ પણ નહીં હોય કે તેને દેશી ભાષામાં 'શિરામણ' કહેવાય. બ્રિટનનો 'બ્રેકફાસ્ટ' શબ્દ આપણા 'શિરામણ' શબ્દને અદશ્ય કરે છે એટલો જ માત્ર તેનો અપરાધ નથી. 'શિરામણ' શબ્દનો સંબંધ બાજરીના ગરમગરમ રોટલા અને શેઢકડા દૂધ સાથે છે. બાજરી અને દૂધનો સંબંધ બાજરીની ખેતી અને દૂધાળા ઢોર સાથે છે. જ્યારે બ્રેકફાસ્ટનો સંબંધ બ્રેડ, બિસ્કિટ અને કોર્નફ્લેક્સ સાથે છે.

જે રાષ્ટ્રમાં ગૌશાળા, પશુ, રબારી, ખેતર, ખેતી, ખેડૂત ને આવું ઘણું બધું હાજર હોય ત્યારે શબ્દકોષમાં 'શિરામણ' શબ્દ માટે જગ્યા હોય છે. શબ્દફેર એ શૈલીના ફરક સુધી લંબાય છે. પેઢીઓથી ચાલી આવતી ભોજનશૈલી છેલ્લી એકાદ પેઢીથી અચાનક બદલાઇ હોય તેવું જો લાગતું હોય તો ભાષા પરિવર્તનનાં મૂળિયાં ધ્યાનથી ફંફોસી જુઓ. બીજું પણ ઘણું બધું બદલાઇ રહેલું જણાશે.

'રાણીબાનું ચિત્ર' અને 'ક્વીનના પોર્ટ્રેઇટ'માં માત્ર શબ્દફેર હોતો નથી. રાણીબાના ચિત્રમાં ફ્લાઇંગ ગાઉન ન હોય ને ક્વીન એલિઝાબેથને માથે ઓઢણી ન હોય.

આપણા કાળગણનાના માધ્યમ તરીકે વિક્રમ કે વીરની સંવત હવે પંચાંગમાં પૂરાઇ ગઇ છે. ઇસવી સન એ જ યુનિવર્સલ માધ્યમ બન્યું છે. તે ય

એટલી હદે કે ઇસુના જન્મ પૂર્વેની ઘટનાઓને પણ 'ઇસવી સન પૂર્વે' કહીને માપવાની. એક પુસ્તકમાં વાંચ્યું હતું 'રાજા વિક્રમ ઇસવી સન પૂર્વે ૫૭ વર્ષે થયા હતા'. જે રાજાના નામે સ્વતંત્ર સંવત પ્રવર્તતી હોય તેને ઇસવીસનથી મપાય ત્યારે એક ફુટપટ્ટીની લંબાઇ બીજી ફુટપટ્ટીથી માપવા જેવી બાલિશ ચેષ્ટા લાગે.

ગુજરાતી બાર મહિનાના નામો આજે કેટલા ટીન એજર્સને આવડતા હશે ? 'ભલે ને ન આવડે. તારીખ અને ઇંગ્લિશ મહિનાઓના આધારે વ્યવહાર ચાલી શકે છે પછી કાર્તિક, માગસર ભલે ને ભૂલાય ! 'એમ ? અહીં એક વસ્તુ સમજવા જેવી છે કે બેસતું વરસ, ભાઇબીજ, અક્ષયતૃતીયા, ગણેશચતુર્થી, જ્ઞાનપંચમી-લાભપંચમી, વસંતપંચમી, રાંધણછઠ્ઠ, શીતળાસાતમ, જનમાષ્ટમી, રામનવમી, વિજયાદશમી, મૌનએકાદશી, વાઘબારસ, ધનતેરસ, કાળીચૌદસ, શરદપૂનમ, દિવાળી વગેરે લગભગ બધા પર્વો અને લૌકિક તહેવારો, તિથિ સાથે સંકળાયેલા છે. ગુજરાતી મહિનાઓનું ચલણ ઘટવાથી આવા પર્વો, તેની સાથે સંકળાયેલા ઐતિહાસિક પાત્રો, તે તે પર્વો પાછળનો ટચિંગ ઇતિહાસ, તે તે પર્વો પાછળના આધ્યાત્મિક ઉદેશો, આ બધું પણ સાથે ભુલાય છે.

અંગ્રેજી મહિનાઓની તારીખોનું ચલણ વધવાથી તારીખ સાથે સંકળાયેલા ક્રિસમસ જેવા તહેવારો સાથે નાતો જોડાઈ જાય છે. નૂતનવર્ષની નવલી પ્રભાતનો ઠસ્સો મિલેનિયમને ફાળે ગયો છે. રક્ષાબંધનને વેલેન્ટાઇન ડે ભરખી ગયો છે. દિવાળીની રાત્રિનો ટમટમાટ, થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરની નશીલી નાઇટના ઝગમગાટ સામે ઝાંખો થયો છે. આમાં માત્ર કાળનું જ પરિવર્તન થતું નથી પણ કાળજાનું પણ પરિવર્તન કરી નાંખે તેવું કંઇક અનોખું જ થતું હોય છે. તિથિ છોડીને તારીખ સ્વીકારી એટલે તેની સાથેની કેટલીક અસભ્યતાઓને સભાનપણે આવકારવી જ પડે છે.

પ્રશ્ન તિથિ કે તારીખનો છેડાયો જ છે ત્યારે એક વાત જાણવી રસપ્રદ રહેશે કે ચંદ્રની પૂર્ણ કળા, ઓછી કળા, ચંદ્રગ્રહણ, સૂર્યગ્રહણ અને સમંદરની ભરતી વગેરે નિયત તિથિએ થાય છે. આમાં તારીખ સાથે ફિક્સ્ચર થવું શક્ય નથી. કાળ પરિમાણ એ જ્યોતિષચક્રની પરિકમ્મા સાથે સંકળાયેલી ચીજ છે

જે તિથિને સાપેક્ષ હોય છે, તારીખને નહીં.

અંગ્રેજી ભાષામાં એક કવિતા છે. 'ધી મેરી મન્થ ઓફ માર્ચ'. તેમાં માર્ચ મહિનાની અદ્ભુત, પ્લેઝન્ટ ક્લાઇમેટનું વર્ણન છે, જે મુંબઇના ગુજરાતીએ ગોખવાની. ઇંગ્લેન્ડની માર્ચ મહિનાની આબોહવાનું વર્ણન મુંબઇગરાને શીખવાની શી જરૂર હશે ? અને ખરેખર પૂછીએ તો માર્ચ મન્થ કોને 'Merry' લાગે છે ? ભારતમાં માર્ચમાસમાં ગરમી ને બફારો શરૂ થઇ ગયો હોય છે. વેપારી વર્ગને માર્ચ એન્ડિંગનું ટેન્શન હોય છે તો વિદ્યાર્થી વર્ગને બાર માસિક પરીક્ષાનું અતિ ભારે ટેન્શન હોય છે. મહિલા વર્ગે બધા ટેન્શનખોરો વચ્ચે અટેન્શનમાં રહેવું પડે છે. (ઇંગ્લેન્ડમાં પરીક્ષાઓ જૂન-જુલાઇમાં હોય છે.) છતાં ય બધાએ ગાવાનું 'ધી મેરી મન્થ ઓફ માર્ચ'

આવું અવાસ્તવિક શિક્ષણ એ અંગ્રેજી માધ્યમના શિક્ષણની જ દેન છે. કારણ કે દરેક ભાષામાં પ્રાદેશિક સંસ્કૃતિથી લઇને આબોહવાનું ચલણ હોય છે.

આ ઉપરાંત દરેક ભાષાના ઘણા રૂઢિપ્રયોગો અને કહેવતો પણ અન્ય ભાષામાં ક્યારેય પૂરેપૂરા ઢાળી શકાતા નથી. કારણ કે તે પ્રયોગો કે કહેવતો પાછળ પ્રાદેશિક ભૂગોળ, ઇતિહાસ, રીતિરિવાજો વણાયેલા હોય છે.

- ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગો તેલી ?
- હીરો ઘોઘે જઇ આવ્યો ને ડેલે હાથ દઇ આવ્યો.
- સુરતનું જમણ અને કાશીનું મરણ.
- દશેરાને દિવસે ઘોડો ન દોડે.

આ બધાને અંગ્રેજીમાં ઢાળતા હાંફી જવાશે. આ ઉપરાંત...

- ભીષ્મ પ્રતિજ્ઞા લેવાની વાત...
- હોળીનું નાળિયેર બનાવવાની વાત...
- લોઢાના ચણા ચાવવાની વાત..
- હથેળીમાં ચાંદ કે આમળી પીપળી બતાવવાની વાત..
- હાથીના દેખાડવાના અને ચાવવાના જુદા હોવાની વાત...
- ભૂતનું સ્થાન પીંપળે હોવાની વાત..

- કોઇની મા એ સવા શેર સૂંઠ ખાધી હોવાની વાત...
- કાર્યના શ્રીગણેશ કરવાની વાત..
- મીયાં મહાદેવને મેળ ન હોવાની વાત..

આ બધું અન્ય ભાષામાં કઇ રીતે ઉતારી શકાય ? ભાષાંતર તો શબ્દમાત્રનું થઇ શકે. પણ તેમાં ફોટોગ્રાફ અને કટ આઉટ જેટલો ફરક રહેવાનો.

શેક્સપિયર ને મિલ્ટનને માણવા જતાં નાનાલાલ ને દલપતરામ ને ખોવા પડે. વર્ડસ્વર્થનું 'ડેફોડિલ્સ' ભણનારો મેઘાણીની રાષ્ટ્રદાઝ ને શૌર્યભાવનાથી ટપકતી કવિતાઓથી વંચિત રહેવાનો જ. ભાષાની સાથે ભાવનાઓ પણ બદલાય છે તે ભૂલવું ન જોઇએ.

અંગ્રેજી માધ્યમની શાળાની પ્રેયર અને માતૃભાષાની શાળાની પ્રાર્થનામાં પણ ફરક હશે. પ્રાર્થના અને પ્રેયર શબ્દો વચ્ચે માત્ર ભાષાકીય ભિન્નતા જ નથી. આના આધારે નમન, પ્રણામ કે પંચાંગ પ્રણિપાતના સ્થાને એક હાથ કપાળે ને ખભે લગાડીને ઇસાઇ ક્રોસવત્ ટટ્ટાર ઊભા રહીને પ્રણામ કરતાં દીકરો શીખી જાય છે.

એક પણ બૉંબ ઝીંક્યા વગર અને એક પણ રક્તબિંદુનો પાત કર્યા વિના જ જો કોઇ પ્રજાનો સર્વનાશ કરવો હોય તો તેને, તેની ધર્મ, સંસ્કૃતિ અને ભાષાથી અળગી કરી દેવી જોઇએ. **પ્રજાને જો બલ્બ કહીએ તો ધર્મ-સંસ્કૃતિને વિદ્યુત કહેવી પડે અને એ વિદ્યુતનું પરિવહન કરતી વાયરસિસ્ટમ છે પોતાની ભાષા. તે છૂટી એટલે ધર્મ સંસ્કૃતિ આપ મેળે જ નાશ પામે, પછી વિદ્યુત વગર કોઇ બલ્બ ઝબૂકતો નથી.**

એક વખત હતો કે દુનિયામાં પંદર હજાર ભાષાઓ બોલાતી હતી. આજે તેમાંથી અડધી માંડ બચી છે. જર્મનની બીલફેલ્ડ યુનિવર્સિટીના પ્રોફેસર ક્રિશ્ચિયન લેહમેન તો કહે છે કે આવનારા એકસો વર્ષમાં જ આજની ત્રીજા ભાગની ભાષાઓનો સફાયો થઇ જશે. કેટલાક વિચક્ષણોની ગણતરી પ્રમાણે કદાચ આવનારા સૈકાના અંતે આજની ૯૦ ટકા ભાષાઓ લુપ્ત થઇ ગઇ હશે.

ભાષાનું મોત ક્યારેય 'સડન કોલેપ્સ'ના રૂપમાં આવતું નથી. રિબાઇ રિબાઇને મરતા લાંબી માંદગીના દર્દીની જેમ ભાષાનું મૃત્યુ પણ બહુ ધીમી ગતિએ થતું હોય છે. તેથી આવનારું મૃત્યુ ઝટ કળાતું નથી.

અહીં ભાષા વિનાશ એને જ મુખ્ય ઓબ્જેક્ટ કોઇ ન સમજે. મરનારી પ્રત્યેક ભાષા પોતાની સાથે, જે તે સમાજની અસ્મિતા (આઇડેન્ટિટી) લેતી જાય છે. મેક્સિકોના નોબલ પારિતોષિક વિજેતા એક્ટીવીઓ પાઝે ક્યાંક લખ્યું છે : "With Every language that dies; an image of mankind is wiped out." આનો અર્થ એ થયો કે સંસ્કારપ્રિય અને ધર્મનિષ્ઠ પ્રજાની ભાષાને જ્યારે ધક્કો લાગે છે ત્યારે તે ધક્કો માત્ર ભાષાને જ નહીં, ભાષા દ્વારા ભાવનાને પણ લાગે છે. ગુજરાતી શબ્દકોષમાંથી માત્ર એક 'પાંજરાપોળ' શબ્દને લુપ્ત કરવો હોય તો જગત આખામાં કેટલા બધા ફેરફારો કરવા પડે ? આવા અનેક ઉદાત્ત આશયો સાથે સંકળાયેલી ભાષા ડચકાં લેશે ત્યારના જગતની કલ્પના પણ ધ્રુજાવી દે તેવી હશે.

સંસ્કારી પ્રજાની ભાષા ઉમદા વિચારોની વાહક હોય છે. તે ઉમદા વિચારો સુધી પહોંચવા માટે તે ભાષા, નીસરણીનું કામ કરે છે. આથી તે ભાષા પણ ઉપાસ્ય બને છે. જૈનદર્શનમાં અક્ષરશ્રુતને પણ ઉપાસ્ય ગણ્યું છે. ભગવાન મહાવીર અને ગૌતમગણધરના પ્રશ્નોત્તરોને આવરી લેતા જૈન આગમ શ્રી ભગવતી સૂત્રના પ્રારંભમાં જ ગણધર શ્રી સુધર્મા સ્વામીએ 'ણમો બંભીએ લિવિએ' સૂત્ર દ્વારા બ્રાહ્મી લિપિને પણ નમસ્કાર કર્યો છે.

સારાંશ એ છે કે, ભાષા એ ભાવનાઓ સાથે જોડાણ કરાવતો સેતુ બની શકે. માતૃભાષા એ શૈક્ષણિક દૃષ્ટિએ લાભ આપવા ઉપરાંત સંસ્કૃતિ અને ધર્મના ધબકારને જીવંત રાખે છે. પણ આ સાદી સમજણ કેટલા હૈયે જીવંત હશે ?

કાઠિયાવાડના ગામડાનો કોઇ માણસ પરગામ જતો હતો. સાથે તેની પત્ની પણ હતી. તેના પગમાં મહેંદી મૂકાવેલી. રસ્તામાં એક નદી ચાલીને પાર કરવાની હતી. બાપૂ તો મૂંઝાયા. પાણીમાં ચાલવાથી તો મહેંદીનો રંગ નીકળી જાય. આ તો કેમ ચાલે ? બાપૂએ સાહસિક અભિગમ અપનાવ્યો. પત્નીને ઊંધી કરીને તેના પગ હાથમાં પકડી રાખીને બાપૂ નદી પાર થઇ ગયા. સામે કિનારે ગયા પછી ખ્યાલ આવ્યો કે પત્નીનું મોઢું સતત પાણીમાં રહેવાના

**કારણે ગુંગળાઇ જવાથી તેનું પ્રાણપંખેરું ઊડી ગયું હતું. બાપૂ નદીપાર, પત્ની તડીપાર. ગામના લોકોએ બાપૂને ઠમઠોર્યા. ''અલ્યા ? કાંઇ અક્કલ છે તારામાં ? આ પત્નીનો જીવડો ગયો''. ''જીવડો ગયો તો ભલે ગયો, રંગડો તો રહ્યો''. મૃત પત્નીના પગની પાની ગૌરવભેર બતાડતાં બાપૂ બોલ્યા.**

પોતાના સંતાનોના જીવનમાંથી ધર્મ સંસ્કૃતિનો 'જીવડો' ચાલ્યો જાય તો પણ અંગ્રેજી નો 'રંગડો' જાળવી રાખનારા વાલીઓને આ દૃષ્ટાંત બે વાર વાંચી જવા ભલામણ !

● ● ●

## ❑ શિક્ષણ કે શિક્ષા ?

“પપ્પા ! આ બકરો કેમ ચીસો પાડે છે ? આ લોકો તેને ખેંચીને ક્યાં લઇ જાય છે ?” મનકે પૂછ્યું.

“બેટા ! તે લોકો આ બકરાને કસાઇખાને લઇ જાય છે.”

“એમ ! મને તો એમ કે તે લોકો આ બકરાને સ્કૂલમાં મૂકવા જાય છે.”

વિનોદ, વ્યંગ અને વ્યથાનો ત્રિવેણી સંગમ રચાય તેવો આ નમૂનેદાર ડાયલોગ છે.

શિક્ષણ કેટલી હદે કંટાળાજનક, ભારેખમ અને ત્રાસજનક બનતું જાય છે, તેનું વરવું ચિત્રાંકન મનકના શબ્દોમાં દેખાય છે.

આદર્શ ઉત્પાદન માટે એક બહુ સરસ વાક્ય છે 'Employees make the best product, when they like the place, where they work' કામ કરવાનું સ્થળ મજૂરને ગમે, તો જ શ્રેષ્ઠ ઉત્પાદન થાય. વિદ્યાર્થીઓ માટે પણ આ વાત એટલી જ સુસંગત જણાય છે. શિક્ષણ મેળવવાનું સ્થળ જો ત્રાસદાયક લાગે તો હોંશિયાર વિદ્યાર્થીની ટેલેન્ટને પણ લૂણો લાગી જાય.

વિજ્ઞાનના પ્રેક્ટિકલ્સમાં ફાવટ ન આવતા વિદ્યાર્થીઓને શિક્ષકે ખખડાવતા કહ્યું,“તમારા જેવા સાધનો ને સગવડો મળ્યા નહોતાં છતાં ન્યૂટને ગુરુત્વાકર્ષણનો નિયમ શોધી કાઢ્યો અને તમે...?” એક વિદ્યાર્થીએ વળતો જવાબ આપ્યો,“સર ! ન્યૂટન બગીચામાં હતો, લેબોરેટરીમાં નહીં.” આને જવાબ ગણવા કે બગાસુ ?

અનેક વિષયોનો ભાર, ભરચક અભ્યાસક્રમ, દિવસમાં બીજા કાર્યો માટે સમયાવકાશ જ ન મળે તેવું ટાઇટ શિડ્યુલ, પરીક્ષાનો ‘હાઉ’ આ બધા કારણે શિક્ષણ મેળવવાના સ્થળને, વિદ્યાર્થી સરસ્વતી મંદિર તરીકે નહીં પણ ‘જેલ’ ની અદાથી જુએ છે. જેલમાં જતા જોર પડે, છૂટતા જામો પડી જાય.

સ્કૂલ શરૂ થતા બેલ વાગે એટલે ચૂપચાપ વિદ્યાર્થીઓ અંદર ગોઠવાઇ જાય, રસ્તા પર હોય તે ભયથી (પ્રીતથી નહીં) દોડતા દોડતા પ્રવેશી જાય. સાંજે સ્કૂલ છૂટતા છેલ્લો બેલ પડે ત્યારે ચીચીયારીઓ, હર્ષોલ્લાસ અને 'માંડ છૂટ્યા'ની લાગણી સાથે ધસમસતા વિદ્યાર્થીઓ ઘરભેગા થાય છે.

કોઇ સ્કૂલના કલાસરૂમમાં એક તોફાની વિદ્યાર્થીએ શિક્ષકની ગેરહાજરીમાં ઘડિયાળની નીચે એક વાક્ય લખી દીધું,''This clock shall never be stolen, because too many students are watching it.'' આ વાક્યમાં વિદ્યાર્થીનું તોફાન નહીં, તરફડાટ વ્યક્ત થાય છે.

પિક્ચર જોવાના રસિકને થિયેટરમાંથી નીકળતી વખતે હર્ષોલ્લાસને ચીચીયારીઓ હોતી નથી. મુખ પરનો આનંદ પ્રસન્ન મૌન સાથે વર્તાય છે. સ્કૂલમાં આથી વિપરીત છે. માટે તો છોકરાંઓ વેકેશનની રાહ જોતા હોય છે અને પાછી સ્કૂલ શરૂ થતાં જ જાણે સજાનો બીજો રાઉંડ શરૂ થયાનો અહેસાસ કરે છે.

દક્ષિણ ગુજરાતના ખતલવાડ ગામનો પ્રીતેશ સવારે રોજ સાડા ચાર વાગે ઊઠી જાય છે. પાંચ વાગ્યાની એસ.ટી. પકડીને સંજાણ સ્ટેશને ઊતરી જાય છે. ત્યાંથી ટ્રેન પકડીને દહાણુ રોડ અને ત્યાંથી રિક્ષા પકડીને નિશાળે ભણવા જાય છે. સાતથી બારની સ્કૂલ પતી ગયા પછી તે છોકરો સવારનું ભરેલું લંચબોક્સ ખોલીને કંઇક જમી લે છે. તરત જ બપોરના એક થી સાડા ત્રણ સુધી ક્લાસિસ અટેન્ડ કરીને પછી ઘરેથી જે રીતે ગયેલો તેના વળતા ક્રમે સાંજે સાડા પાંચ વાગે પાછો ઘેર આવે છે, જ્યાં તેણે તરત જ હોમવર્ક કરવાનું રહે છે. દિવસભરની મજૂરીને અંતે સખત થાકેલી હાલતમાં રાતે નવ વાગતાં સુધીમાં તો તે પથારીમાં પડી જાય છે. હજી માંડ કલાકની ઊંઘ લીધી હોવાનું લાગે ત્યાં તો પરોઢના સાડાચારનું એલાર્મ વાગે છે અને તેની માતા બાવડું પકડીને તેને ઉઠાડે છે. વેકેશનગાળામાં પણ ક્લાસિસ માટે 'પ્રીતેશ' નામના ગુડ્સનું ટ્રાન્સપોર્ટેશન થતું રહે છે. શિક્ષણ ક્ષેત્રે વધી રહેલી આવી બાળમજૂરી દયનીય સ્થિતિને પણ વટાવી ચૂકી છે.

મુંબઇ જેવા મહાનગરમાં પોતાના પંડ જેવડું વજનદાર દફતર ખભે ટિંગાડીને કોઇ માખણના મુલાયમ પિંડને સવારના રસ્તે પડતા જોઇએ ત્યારે વિચાર આવે કે આ દેશમાં ટ્રક લોડિંગની કેપેસિટી દર્શાવતા કાયદાઓ જો હોઇ શકે, એક ઓટોરિક્ષામાં કેટલી વ્યક્તિઓ સામટી બેસી શકે તે અંગેનાં

ધારાધોરણો જો હોઇ શકે, તો એક નાનકડા ભૂલકા પર કેટલી હદે અને કેટલા વિષયોના શિક્ષણનો બોજ લાદી શકાય તે અંગેના કોઇ કાયદા કેમ નહીં ? બોજલ શિક્ષણના સ્ટીમરોલર તળે બિચ્ચારું શૈશવ કચડાય છે.

પોતાની જે ભાષા હોય તેને માતૃભાષા જ શા માટે કહેવી ? તેવા સવાલનો સચોટ જવાબ કો'ક વિદ્વાને આપ્યો છે. ''ભાષાકીય શિક્ષણ મેળવવાનો આદ્ય મુખ્ય સ્રોત માતા છે માટે પોતાની ભાષાને માતૃભાષા કહેવી ઉચિત છે.'' ભાષાસંબંધી પ્રાથમિક જરૂરી જ્ઞાન મેળવી લીધા પછી બીજા જરૂરી વિષયોના જ્ઞાન માટે શાળા વગેરેમાં જવાનું થાય. ટૂંકો અર્થ એ જ કે બોલતા બરાબર આવડે નહીં ત્યાં સુધી તો માતાના ખોળે જ બેબી સિટિંગ થવું જોઇએ.

દસ વર્ષની ઉંમરનું કોઇ બાળક લાચારીને વશ થઇને જઠરની આગ ઠારવા ક્યાંક મજૂરી કરે ત્યારે બાળકોનું બાળપણ ઝૂંટવાઇ ગયાનો અને બાળકનો શિક્ષણ મેળવવાનો મૂળભૂત બંધારણીય અધિકાર છીનવાઇ ગયાનો મોટો હોબાળો મચાવી દેનારાં યુનિસેફ, સર્વોચ્ચ અદાલત અને કહેવાતા બુદ્ધિજીવીઓને પૂછવું જોઇએ કે બાળક પાસેથી માતાનો ખોળો ઝૂંટવાઇ જતો અટકાવવા બંધારણમાં કોઇ જોગવાઇ છે કે નહીં ? માતાનો ખોળો ખૂંદવાના બાળકના હક્કનો સમાવેશ માનવ અધિકારમાં થાય કે નહીં ?

માતાનો ખોળો એ બાળક માટેં ઇન્ટેન્સિવ કૅર યુનિટ છે. તેને ત્યાં મળતી હૂંફ, મળતા સંસ્કારો અને નિર્ભેળ સ્નેહ તેના જીવનમાં પ્રાણવાયુની ગરજ સારે છે. અજાણી ડરામણી વ્યક્તિને જોતાં જ બાળક દોડીને પોતાની માતાની ગોદમાં છુપાઇ જાય છે અને સુરક્ષિતતાનો અહેસાસ કરે છે. સહેજ પડી જતાં બાળક રડવા લાગે છે અને માતા તે રડતા બાળકને ખોળામાં લઇને તેને બે મિનિટમાં હસતો કરી મૂકે છે. શૈશવ અવસ્થામાં બાળક માટે માતાનો ખોળો એ જ સર્વોષધિ છે.

બાળકને શિક્ષણ બાળપણમાં આપવું જોઇએ તે વાત સાચી પણ તે બાળપણ કંઇક મોટી ઉંમરનું હોવું જરૂરી છે. હજી તો બાળકના હોઠ પરનું માતાનું દૂધ સુકાય ત્યાં જ તેને શિક્ષણ આપવા માંડવું કેટલું વ્યાજબી છે ? હજી તો પુરું બોલતા આવડે ત્યાં તો બાળકને કમ્પ્યુટર શીખવવા લાગી પડવું એ શિક્ષણનો અતિરેક નહીં, આક્રમણ છે. હજી તો બાળકની બીજી વર્ષગાંઠ માંડ ઉજવાઇ હોય ત્યાં તો તેને પ્લેગ્રુપમાં ધકેલાય છે. ગઇ પેઢી જે ઉંમરે

શિક્ષણનો પ્રારંભ કરતી હતી તેટલી ઉંમરે પહોંચતાં સુધીમાં તો આજનો બાળક પોતાની શૈક્ષણિક કારાકિર્દીના ચોથા વર્ષે પહોંચી ગયો હોય છે. શિક્ષણના પ્રારંભની ઉંમર નાની થતી જાય છે. ગર્ભસ્થ બાળકને પણ શીખવી શકે તેવી ટેક્નોલોજી શોધાતાં પ્રેગ્નન્ટ સ્ત્રીને પણ ક્યાંક પ્રિ-નર્સરી ક્લાસીસ અટેન્ડ કરવા જવું પડે તેવા દર્દનાક અને દયનીય દિવસો તરફ સમાજ ધકેલાતો જાય છે.

શિક્ષણના માધ્યમની જેમ શિક્ષણની ઉંમર પણ બાળકના વિકાસ અંગેનું અને તેના સંસ્કાર અંગેનું મહત્ત્વનું પાસું છે. બાળકને પ્લેગ્રુપમાં દાખલ કરી દેવાથી 'માતાના ખોળા' નામની પ્રાથમિક શિક્ષણ સંસ્થાને તાળું લાગે છે. શિક્ષણ તો જાણે કે શિક્ષણસંસ્થામાં જ મળે આવી એક ભ્રમણા ઊભી થાય છે. માતાનું માતૃત્વ હણાય તે જેમ હોનારત છે તેમ માતાનું શિક્ષકપણું ઝૂંટવાય તે પણ દુર્ઘટના ગણાવી જોઇએ. માતાને એકસો યુનિવર્સિટી સાથે સરખાવવા પાછળ કંઇક લોજિક તો હશે જ ને ?

અઢી વર્ષના બાળકને પ્લેગ્રુપમાં મોકલી દેનારા વાલીઓએ સમજવું જોઇએ કે સંયુક્ત કુટુંબ, વસ્તારી પરિવાર કે હુંફાળા પાડોશીઓ જેવું અસરકારક પ્લેગ્રુપ બાળક માટે બીજું એકે ય નથી. 'મારા બાબાને વન ટુ ટેન બરાબર બોલતા આવડે છે' એવી શેખી મારતી મમ્મીને બતાવી આપવા બીજી મમ્મી કહેશે કે 'મારી બેબીને તો એ ટુ ઝેડ લખતાં ય આવડે છે.' દેખાદેખી, સ્પર્ધાભાવ ને રેપિડ વિકાસની ધૂનમાં બાળકોનું ઘોર અહિત થતું હોય છે.

બાળક માટે અઢીથી ચાર વર્ષની ઉંમર ભારે સેન્સિટિવ હોય છે. આ ઉંમરે બાળકની જ્ઞાનેન્દ્રિયોનો વિકાસ થતો હોય છે. તે થતાં પહેલા નકરી બૌદ્ધિક કેળવણી આપવાથી બુદ્ધિનો કુદરતી અને સર્જનાત્મક વિકાસ અટકે છે, મજૂરી વધે છે. સાહિત્ય કે સંગીત કે અન્ય ક્ષેત્રોમાં નવું નીપજાવી શકે તેવો મૌલિક વિકાસ સાધનારા આજે ઘણા જ થોડા મળશે. તેનું એક મહત્ત્વનું કારણ એ પણ છે કે આજની કેળવણી એકલી બુદ્ધિની છે. તેમાં યાદદાસ્ત વધારવા પર જ ભાર અપાય છે અને સર્જનાત્મકતા વિસારે પડે છે. સર્જનાત્મકતા પર ભાર આપવો હોય તો બાળકની બુદ્ધિને માણસે વિકસાવ્યા વગર સ્વતઃ વિકસવા દેવી જોઇએ. ગુલાબની કળી સ્વતઃ કેવી સુંદર રીતે ખીલી ઊઠે છે. માણસે તેને મોડ આપવાની જરૂર નથી.

કોઇએ સરસ કહ્યું છે,“બાળક ચાર વર્ષનું થાય ત્યાં સુધી તેના હાથમાં પેન્સિલ ન આપવી અને આપવી જ હોય તો તેનો ઉપયોગ માત્ર ચિત્રો દોરવા, રંગ પૂરવા કે લીટા દોરવામાં જ થવા દેજો. આ ઉંમરે આંકડા કે અક્ષરો ગોખાવતા નહીં, બબ્બે ચચ્ચાર લાઇનના રસાળ જોડકણાં સંભળાવતા રહીને પ્રેક્ટિકલી જે શીખવવું હોય તે ઘરમાં શીખવી જુઓ” સંસ્કાર આપવાની ઉંમરે શિક્ષણ શરૂ થઇ જાય છે, જે બાળકના સાંસ્કારિક ઘડતરમાં અવરોધ ઊભો કરે છે.

હસતા ખીલતા અઢી વર્ષના બાળકનો વળી ઇન્ટરવ્યૂ લેવાની પ્રથા તદ્દન અવૈજ્ઞાનિક, બિનવ્યવહારુ હાસ્યાસ્પદ અને જુલમી ગણાવી જોઇએ. અઢી વર્ષના શિશુને ખાધાની ય ખબર હોતી નથી તેવા તબક્કે ઇન્ટરવ્યૂ કોનો લેવો જોઇએ ? બાળકનો ? કે પછી જેના ભરોસે તેને સોંપવાનો હોય તે શિક્ષકનો ? આ ઓછું હોય તેમ તે બાળકની ય પરીક્ષાઓ લેવાય ત્યારે ગુલાબનું ફુલ પ્રેશર કુકરમાં બફાતું હોય તેવું ન લાગે ?

નાની ઉંમરમાં બાળક ઉપર એક સાથે કેટલા વિષયોનો ભાર લાદી શકાય? ઉંમરના વર્ષ કરતાં શિક્ષણના વિષયોની સંખ્યા જ્યારે વધી જાય ત્યારે બાળકનું માનસ રુંધાય છે અને અભ્યાસ ભારેખમ લાગવાથી ભાષા ને ગણિત જેવા વિષયો પણ કાચા રહે છે. શું દરેક બાળક માટે દરેક વિષય એક સરખી રીતે જરૂરી હોય છે ? ગ્રામ્યનિશાળોમાં ભણતા બાળકોને વળી યુરોપ કે અમેરિકાનો ઇતિહાસ શીખવાની શી જરૂર ? રબારીના દીકરાને ઔદ્યોગિક વિકાસની યંત્રણાઓ કે એલ્જીબ્રા ભણાવવાની જરૂર ખરી ? ટેક્નિકલ સ્કૂલમાં ગયા વગર શું સુથારના દીકરાને રંધો અને કરવત ઓળખાઇ ન જાય ? હોમસાયન્સના વર્ગો ભર્યા વગર દીકરીને ઘર સાચવતાં શું ન આવડે ?

સામાન્ય રીતે દીકરાએ મોટા થઇને ધંધો સંભાળવાનો હોય છે અને દીકરીએ ઘર સંભાળવાનું હોય છે. બન્નેનાં કાર્યક્ષેત્રો જ જ્યારે જુદા છે ત્યારે કોલેજમાં કોમર્સ બન્નેએ સમાન રીતે ભણવાનું ? જે વસ્તુ તદ્દન બિનજરૂરી હોય અથવા જેનું શિક્ષણ ઘરેલું રીતે જ મળી શકતું હોય તેને શિક્ષણક્ષેત્રમાં ઘૂસાડવાની કોઇ જરૂર ખરી ? આ બધા બિનજરૂરી બોજ થકી શિક્ષણ ભારેખમ બની ગયું છે.

આ ઓછું હોય તેમ દરેક વિષયના પાછા અલગથી ક્લાસિસ, ટ્યુશન્સ, કોચિંગ. આજથી બે દાયકા પૂર્વે ટ્યુશન લેવું એ વિદ્યાર્થી માટે શરમજનક ગણાતું. આજે તે સ્ટેટસ ગણાય છે. સ્કૂલ કે કોલેજમાં હાજરી પૂરાવા જવાનું અને ભણવા માટે ક્લાસિસમાં જવાનું. આના કારણે પ્રત્યેક વિદ્યાર્થીના રોજના છ ને બદલે નવથી દસ કલાક શિક્ષણમાં જ જતા રહે છે.

આનાથી શિક્ષણ બોજલ અને ખર્ચાળ તો બને જ છે. ઉપરાંતમાં અન્ય પારિવારિક અને ધર્મનાં કૃત્યો પણ સમયાભાવના લીધે સીદાય છે. માંદા પિતાજીને કણસતા મૂકીને પણ દીકરાએ ક્લાસિસ ભરવા જ પડે. માતા પથારીવશ હોય તો પણ દીકરી ઘરકામમાં મદદગાર બની શકતી નથી.

પર્યુષણ જેવા જૈનોનાં અતિમહત્ત્વનાં પર્વ દરમ્યાન પણ પરીક્ષા, ક્લાસિસ અને ટ્યુશન્સના વળગણમાંથી વિદ્યાર્થીઓ છૂટી શકતા નથી. ભણતર જેમ ધર્મનિરપેક્ષ છે તેમ તેને ભણનારાએ પણ સંપૂર્ણપણે ધર્મનિરપેક્ષ બનવું જ પડે તેટલી હદે તે બોજલ બની ગયું છે.

દિવસ દરમ્યાન અભ્યાસ સિવાયના પારિવારિક કે ધાર્મિક કૃત્ય પાછળ ખાસ કોઇ સમય ફાળવી ન શકનારા વિદ્યાર્થી, પોતાની તે ડેફિસિટ વેકેશનમાં પણ હવે પૂરી કરી શકતા નથી. કારણ કે વાસ્તવમાં વિદ્યાર્થીને વેકેશન મળતું જ નથી. વિદ્યાર્થીના કેલેન્ડરમાં રવિવાર જેવું કશું જ નથી. પરીક્ષા પૂર્ણ થતાં જ વેકેશન બેચ, ક્રેશ કોર્સના નવા દબાણ હેઠળ તેઓ આવી જાય છે. ગુમાસ્તા ધારા હેઠળ અઠવાડિયે એકવાર મજૂરને રજા આપવી પડે છે પણ સ્કૂલમાં મજૂરી કરતા બિચારા આ બાળમજૂરોનું નસીબ ગુમાસ્તા કરતાં બે ડગલા આગળ છે. રજાના દિવસોમાં કોઇ તીર્થયાત્રા કરવી, સત્સંગ કરવો કે મમ્મી સાથે મામાને ઘરે જવું હોય ત્યારે પણ બાળકના ગળા ફરતી વીંટળાયેલી ક્લાસિસની સાંકળ જોરથી ખેંચાય છે.

ઇમારતોના બાંધકામ વખતે સાઇડમાં અમુક પ્રમાણમાં ઓપન સ્પેસ ફરજિયાત છોડવી પડે છે. મોટી સોસાયટીના કંપાઉન્ડમાં કો'ક ખૂણે ગાર્ડન પ્લોટ માટે ખુલ્લી જગ્યા ફાળવવી જ પડે છે. જગ્યા દેખાય ત્યાં આડેધડ બાંધકામ કરી દેવું તે કાયદાવિરુદ્ધ તો છે જ, શોભાવિરુદ્ધ પણ છે. આ વાત શિક્ષણક્ષેત્રે પણ લાગુ પડે છે.

● ● ●

## ❑ પરીક્ષાની પરીક્ષા

ક્ષુધાતુર માણસ ભોજન લે ત્યારે તેની ભોજનક્રિયા પાછળ ત્રણ ઉદ્દેશો હોય છે. સૌ પ્રથમ ઉદ્દેશ છે સ્વાદ.

બીજો ઉદ્દેશ છે તૃપ્તિ.

ત્રીજો ઉદ્દેશ છે પોષણ.

આમાં એક મુખ્ય ઓબ્જેક્ટ કહેવાય. બાકીના બન્ને ગૌણ ઉદ્દેશો ગણાય. સ્વાદ માટે પીપરમીંટ ખવાય છે પણ તેને તૃપ્તિ કે પોષણ સાથે નિસ્બત નથી. ક્યારેક તૃપ્તિ માટે સાદા દાળ ભાત પણ ચાલે, જે વિશેષ સ્વાદ કે પોષણ ન પણ આપે. બદામ પોષણ આપે પણ તે વિશેષ સ્વાદ કે તૃપ્તિનો અનુભવ ન પણ કરાવે. આમ ભોજનના ત્રણે ઉદ્દેશો પરસ્પર બંધાયેલા નથી અને તેથી જ ભોજનના મુખ્ય ઉદ્દેશ (પોષણ) ને મેળવવા માટે બીજા બન્ને ઉદ્દેશોને જાળવી રાખવાનું ફરજિયાત નથી. સ્વાદ અને તૃપ્તિને છોડીને પણ પોષણને જાળવી રાખવું શક્ય છે. સાદો અને ઓછો ખોરાક લાંબા જીવનની જડીબુટ્ટી ગણાય છે.

ભોજનના ત્રણ ઉદ્દેશો જેવા જ આજની શિક્ષણપ્રણાલીના પણ આવા ત્રણ ઉદ્દેશ છે.

પરીક્ષા,

ડિગ્રી અને

આજીવિકા.

(જો કે અહીં શિક્ષણના ઉદ્દેશ તરીકે સંસ્કરણ કે ચારિત્ર્યઘડતરનું તો કોઇ સ્થાન જ નથી.) ફરક એટલો કે ભોજનના ત્રણ ઉદ્દેશો પરસ્પર કાયમ સંલગ્ન નથી જ્યારે શિક્ષણના ત્રણે ઉદ્દેશો વચ્ચે ઘનિષ્ઠ સંલગ્નતા છે. આજે

શિક્ષણના માળખામાં શિક્ષણ કરતાં પરીક્ષાને વધુ મહત્ત્વ અપાય છે. વિદ્યાર્થી શાળા કે કોલેજમાં શિક્ષણ લેવા જાય કે ન જાય, પરીક્ષા આપવા માટે તો ચોક્કસ જાય છે.

અમુક તબક્કે ફ્રેન્ચ જેવી તદ્દન અજાણી અને અનુપયોગી ભાષા લેવા પણ વિદ્યાર્થીઓ લલચાય છે તેનું કારણ એ જ હોય છે કે તે સ્કોરિંગ સબ્જેક્ટ ગણાય છે. તેથી પરીક્ષાના પરિણામમમાં ખાસ્સો ફરક પાડી શકે. શિક્ષણના માળખામાં જો પરીક્ષા-લક્ષિતા ન હોત તો જેનો ક્યારેય ઉપયોગ કરવાનો ન હોય તેવી ભાષા કોણ શીખે ?

વાસ્તવમાં પરીક્ષા એ વિદ્યાર્થીની ગ્રહણશક્તિને અને શિક્ષકની અસરકારકતાને માપવાનું સાધન માત્ર છે. આજે આ સાધન, સાધ્ય બની ગયું છે. ભણતર માટે પરીક્ષા હોવાને બદલે આજે પરીક્ષા માટે ભણતર થયું છે. પરીક્ષાનું જ મુખ્ય લક્ષ્ય આવી જવાથી વિદ્યાર્થીમાં પહેલાં ગોખણવૃત્તિ અને સ્પર્ધાભાવ અને છેવટે લઘુતા કે ગુરુતાની ગ્રન્થિ આકાર લે છે.

ગાઇડ્સ વાંચીને કે જૂના પ્રશ્નપત્રો સોલ્વ કરીને, ગણિત ઉકેલવા માટે છેક કેલ્ક્યુલેટર પણ વાપરીને પરીક્ષામાં પાસ થવાનું જ વિદ્યાર્થીનું એકમાત્ર લક્ષ રહે છે. પેપરો ફૂટી જવાના બનાવોથી લઇને કૉપી મારવાની પ્રવૃત્તિ, આ બધું પરીક્ષાલક્ષી શિક્ષણની જ આડપેદાશ નહીં તો બીજું શું ?

એન્ટ્રન્સ ટેસ્ટ, યુનિટ ટેસ્ટ, ઓરલ ટેસ્ટ, ટર્મિનલ, પ્રિલિમ, સેમિસ્ટર, ફાઇનલ, પ્રેક્ટિકલ્સ ઉપરાંત ક્લાસિસની પરીક્ષાઓ તો જુદી. વિદ્યાર્થીએ સરેરાશ દર પંદર દિવસે પરીક્ષાનો સામનો કરવો પડે છે. શિક્ષણને બોજલ અને વિદ્યાર્થીને નિસ્તેજ બનાવવામાં વિષયોના ભારની જેમ પરીક્ષાઓની ભરમાર પણ અગત્યનું કારણ છે. હકીકતમાં આખી પરીક્ષાપદ્ધતિ પરીક્ષાપાત્ર છે. શું ભણાવાતા દરેક વિષયોની લેવાતી બધી જ પરીક્ષાઓ જરૂરી હોય છે ખરી ? શું ભણાવાતા દરેક વિષયની એક સરખી પદ્ધતિથી પરીક્ષા લેવી જરૂરી છે ?

ભાષા લખતાં, વાંચતાં, સમજતાં અને ઉચ્ચારતાં આવડે ત્યારે ભાષા આવડી કહેવાય. ભાષાની પણ આજે મુખ્યત્વે લેખિત પરીક્ષા જ લેવાય છે. આનું પરિણામ સ્પષ્ટ દેખાય છે કે એસ.એસ.સી.માં અંગ્રેજીમાં ૧૦૦ માંથી ૮૦ લાવનાર વિદ્યાર્થી સરળતાથી અંગ્રેજી બોલી શકતો નથી. વળી,

ધારણાશક્તિવાળો વિદ્યાર્થી આખું વરસ ધમાલ કરતો ફરે, પરીક્ષાના આગલા અઠવાડિયે કોર્સ ગોખી લે (ધારી લે), ઉત્તરપત્ર પર લખી દે, પછી ભલે બીજે દિવસે બધું ભૂલી જાય. વિદ્યાર્થી ઉત્તીર્ણ ! આની સામે પરીક્ષાના દિવસે જ કોઇ સિન્સિયર અને તેજસ્વી વિદ્યાર્થી સખત માંદો પડી જાય કે તેના ઘરે કોઇનું મૃત્યુ થયું હોય તો વિદ્યાર્થી નાપાસ.

ક્યારેક કોર્સ એટલો બધો વિસ્તૃત હોય છે કે તેનું સંપૂર્ણ અધ્યયન દુષ્કર જણાતાં વિદ્યાર્થીઓ, સંભવિતોમાં વિશેષ ધ્યાન આપે છે. કો'ક વિદ્યાર્થી આ રીતે એંશી ટકા કોર્સ તૈયાર કરી દે, પણ શેષ વીસ ટકામાંથી અડધોઅડધ પ્રશ્નો પૂછાય ત્યારે તેની મહેનત એળે જાય છે. જેણે પેલા વીસ ટકામાં બરાબર મહેનત કરેલી તે ફાવી જાય છે. આવો કોર્સ પાસ કરનારાને 'હોંશિયાર' કહેવો કે 'ભાગ્યશાળી', તેની ય ગડમથલ થાય.

વિષયો ભણાવનારા જુદા, પેપર કાઢનારા જુદા, સુપરવાઇઝર જુદા, પેપર તપાસનારા વળી એથી ય જુદા, આવી પરીક્ષાપદ્ધતિ સ્વયં પરીક્ષાપાત્ર છે. જે ભણાવે તે જ પરીક્ષા લે તો વિદ્યાર્થીનું કૌશલ્ય જાણીને અધ્યાપકને પોતાની અધ્યાપનપદ્ધતિમાં જે ફેરફાર કરવા જેવો લાગે તે કરી શકે.

દસ-દસ વિષયો સાથે (પેટાવિષય ગણો તો પૂરા પંદર વિષયો સાથે) એસ.એસ.સી. પાસ થવાનું કાર્ય પણ ઘણા વિદ્યાર્થીઓ માટે રાધાવેધ સાધવા જેવું આકરૂં કાર્ય થઇ પડે છે. ગણિતમાં કાચો હોય અને ભાષામાં ડિસ્ટિન્ક્શન લાવે તો પણ જ્યાં સુધી તે ગણિતમાં પાસ ન થાય ત્યાં સુધી બી.એ ન થઇ શકે. રુચિ કરતાં ભિન્ન વિષયમાં નિપુણતા મેળવવાની ફરજ પાડવી અને તે ન કેળવાય ત્યાં સુધી તેના રુચિકર વિષયના અભ્યાસને પણ રુંધી નાંખવો, તે 'શિક્ષણ' કહેવાય કે 'શોષણ' ?

એક ટ્રકડ્રાઇવરની વ્યથા-કથા ક્યાંક વાંચવા મળી હતી. પૂરા સત્તર વરસથી ટ્રક ચલાવતો હતો. લાઇસન્સ વિના. આશ્ચર્ય એ કે તેણે એક પણ અકસ્માત કર્યો નહોતો. છતાં ડ્રાઇવિંગ ટેસ્ટ આપી હતી અને દરેક વખતે ગભરાટના કારણે તે નાપાસ થયેલો. હકીકતમાં તે નાસીપાસ થતો હતો, નાપાસ નહીં. પણ તેને લાઇસન્સ ન મળી શક્યું.

પરીક્ષાનો 'હાઉ' આજ સુધી કેટલાય માસુમ વિદ્યાર્થીઓના જીવનને ભરખી ગયો છે. નાયલોનની દોરીએ પંખે લટકીને પરીક્ષામુક્તિ મેળવતા વિદ્યાર્થીની છપાતી મુંગી તસ્વીરોમાં શિક્ષણપ્રણાલીના પરિવર્તન માટેના વણખેડાયેલા જંગમાં શહાદત વહોરી લેનારા શહીદોનાં દર્શન થવાં જોઇએ. વાસ્તવમાં આજની શિક્ષણપદ્ધતિ માનસચિકિત્સકોનો ધંધો વિકસાવી રહી છે. સાઇકીયાટ્રીકના આંગણે આવનારા કુમારાવસ્થા સુધીના દરદીઓમાં ૭૫ ટકા દરદીઓ શિક્ષણની તાણનો ભોગ બનેલા હોય છે. થોડા સમય પહેલાંની જ વાત છે. પરિણામ જાહેર થાય તે પહેલાં જ બારમા ધોરણના એક વિદ્યાર્થીએ રેલ્વે ટ્રેક પર કૂદી પડીને આત્મહત્યા કરી. ડૉક્ટર સભ્યોથી ભરેલા કુટુંબમાં આ વિદ્યાર્થી એમ માનતો હતો કે તેને મેડિકલ કોલેજમાં પ્રવેશ નહીં મળે. તે પરિણામને કારણે નહીં, તાણને કારણે મૃત્યુ પામેલો, કારણ કે જ્યારે પરિણામ જાહેર થયું ત્યારે તે બિચારો પાસ જાહેર થયો હતો અને તે પણ ઘણાં ઊંચા ગુણાંક સાથે !

બોરિવલીમાં રહેતા એક તેજસ્વી સાયન્સ સ્ટુડન્ટે બારમાની ફાઇનલ પરીક્ષા માટે ભારે પરિશ્રમ ઉઠાવ્યો. બરાબર પરીક્ષાના દિવસે જ સવારથી અતિ તાણના કારણે તેને પરીક્ષા સેન્ટરને બદલે ડૉક્ટરના ક્લિનિકમાં એડમિટ થવું પડ્યું. સાંજ સુધીમાં તેને રાહત થઇ ખરી પણ પહેલું પેપર વીતી ગયું હોવાથી તે લાચાર હતો. આ લખાઇ રહ્યું છે ત્યારે તે યુવક ફેબ્રુઆરી મહિનાની તૈયારીમાં પડ્યો છે.

નેશનલ ક્રાઇમ રેકોર્ડ્ઝ બ્યુરોએ જાહેર કરેલા આંકડાઓમાં પણ બાળકોની આત્મહત્યાની સંખ્યા પાંચ આંકડામાં હોય છે અને મોટા ભાગના બાળકોને શિક્ષણની તાણ આવું પગલું ભરવા પ્રેરે છે. એક તો ભાન વગરનો ભાર ધરાવતું ભારેખમ સિલેબસ, તેમાં વળી મોટા ભાગે ઘણાને ન ફાવતું અંગ્રેજી ભાષાનું માધ્યમ, હરીફાઇનો માહોલ, તેમાં વળી વાલીઓની અપેક્ષાનું દબાણ વધે. વર્ષભરનો વેઠેલો ખર્ચ અને ઉઠાવેલો પરિશ્રમ રિ-ટેક માંગશે તો ! એવી ચિંતા... પછી ફ્રસ્ટ્રેશન... નર્વસ બ્રેકડાઉન... અને છેલ્લે... છેલ્લું પગલું !

ક્યારેક તો દીકરાના મોંઘાદાટ શિક્ષણના ખર્ચને પહોંચી ન વળતા તેના વાલીને પણ તાણનો ભોગ બનવું પડે છે. ટ્યુશન્સ અને કલાસિસની ઊંચી ફીની બળતરા એવી તો જલદ હોય છે ટીચર અને ટિંક્ચર વચ્ચેનો ભેદ

ભુંસાય છે. પરીક્ષાનું સ્ટેટસ આજે આરાધ્યદેવી કરતાં જરાય ઊતરતું નથી. આ દેવીની કૃપા પોતાના સંતાનને મળે તે માટે વાલીઓએ ઘણા 'નૈવેદ્ય' છેકથી છેક ધરવા પડે છે. પરીક્ષાના અંતે જ પાસ કે નાપાસનું પરિણામ મળે. પરીક્ષામાં મળેલા માર્ક્સ પરથી જ વિદ્યાર્થીનું સ્ટેટસ નક્કી થાય છે. સ્કૂલ, કોલેજ કે અન્ય અભ્યાસક્રમો બધું પરીક્ષાના પરિણામ પર આધારિત છે. વ્યવસાય કે સર્વિસને પણ પરીક્ષાના પરિણામ સાથે, ડિપ્લોમા કે ડિગ્રી સાથે જોડવામાં આવ્યા છે. આમ શિક્ષણના ત્રણે ઉદ્દેશો સંકળાઇ જવાથી વિદ્યાર્થિતા અને વ્યવસાયાર્થિતા પરસ્પર જોડાઇ ગયા અને ચારિત્ર્યઘડતર તો વિસ્મૃતિની ગુફામાં ગંધાતું હોય છે.

ટેક્નોલોજીએ શિક્ષિત બેકારોની ફોજ ખડી કરી છે અને નોકરી માટે પણ એસ.એસ.સી. કે ગ્રેજ્યુએટની લઘુતમ લાયકાતના નિયમે કાર્યદક્ષ પણ અશિક્ષિત એવા વર્ગને બેકારીમાં સબડતા રાખ્યા છે. આ કથા આગળ જતા કરુણાંતિકામાં પરિણમે છે.

પરીક્ષાની જેમ માર્ક્સ પદ્ધતિ પણ વિચારણીય છે. સ્કૂલમાં યુનિફોર્મને ફરજિયાત બનાવવા પાછળ એવો તર્ક અપાય છે કે યુનિફોર્મ એક સરખો હોવાથી ગરીબ તવંગરનો ભેદ ન જણાય અને બાલમાનસને લઘુતા કે ગુરુતાની ગ્રંથિ ન પીડે માટે યુનિફોર્મ જરૂરી છે. આ જ તર્ક માર્ક્સ પદ્ધતિ સામે કેમ ન લાગી શકે ? એકાદ માર્ક માટે રેન્ક ચાલી જાય કે અડધો માર્ક ઓછો પડવાથી મેરિટ લિસ્ટમાંથી સ્થાન ગુમાવનાર વિદ્યાર્થીને, મેળવેલા માર્ક્સના આનંદ કરતાં ગુમાવેલા ગૌરવનો ખેદ પારાવાર હોય છે. માર્ક્સની વધેલી મહત્તા એ વિદ્યાર્થીનાં મનને કોરી ખાતી ઉધઇ છે.

બાળકની બુદ્ધિના વિકાસ કરતાં તેનાં મનની માવજત વધુ અગત્યની ચીજ છે. આ સાદી સમજણ પણ ન આપી શકે તે શિક્ષણપદ્ધતિનું પડીકું વાળી દેવું જોઇએ. પરીક્ષાના આધારે ડિગ્રી અને ડિગ્રીના આધારે આજીવિકા ઊભી થતી હોવાથી આ સમસ્યા છે. આ ત્રણે અંકોડા, જે પરસ્પર સંકળાયેલા છે, તે જો છૂટા થઇ જાય તો પરિસ્થિતિ ઘણી હળવી બની શકે અને લોકો દુર્ધ્યાનથી દૂર રહી શકે. આજે માનસચિકિત્સકોનાં ઘણા ખરા બિલોનું સસ્પેન્સ, પરીક્ષાના ટેન્સ અને ક્લાસિસના એક્સ્પેન્સમાં પડ્યું છે.

● ● ●

## ❑ પ્રક્રિયા અંગે પ્રતિક્રિયા

ગુજરાતી પાઠ્યપુસ્તકમાં એક વાર્તા આવે છે : એક પારધી શિકાર કરવા માટે જંગલમાં ગયો. છેક સાંજે પણ શિકાર ન મળતાં તે તળાવ પાસેના ઝાડ ઉપર બેઠો. ત્યાં એક હરણ આવ્યું. પારધીએ તેને મારવા બાણ ચઢાવ્યું ત્યાં હરણે આજીજી કરી 'ઘેર જઇને બચ્ચાને અને હરણીને મળી આવું પછી મને મારજે.' પારધીએ વિશ્વાસ રાખી તેને જવા દીધું. થોડી વાર થતાં હરણનું બચ્ચું આવ્યું. તેણે કહ્યું 'મારા માતા-પિતાને મળીને આવું પછી મને મારજે.' પારધીએ વિશ્વાસ રાખીને તેને પણ જવા દીધું. થોડી વારે હરણી આવી. તેણે પણ પતિ અને બચ્ચાને મળી લીધા બાદ મારવા કહ્યું 'ત્રણે ઘેર ગયાં. મળ્યાં. ખૂબ મળી લીધું. ધરાઇ ધરાઇને મળી લીધા બાદ ત્રણે પેલા પારધી પાસે આવ્યા. પારધી ત્રણેને જોઇને ગળગળો થઇ ગયો. સજળ નેત્રે રૂંધાતા સ્વરે એ બોલ્યો.'તમે....તમે... કેવા મહાન... કેવા સાચાબોલા છો. કેવા પ્રામાણિક છો. તમને મારીને મારે ક્યાં જવું ? ના, હું તમને નહીં મારું. મારાં બાળકો માટે તો હું ફળ-ફૂલ લઇ લઇશ અને આમ હરણાં બચી ગયાં.'

વર્ગખંડમાં કાગળ પરનો આ પાઠ શિક્ષકના મુખમાધ્યમે ચલાવાય છે. એ પાઠ 'ચાલે' છે એટલે શું થાય છે કે શું થવું જોઇએ તેની હજી સુધી કોઇને ખબર પડી નથી. શિક્ષક વાંચે છે, વિદ્યાર્થી વાંચે છે, અઘરા શબ્દોના અર્થ કહેવાય છે. પછી શિક્ષક પાઠ સમજાવે છે. પછી નિમ્નોક્ત પ્રશ્નોના જવાબ આઇધર શિક્ષક ઓર વિદ્યાર્થી આપે છે. શિક્ષક કાં તો ડિક્ટેટ કરાવે છે અથવા ગાઇડમાંથી જવાબો લખી લેવાની સૂચના આપવાની તસ્દી લે છે.

તે પ્રશ્નો કેવા છે ? ઉદાહરણ તરીકે:

તળાવની પાસે પહેલું કોણ આવ્યું ? બીજું કોણ આવ્યું ? છેલ્લે

કોણ આવ્યું ?

હરણીએ પારધીને શું કહ્યું ? ઝાડ કેવું હતું ?

પારધીએ હરણોને શું કહ્યું ? સુલભ રીતે મેળવીને જવાબો નોટમાં લખાય છે. હોમવર્ક રૂપે બે ત્રણ વખત લખે છે, ને પાઠ 'ચાલી ગયો''સમજાવાઇ ગયો.'

દોઢસો રૂપિયે ડઝન મળતી નોટબુકના મોંઘાદાટ કાગળ ઉપર તો ઘણુંબધું આવી ગયું, પણ વિદ્યાર્થીના મહામોંઘા હૃદયમાં શું ઊતર્યું ?

કદાચ કાંઇ નહીં. કારણ કે જે જવાબ અત્યારે લખાઇ ગયા તે કદાચ પરીક્ષાની પૂર્વસંધ્યાએ જ વંચાશે. પરીક્ષામાં પ્રશ્નો પૂછાશે,'તળાવની પાસે પહેલું કોણ આવ્યું ?' વિદ્યાર્થી સ્વચ્છ અક્ષરે લખશે 'હરણ.' શિક્ષક તેના માર્કસ આપશે. વિદ્યાર્થી 'પાસ' થશે. જો વિદ્યાર્થી 'હરણનું બચ્ચું' લખે તો ખોટું. કદાચ 'નાપાસ'.

આમ જ વર્ષોવર્ષ પાસ થવાય છે, થતા રહેવાય છે. એક કિક વાગતા ફૂટબોલ પણ પાસ થાય છે તેમ. હૃદયની તૃષાતુર ધરતી કદી સંવેદનાની ભીનાશ અનુભવતી નથી. તેમાં પ્રેરણા અને સુસંસ્કારોનાં બીજારોપણ કદી થતાં નથી. અર્થપૂર્ણ પ્રશ્નો દ્વારા એ કદી ખોદાતી નથી કે ખેડાતી નથી. સચ્ચરિત્ર વિશે જાણયાના અસીમ આનંદનું ખાતર પાણી એને કદી મળતું નથી અને પરિણામે 'ઘડતરનું' ફળ કદી પ્રાપ્ત થતું નથી. વ્યક્તિને પણ અને સમાજને પણ.

જરા આ પ્રશ્નો પણ જોઇએ :

(૧) હરણાએ પાછા ફરવાનું વચન આપવા છતાં જો તે પાછું ફર્યું ન હોત તો ?

(૨) પારધીએ હરણોને કહ્યું કે તમને મારીને હું ક્યાં જાઉં ? જો પારધીએ હરણોને માર્યા હોત તો તે ક્યાં જાત ? અને કેમ ?

(૩) પારધીએ હરણોને કેમ ન માર્યા ?

આના ઉત્તર મેળવવા વિદ્યાર્થીએ કલ્પનાઓ કરવી પડશે, વિચાર કરવો પડશે, મથામણ પણ.

વ્યાવહારિક તથ્યો અને સનાતન સત્યો વચ્ચેનું અંતર તેના ધ્યાનમાં આવશે, એમાંથી કંઇક સમજણ પડશે, કંઇક પ્રેરણા મળશે. આદર્શ કેવા હોય ?

અને ધ્યેય શું હોય ? તેની અનુભૂતિ થશે, જે કદાચ અભિવ્યક્તિને પેલે પાર પણ હોય. મૂલ્ય શું છે ? સિદ્ધાંત કેવા હોય ? તેની ખબર મળશે અને આવાં મૂલ્યોને આધારે અને તેનું જતન કરનારા લોકોને કારણે જ દુનિયા ટકી રહી છે એવી કંઇક પ્રતીતિ થશે કે જેને માટે તો ખરેખર આ પાઠ ચલાવાય છે. પરંતુ આવું કરે કોણ ? કારણ કેટલાક શિક્ષકો અને માતાપિતાઓએ પોતે જ ઉપરોક્ત ત્રણ પ્રશ્નોના નિમ્નોક્ત જવાબો આપ્યા છે. પહેલા પ્રશ્નના ઉત્તરો (૧) કશું ન થાત. (૨) હરણોનો જીવ બચી જાત. (૩) પારધી રાહ જોતો બેસી રહ્યો હોત, વગેરે વગેરે. કોઇએ એમ ન કહ્યું કે પારધીનો વચનપાલન ઉપરનો વિશ્વાસ ડગી ગયો હોત અને એકંદર માનવજાતને મૂલ્યનિષ્ઠા ઉપર ઘૃણા ઊપજી હોત.

બીજા પ્રશ્નના ઉત્તરો (૧) ઘેર જાત (૮૦ ટકા લોકોનો ઉત્તર.) (૨) મૌન (૧૦ ટકા લોકોનો ઉત્તર), (૩) નરકે જાત (૧૦ ટકા લોકોનો ઉત્તર).

ત્રીજા પ્રશ્નના ઉત્તરો (૧) એને દયા આવી, (૨) હરણો સાચાબોલાં હતાં, (૩) હરણો નિર્દોષ હતાં, વગેરે વગેરે. તાત્પર્ય એ છે કે શિક્ષકો અને વાલીઓને પણ પાઠના હાર્દ ઉપર આંગળી મૂકતાં આવડ્યું નથી. એટલે મર્મ શીખવવાને બદલે ઉપર ઉપરનું, આજુબાજુનું બિનજરૂરી શિક્ષણ ચાલ્યા કરે છે ને બધું યાદ કરવાની, લખવાની, ગોખવાની બાળમજૂરી ચાલ્યા કરે છે.પરીક્ષામાં થતી ચોરીઓ, પેપરો તપાસવામાં થતા ભ્રષ્ટાચાર વગેરે અનિવાર્ય દૂષણો શિક્ષણના આવા પરીક્ષાલક્ષી ઢાંચાની સાથે 'લસણમાં વાસ' ની જેમ સંકળાયેલાં છે. આવા જડ ચોકઠામાંથી છોડાવીને શિક્ષણને સંસ્કરણનો ઓપ અપાશે તો જ વિદ્યાર્થીનું મગજ માત્ર માહિતીઓનું ગોડાઉન બનવાને બદલે તેનું જીવન સંવેદનાત્મક જ્ઞાનનું પવિત્ર મંદિર બનશે.

સત્યનિષ્ઠા, વચનબદ્ધતા અને દયાનું મૂલ્ય મનમાં ને જીવનમાં ઠસાવી દેવામાં ગજબની સહાય કરી શકે તેવા જ્વલંત પાઠોને માહિતી પ્રધાનતાનું ક્લોરોફોર્મ સુંઘાડીને આખા પાઠમાંથી સંવેદનાને બેહોશ કરી દેવામાં આવી છે. પછી પાઠનું માત્ર કલેવર જ બચે છે. ઉક્ત પ્રસંગાલેખન પછી ઇન્દુમતી કાટદરે કરેલું વિધાન ''આજે ભણાતરનો ઉદ્દેશ જ ખોવાયો છે.'' તે ખૂબ માર્મિક અને વેધક છે.

આ તો ઉદાહરણમાત્ર છે. પ્રશ્નપદ્ધતિ અને પરીક્ષાપદ્ધતિ પણ વિદ્યાર્થીની

વિચારશક્તિને મૂલ્યો તરફ વળાંક આપે તેવી જોઇએ. એકલું પુસ્તકિયું શિક્ષણ અને ગોખણિયાવૃત્તિના જવાબોવાળી પરીક્ષાપ્રથા સર્જનાત્મક બુદ્ધિમત્તા કે વ્યક્તિત્વનું નિર્માણ ન જ કરી શકે.

જ્ઞાનપ્રાપ્તિ માટેના ત્રણ મહત્ત્વના પરિબળો છે.

(૧) પ્રતિભા,

(૨) પરિશ્રમ,

(૩) પ્રક્રિયા.

તેજસ્વી વિદ્યાર્થી ઓછા સમયમાં ઘણું સારું અને સ્પષ્ટ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. ડલ વિદ્યાર્થીની વાત તેનાથી સાવ વિપરિત હોય છે. પ્રતિભા એ કુદરતી ચીજ છે. કોઇ તેને ભાગ્ય કહે છે, કોઇ પુણ્ય કહે, કોઇ તેજસ્વિતા કહે, કોઇ હોંશિયારી કહે. જૈન દર્શન તેને જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કહે છે. આ પ્રતિભા સામાન્ય રીતે જન્મજાત અને પ્રકૃતિની દેનરૂપ છે. છતાં, તે પ્રતિભામાં વિકાસ કે હાનિ પણ સંભવી શકે.

મંદ પ્રતિભાવાળો પણ વધુ પરિશ્રમ કરવાથી સાચો જ્ઞાની બની શકે. સતત પ્રયત્ન, સખત પ્રયત્ન અને સરસ પ્રયત્ન, જ્ઞાનપ્રાપ્તિની એક પ્રચંડ સાધના બની રહે.

જ્ઞાનપ્રાપ્તિ માટે ત્રીજું અત્યંત મહત્ત્વનું પરિબળ છે 'પ્રક્રિયા'. અધ્યયન અને અધ્યાપનની પ્રક્રિયા કે પદ્ધતિ પણ એક મોટું જવાબદાર ફેક્ટર છે. તેથી જ સિસ્ટમ કે માળખાનું મહત્ત્વ ઘણું વધી જાય છે.

શિક્ષણનું વર્તમાન માળખું શુષ્ક અને માહિતીપ્રધાન હોવાથી સંવેદનશૂન્ય બન્યું છે. શિક્ષણપ્રક્રિયા આનંદમય અને રસાળ હોવી જોઇએ તેવો નિષ્ણાતોનો પણ અભિપ્રાય છે પણ શિક્ષણનું કદ અને મૂલ્યહીન સ્વરૂપ આ અભિપ્રાયને અમલ સુધી પહોંચતો અટકાવે છે. માહિતીઓની પ્રધાનતા હંમેશા શુષ્કતા સર્જે છે. ઇમોશન્સ સર્જવા માટે શિક્ષણમાં મૂલ્યોની પ્રધાનતા હોવી જરૂરી છે. કારણ કે માહિતીનો સંબંધ બુદ્ધિ સાથે છે જ્યારે મૂલ્યોનો સંબંધ લાગણીતંત્ર સાથે છે.

કોરી, પરીક્ષાપ્રધાન, લાગણીશૂન્ય શિક્ષણપદ્ધતિ જે અત્યારે ચાલી

રહી છે, તેમાં સંવેદના જાગ્રત કરે તેવા કોઇ પાઠો નથી. વિદ્યાર્થીને યાદ રાખવું પડે તેવું ઘણું બધું છે પણ મગજ કસવું પડે, મથામણ ને કલ્પનાઓ દ્વારા જવાબો મેળવવા પ્રયત્ન કરવો પડે, તેવું કશું નથી. આથી વિદ્યાર્થીના મગજમાં 'ક્રિએટીવિટી' પાંગરી શકતી નથી, સંવેદનશીલતા ખીલી શકતી નથી કે વ્યક્તિત્વ અને ચારિત્ર્યનું ઘડતર પણ શક્ય બનતું નથી.

ઇંગ્લેન્ડની શિક્ષણ પદ્ધતિનું અહીં બેઠું અવતરણ થવાના કારણે આ પરિણામ આવ્યું છે. બેલ્જિયન શિક્ષણશાસ્ત્રી બ્રોને કહેલું,''ઇંગ્લેન્ડની પ્રાથમિક શાળાઓ જોવાથી ઘણો લાભ થાય તેમ છે, કારણ કે તેનાથી શિક્ષણમાં શું ન હોવું જોઇએ તેની પૂરેપૂરી માહિતી મળી શકે છે.'' શિક્ષણ બુદ્ધિલક્ષી ઓછું અને જીવલક્ષી વધું હોવું જોઇએ.

ગાંધીજીએ પોતાની માતા પૂતળીબાઇના કહેવાથી જીવનમાં વ્યસનો અને દુરાચારથી દૂર રહેવાની પ્રતિજ્ઞા કરી હતી. તે વાત ગુજરાતી પાઠ્યપુસ્તકના પાઠમાંથી જાણીને એક વિદ્યાર્થી જીવનભર વ્યસનો અને દુરાચાર નહીં સેવવાનો સંકલ્પ કરે છે, પણ પાઠના શબ્દે શબ્દને પકડીને પ્રશ્નોના જવાબ આપવાની તેની ક્ષમતા કાચી છે. બીજા વિદ્યાર્થીની તેવી ક્ષમતા ઘણી પાવરફુલ છે. પણ તે અનેક વ્યસનો અને કુટેવોથી અભડાયેલો છે અને તેમાં વધુ ને વધુ ચકચૂર બનતો જાય છે. પરીક્ષકના મૂલ્યાંકમાપદંડ શું ? પાઠ્યપુસ્તકના શબ્દોને ઉત્તરવહીમાં સરસ રીતે ઉતારી શકે તેનો ગ્રેડ ઊંચો અને તેને જીવનમાં સરસ રીતે ઉતારી શકે તેનો ગ્રેડ નીચો ? શિક્ષણમાં પીરસાતા પદાર્થોને મગજમાં જડબેસલાક બેસાડી દેવા માટે પરીક્ષા કદાચ કામની ગણી લઇએ તો પણ મૂલ્યાંકનના એકમેવ માપદંડ તરીકે તેને રાખવાનો ટ્રેન્ડ જ્યાં સુધી નહીં બદલાય ત્યાં સુધી વિદ્યાર્થીનો (ગમે તે રીતે) માર્ક્સ સ્કોર કરવાનો અને શિક્ષકોથી માંડીને, ચાલતા પ્રાઇવેટ ક્લાસિસનો તેમાં સહાયક બનવાનો જ ઉદ્દેશ રહેવાનો.

ભોજન કરી રહેલા અતિથિને હાથ દ્વારા જ ભાત પીરસવામાં આવે તે કેવું લાગે ? અને તેના બદલે ચકચકતા ભાતિયાથી તે પીરસાય તો ? ભાતમાં અલબત્ત, કંઇ જ ફરક ન પડતો હોવા છતાં પણ સર્વિંગ પ્રક્રિયાના પ્રત્યેક ફેક્ટર તે સર્વિંગને કંઇક સારો કે નરસો રંગ આપી શકે છે. આવું જ શિક્ષણ અંગે

પણ છે. ફિઝિક્સ અને કેમિસ્ટ્રી જેવા વિજ્ઞાનના વિષયોમાં થીયરી સાથે પ્રક્ટિકલ શિક્ષણને પણ આવરી લેવાયું છે. આવો સમન્વય શેષ વિષયોમાં પણ શા માટે નહીં ? ઇતિહાસના વિષયમાં ગાંધીજીની સ્વદેશી ચળવળના પાઠ ભણાવ્યા બાદ સ્વદેશાભિમાનની ખુમારી પ્રગટાવતી ચાર એડિશનલ વાતો શિક્ષક ન જણાવી શકે ? પેપ્સી કે કેલોગ્સના કોર્નફ્લેક્સને સૂંઘવા પણ નહીં તેવો પવિત્ર સંકલ્પ શું ન કરાવી શકાય ?

હિંદુસ્તાનની ગરીબીની વાતો કર્યા પછી વિદ્યાર્થીઓને ફેશન અને વ્યસન પાછળ થતા દુર્વ્યયને રોકવા કેમ કહી ન શકાય ? નવસારી અને સાબરમતી પાસે ચાલતા તપોવનમાં આવી પ્રેક્ટિકલ બેઇઝ્ડ શિક્ષણપ્રણાલીએ અદ્‌ભુત પરિણામ લાવી આપ્યું છે. ત્યાંના સંકુલમાં એક 'ગુરુજનપૂજાખંડ' છે, જ્યાં માતા પિતાને નમન કરી તેમના આશિષ મેળવવાનું પ્રેક્ટિકલ કરાવાય છે, ત્યાં કોઇ રોઝ ડે ઊજવાતા નથી, પણ 'વનસ્પતિપ્રેમ'નું જીવંત શિક્ષણ અપાય છે. પશુપ્રેમના શિક્ષણને જીવંત બનાવવાના પ્રયોગરૂપ બાળકો નજીકની ગૌશાળામાં ગાયોને ઘાસ ખવડાવે છે ને આંગણાનાં કૂતરાઓને રોટલા નાંખે છે. અઠવાડિયામાં એક દિવસ બાળકો પોતાનો નાસ્તો છોડી દે છે અને તે બચેલો નાસ્તો સંકુલની બહાર જઇ ગરીબ અપંગને આપીને 'માનવપ્રેમ'ના શિક્ષણને જીવંતતા બક્ષે છે.

શિક્ષણને સંસ્કરણનો પર્યાય બનાવવાનો એકમાત્ર ઉપાય છે, તેને બોજલતા અને શુષ્કતાના અભિશાપમાંથી છોડાવીને નિર્માણલક્ષી અને પ્રેક્ટિકલ બનાવવું.

જીવનમાં મૂલ્યોને ઠસાવવામાં પરીક્ષા પદ્ધતિની જેમ પ્રશિક્ષણ પદ્ધતિ પણ અગત્યનો ભાગ ભજવે છે. આ ભાર શિક્ષકોના માથે વધુ રહે. સમગ્ર શૈક્ષણિક માળખામાં શિક્ષક એક એવું ઘટક છે, જે ધારે તો શિક્ષણમાં રહેલી ત્રુટિઓને પણ હડસેલો મારી શકે.

એક અનુભવી વૃદ્ધે વર્ષો પહેલાની પોતાની ગામઠી શાળામાં વીતેલા વર્ષોની અનુભવકથા કહેતા એક સુંદર પ્રસંગ જણાવ્યો :

"ગણિતના વિષયમાં માસ્તર સાહેબે જ્યારે ૨+૩=૫ શીખવ્યું ત્યારે

મેં એક અતાર્કિક સવાલ છેડ્યો,''ગુરુજી ! ૨+૩=૪ કેમ ન થાય ? પાંચ જ કેમ થાય ?'' ગુરુજીએ જવાબ આપ્યો ''૨+૩=૪ કરીએ તો લેણદારને એક રૂપિયો ઓછો અપાઇ જાય અને ૨+૩=૬ કરીએ તો દેણદાર પાસેથી એક રૂપિયો વધારે લેવાઇ જાય. લેણદારને રૂપિયો ઓછો ન અપાઇ જાય અને દેણદાર પાસેથી રૂપિયો વધારે લેવાઇ ન જાય માટે ૨+૩=૫ જ કરાય, ૪ કે ૬ ન કરાય.''

આજે તે નાદાન અવસ્થામાં પૂછાયેલા સવાલનો વિચાર કરું છું ત્યારે તે સવાલમાં જડાયેલી મૂર્ખતા ઉપર મને હસવું આવે છે, પણ તે મૂર્ખ સવાલે પણ મને કેવું ઇમાનદારીનું ડહાપણ શીખવ્યું તે વિચારું છું ત્યારે, તે વખતની મારી તે મૂર્ખતા ઉપર પણ મને ગૌરવ થાય છે.''

આજે જીવનના કોઇ ખાંચામાં કેળવણીની સુવાસ વર્તાતી નથી કારણ કે શિક્ષણના સમગ્ર ઢાંચામાંથી જ તે દૂર થઇ ગઇ છે.

● ● ●

## ❑ ઉપવનની દુર્ગંધ

વિજયાદશમીને દિવસે રાવણનાં પૂતળાનું દહન કરવાનો રિવાજ ચાલે છે. અનૈતિકતા અને અનાચાર પ્રત્યેનો આક્રોશ વ્યક્ત કરવા તે લોકો આવી પૂતળાદહનની પ્રક્રિયા કરતા હતા. એક વખત પૂતળું બળ્યું નહીં. પેટાવેલી આગનું સૂરસૂરિયું જ થઇ ગયું. તપાસ કરતા ખ્યાલ આવ્યો કે પૂતળામાં અંદર ભરેલો દારુગોળો ભેળસેળિયો હતો. અનીતિ સામેની પ્રક્રિયામાં જ અનીતિ છતી થઇ ગઇ.

નવી પેઢીમાં મૂલ્યોની પ્રતિષ્ઠા કરવાના પરમ ધ્યેયને વરેલું શિક્ષણતંત્ર સ્વયં જ મૂલ્યપ્રતિષ્ઠિત હશે ખરું ? અનૈતિકતાના પોષણ થકી મેળવાતું શિક્ષણ વિદ્યાર્થીને નૈતિક બનાવે તે અપેક્ષા જ વ્યર્થ છે.

પ્લે ગ્રુપ, નર્સરી કે કે.જી.ના જે પ્રવેશથી બાળકના શૈક્ષણિક જીવનનો પ્રારંભ થાય છે તે અમૂલ્ય પ્રવેશ (મૂલ્ય વગરનો પ્રવેશ?) તેને લાગવગ, ભ્રષ્ટાચાર અને ડોનેશનનાં ત્રણ પ્રેતનું આરાધન કરીને મેળવવો પડતો હોય તો બાળક એકડાની અસરમાં પછી આવે છે, ભ્રષ્ટાચારની અસર હેઠળ પહેલા આવે છે. 'જલે વિષ્ણુઃ સ્થલે વિષ્ણુઃ, વિષ્ણુઃ પર્વતમસ્તકે' ની જેમ શિક્ષણતંત્રમાં ભ્રષ્ટાચાર ફેલાઇ રહ્યો છે.

ડૉક્ટર પાસેથી ખોટા સિક સર્ટિફિકેટ મેળવીને જ્યાં રજાઓ પાડી શકાતી હોય,

કોલેજમાં ગેરહાજર રહેવા છતાં જ્યાં પ્રોક્સી અટેન્ડન્સ પૂરાવી શકાતી હોય,

ભ્રષ્ટાચારની ચાવીથી પરીક્ષાનાં પેપરો ખોલી શકાતા હોય,

અગાઉથી લખી રાખેલાં કે કોપી કરીને લખેલાં ઉત્તરપત્રો સબમિટ કરી શકાતા હોય,

ક્યાંક સુપરવાઇઝરની 'અમીદૃષ્ટિ' મેળવીને માસ કોપીરાઇટિંગ થઇ શકતું હોય,

પરીક્ષકને ફોડીને ધાર્યા માર્કસ્ મેળવી શકાતા હોય,

મેરિટ્સ પર પ્રવેશ ન મળે તો ભ્રષ્ટાચારથી બી.સી. બનીને સવર્ણ વિદ્યાર્થી

પણ અનામતની સીટ ઉપર ધારેલી ફેકલ્ટીમાં સુખેથી એડ્‌મિશન મેળવી શકતો હોય તો શિક્ષણસંસ્થા અને ભ્રષ્ટાચારશિક્ષણસંસ્થા વચ્ચે અભેદ સધાય છે.

આજકાલ એવી રીતસરની એજન્સીઓ ચાલતી હોવાનું કહેવાય છે. એચ.એસ.સી.માં ભણતા વિદ્યાર્થીઓને ઘેરબેઠા તે એજન્સીઓ તરફથી પત્ર પહોંચે છે, જેમાં તે વિદ્યાર્થીઓને તેમની ધારણા મુજબની મેડિકલ કે એન્જિનીઅરિંગ વગેરે ફેકલ્ટીમાં પ્રવેશ અપાવવાની ગેરેન્ટી અપાય છે. અલબત્ત, બાળકની શૈક્ષણિક ક્ષમતા વધારી દેવાના વિશ્વાસ પર આવી ગેરેન્ટી અપાતી નથી, વિદ્યાર્થીને કાયદેસરની (!) કાર્યવાહી કરીને બી.સી. તરીકે પ્રમાણિત કરી દેવાય છે અને તે દ્વારા ઓછા મેરિટ્સ ઉપર પણ અનામત સીટ પર પ્રવેશ અપાવાય છે. આ સમગ્ર પ્રોસીજર માટે વિદ્યાર્થીએ લાખો (રિપીટ, લાખો) રૂપિયાનો ચાર્જ આપવાનો રહે છે. તેમાંથી અડધી રકમ તેવી સંસ્થાઓએ આ સમગ્ર કાર્યવાહી કરવા માટે સંકળાયેલી કરપ્ટેડ સિસ્ટમને પોષવા માટે ખર્ચવી પડતી હોય છે અને શેષ અડધી રકમ તેની આ 'બાહોશી' માટેનો પુરસ્કાર બની રહે છે.

થોડા વર્ષો પૂર્વે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાના ગણિત તથા અંગ્રેજીના મોડરેટરને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. તેનું કારણ એ હતું કે પૈસા લઇને વિદ્યાર્થીઓના માર્ક્સમાં ફેરફાર કરતા તે પકડાઇ ગયા હતા. આ બન્ને મહાનુભાવો ગુજરાતની શિક્ષકની પ્રશિક્ષણ વિદ્યાલયના (બી.એડ્. કોલેજના) અધ્યાપકો હતા. માધ્યમિક શાળાના શિક્ષકોને ઘડનારા અધ્યાપકો જો આ રીતે 'બરાબરના ઘડાયેલા' હોય તો તેમના થકી ઘડાયેલા શિક્ષકો પાસેથી અને તેવા શિક્ષકો પાસેથી ઘડતર પામેલા વિદ્યાર્થીઓ પાસેથી કેટલી અપેક્ષાઓ રાખી શકાય ?

ક્યારેક શિક્ષકો સપ્તાહના આઠથી દસ પિરિયડમાં આખો ક્લાસ મોનિટરના ભરોસે સોંપીને ફરવા માટે, ગપ્પા મારવા માટે કે આરામ ફરમાવવા માટે નીકળી પડતા હોય ત્યારે આવા શિક્ષકો તે વખતે ક્લાસમાં હાજર રહ્યા વગર બાળકને કંઇક શીખવતા હોય છે, તેનું નામ છે 'કામચોરી'.

સ્કૂલમાંથી જતી ટ્રીપો વખતે પણ ક્યારેક વિદ્યાર્થીને અડધી ટિકિટ કે ફ્રી ટિકિટ મેળવવા માટે ઉંમરમાં ફેરફાર કરવાની અનીતિ શીખવાતી હોય છે.

સાથે આવા પ્રવાસોમાં લોજવાળા, ઘોડાગાડીવાળા કે રિક્ષાવાળાને છેતરવાનું પ્રાયોગિક શિક્ષણ પણ ક્યારેક અપાતું હોય છે.

સ્કૂલોમાં યોજાતા 'આનંદ બજાર'માં વિદ્યાર્થીઓ વિવિધ ચીજ વસ્તુઓનો સ્ટોલ બનાવીને પોતે વેપારી બને છે અને આવા આનંદ બજારો ઘરાકને કેમ ઓછું આપવું, ખરાબ આપવું અને વધુમાં વધુ નફો કેમ કરવો તેની પ્રાયોગિક શિક્ષણશાળા બની રહેતી હોય છે.

શિક્ષણસંસ્થાના વહીવટ માટેની ચૂંટણીઓમાં પણ ભરપૂર અને ગંદુ રાજકારણ અને બેફામ ભ્રષ્ટાચાર ખેલાતા હોય છે. ઘણીવાર વિદ્યાર્થીને જેમ ડોનેશન કે કરપ્શન વગર પ્રવેશ મળતો નથી તેમ નોકરી કે પ્રમોશન મેળવવા ઇચ્છતા શિક્ષકે પણ કંઇક 'સમર્પણ' કરવું પડતું હોય છે. શિક્ષણસંસ્થાનું સમગ્ર માળખું જ જ્યારે અર્થવાસનાથી ગંધાતું હોય ત્યારે આવી શિક્ષણસંસ્થાને એક ધંધાધારી કંપની જ કહેવી જોઇએ. પછી વિદ્યાર્થી કોમોડિટી કે ગુડ્સથી વિશેષ કોઇ સ્ટેટસ પામી શકે તો જ નવાઇ !

આજની શિક્ષણસંસ્થાઓ માત્ર ઉત્પાદનલક્ષી છે, સર્જનલક્ષી નથી. There is difference between production and creation. શિક્ષિતોનું ઉત્પાદન થયા કરે છે પણ સભ્ય, સજ્જન અને સંસ્કારી સમાજનું સર્જન ક્યાં થાય છે ? ઉત્પાદન કરે તે કારખાનું કહેવાય, સર્જન તો ઉદ્યાનમાં થાય. આજની શિક્ષણસંસ્થાઓ પાસે ઉદ્યાનની સર્જનાત્મકતા કે મહેંક કશું ય નથી. ત્યાં તો છે ભ્રષ્ટાચારના કાળા ધૂમાડાનું પ્રદૂષિત વાતાવરણ અને અસભ્યતાઓનાં ગંદા પાણીનું ડ્રેઇનેજ.

ગલીના નાકે કોઇ હોસ્પિટલ ઊભી હોય તો ગલીનું વાતાવરણ તેની ચાડી ખાય. ગલીના છેડે કોઇ ભવ્ય મંદિર ઊભું હોય તો આખી ગલીની આબોહવામાં મંદિર વર્તાતું હોય છે. સ્થળવિશેષની સુગંધ આસપાસની હવામાં પ્રસરતી હોય છે. કોલેજના રસ્તા પર પણ કોઇ ચોક્કસ પ્રકારનું વાતાવરણ નિર્મિત થયેલું હોય છે, પણ તે વિદ્યાધામના સ્ટેટસના ચૂરેચૂરા કરનારું હોય છે. આજુબાજુના રહેવાસીઓને પોતાના સંતાનોના સંસ્કાર અંગે ચિંતા ઊભી થતી હોય તેવા વાતાવરણ વચ્ચે વિદ્યાર્થીમાં સંસ્કારો પ્રગટવાની તો વાત જ છોડો.

વિદ્યાર્થીઓ શાળાના પ્રવાસે જાય ત્યારે વિવિધ જોવા લાયક સ્થળો અને ઐતિહાસિક સ્થળોની મુલાકાત લે છે. શાળાની એક ટૂર આવી ગયા પછી આવા સ્થળોની દિવાલો, થાંભલાઓ કે શિલાઓ ઉપર લખેલી કોમેન્ટ્સ કે થયેલા ચિત્રાંકનો જુઓ તો વિદ્યાર્થીઓની નૈતિકતાનું સ્તર તમે કલ્પી શકો. આવા લખાણો વિદ્યાર્થીઓનાં વ્યક્તિત્વનું પ્રતિબિંબ પાડતા દર્પણો બની રહે છે. સ્કૂલની બેન્ચ કે ડેસ્ક ઉપર કોતરેલી કે ટોઇલેટ્સની દિવાલો પર ચીતરેલી કોમેન્ટ્સમાં વિદ્યાર્થીનું કેરેક્ટર વહેતું હોય છે. કેરિયરની લ્હાયમાં કલ્ચર અને કેરેક્ટરનો ભોગ લેવાય છે.

જીવનમાં જેને વણી દેવાનું હોય તેવું કલ્ચર, ફેસ્ટિવલ્સમાં ફેરવાઇ ગયું છે. કોલેજમાં ઉજવાતા જાતજાતના ડે'ઝમાં 'લજ્જા' બિચારી શરમાતી હોય છે. કેમ્પસમાં પાસ કરાતી કોમેન્ટ્સ ઘણીવાર તો થિયેટરને પણ પાછળ પાડી દે તેવી હોય છે. કોલેજમાં પગ મૂકતા નરબંકાઓની 'બિનધાસ્ત' વર્તણૂંકોમાં સત્ત્વ અને શૌર્યની નિર્માલ્યતા નજરે ચડે છે. કોલેજ ભણી જતી કન્યાના દેદારમાં વેશપરિધાન અંગેનું ઔચિત્ય સાવ નિરાવરણ થયેલું જણાય છે.

ક્યારેક, ક્યાંક શિસ્તનાં પગલાં ભરાય કે ડ્રેસકોડની વાત આવે ત્યારે સ્વાતંત્ર્ય (!) છીનવાઇ ગયાનો કે બંધન લદાઇ ગયાનો આક્રોશ, ઘણીવાર માસબંકિંગ, સ્ટ્રાઇક, મોરચા અને ધમાલનાં સ્વરૂપે પ્રગટ થાય છે.

જ્યાં એડ્મિશન કરપ્ટેડ, જ્યાંનું મેનેજમેન્ટ કરપ્ટેડ, જ્યાં એટેન્ડન્સમાં પ્રોક્સી, જેની પરીક્ષામાં ચોરી, જેની માર્કશીટ ડુપ્લિકેટ અને જેનું સર્ટિફિકેટ પણ બોગસ હોઇ શકે અને જ્યાં માત્ર ભ્રષ્ટાચાર જ વાસ્તવિક હોય તેવા શિક્ષણધામોમાંથી બહાર પડનારા નાગરિકો અને નેતાઓ વાળા દેશની 'આવતી કાલ' કેવી હશે ?

કોઇ વિદ્યાર્થીના પેપરમાંથી કોપી મારીને પેપર લખનારો ભડવીર, પેલાના જવાબો ખોટા હોવાથી ફેઇલ થાય અને ત્યારે કોપી કરનારા મહાશય પેલા વિદ્યાર્થી સામે કોર્ટમાં કેસ દાખલ કરીને વળતર માંગે અને પેલાએ તેને વળતર આપવું પણ પડે, આવો વાહિયાત લાગતો પ્રસંગ કદાચ આવનારા વર્ષોમાં ક્યાંક વાંચવા મળે તો કોઇ બેભાન ન થશો.

કોલેજોમાં થતી જી.એસ.ની ચૂંટણીઓમાં ખેલાતા રાજકારણ, કાવાદાવા, મતખરીદીથી લઇને હડતાલ, દેખાવો, મોરચાઓ, ધરણાઓ,

ધમકીઓ અને આંદોલનોનું શિક્ષણ પણ વિદ્યાર્થીને પોતાના અભ્યાસકાળ દરમ્યાન જ મળી જાય છે.

શિક્ષક વિદ્યાર્થી વચ્ચેના સંબંધોની પવિત્રતા તૂટ્યા હોવાના પ્રસંગો બને ત્યારે 'વાડ ચીભડા ગળે' વાળી કહેવત પણ બુરખા હેઠળ સંતાઇ જાય છે. સ્કૂલ કે કોલેજના વિકાસના નામે વિદ્યાર્થીઓને ફંડફાળા ઉઘરાવવા મોકલીને ફિફ્ટી ફિફ્ટીના ધોરણે વિભાગીકરણ કરી લેતા શિક્ષક વિદ્યાર્થીઓના જોઇન્ટ વેન્ચર્સની વાતો ક્યાં નથી સંભળાતી ?

માત્ર પોતાને મૂલ્ય મળે તેની ચિંતા કરે પણ વિદ્યાર્થીમાં મૂલ્ય વધે તેની ચિંતા ન કરે તેવા શિક્ષકોની આજે પ્રચંડ બહુમતી હશે ત્યારે વિદ્યાર્થીનાં મૂલ્યોની ચિંતા કરનારા એક સંનિષ્ઠ શિક્ષકની યાદ તાજી થાય છે.

વીસમી સદીના પ્રથમ દાયકામાં ખેડા જિલ્લાના ગંભીરા ગામે પ્રાથમિક શાળાના એક શિક્ષક ઊંઘ વેચી ઉજાગરો કરે છે. આખી રાત પડખાં ઘસ્યા કરે છે પણ ઊંઘ આવતી જ નથી. કારણ ? ગામમાં ક્યાંકથી ભવાયા રમવા આવ્યા છે. તેમની અશ્લિલ ભાષા અને એથી ય વધુ અશ્લિલ ચેનચાળા બાળકોમાં સિંચાયેલા સંસ્કારોને ધોઇ નાંખશે- એ ચિંતામાં આ શિક્ષક દુઃખી દુઃખી છે. આખરે મનોમન કંઇક નિર્ણય કર્યો. પ્રાતઃક્રિયાથી પરવારી એ શિક્ષક તરગાળાના નાયક પાસે ગયા. હાથ જોડીને બોલ્યા,'એક રાતની રમતના તમને કેટલા રૂપિયા મળે ?' નાયકે કહ્યું,'બાર રૂપિયા.' શિક્ષકે ગણીને બાર રૂપિયા આપી દીધા અને તેમને બીજે ગામ ઉપડી જવાની વિનંતિ કરી. નાયકે તે માન્ય રાખી. યાદ રહે કે, એ શિક્ષકનો માસિક પગાર એ વખતે રૂપિયા બાર હતો !

વિદ્યાર્થીના સંસ્કાર સાચવવા પોતાના મહિનાના પગારની આહૂતિ આપનાર એ શિક્ષક હતા કરુણાશંકર માસ્તર.

શાળાની ચાર દિવાલો વચ્ચે હોય ત્યારે અને પોતાના ફરજના કલાકો ચાલુ હોય ત્યારે પણ વિદ્યાર્થીઓને મૂલ્યપ્રદાન કરવા પ્રત્યે ઉદાસીન રહેનારા આજના શિક્ષક ક્યાં અને શાળાની બહાર, પોતાની ફરજના શૂન્યકલાકો દરમ્યાન પોતાના ગાંઠનું ગોપીચંદન ઘસીને પણ વિદ્યાર્થીઓની મૂલ્યરક્ષા અંગે ચિંતિત રહેનારા આવા આદર્શ શિક્ષક ક્યાં ?

આજે આ રાષ્ટ્રને આવા હજારો કરુણાશંકરોની તાતી જરૂર છે.

● ● ●

# ❑ વાંઝિયું વૃક્ષ

"We want that education by which
character is formed,
strength of mind is increased,
the intellect is expanded and
by which one can stand on one's feet"

ભારતીય અસ્મિતાના જ્યોતિર્ધર ગણાતા સ્વામી વિવેકાનંદે કોઇ સભામાં શિક્ષણ અંગેના ઉપરોક્ત વિચારો રજૂ કર્યા ત્યારે જગતને શિક્ષણની એક તંદુરસ્ત, સચોટ અને સાત્ત્વિક વ્યાખ્યાની ભેટ મળી. આ વ્યાખ્યા પ્રમાણે શિક્ષણનાં ચાર મહત્ત્વનાં કાર્યો સ્થાપિત થાય છે.

જેનાથી ચારિત્રનું ઘડતર થાય,
જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય,
જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને
જેના થકી વ્યક્તિ પગભર બની શકે,
તેને શિક્ષણ કહેવાય.

ઘણી શાળાઓમાં શિક્ષણનો મહિમા દર્શાવતું એક સચોટ મરાઠી સુવાક્ય ચિતરાયેલું હોય છે. 'શીલ ઘડવિતે તે ચ ખરે શિક્ષણ' પણ આજનું શિક્ષણ શીલ ઘડે છે ખરું ? જીવનમાં સદાચારનો પ્રેમ પાંગરે અને શીલ માટેનું સત્ત્વ પ્રગટે તેવો કોઇ પાઠ એકાદ સેમ્પલપીસ તરીકે પણ ક્યાંય ભણાવાય છે ખરો ?

દરેક ધોરણનાં દરેક પાઠ્યપુસ્તકોમાં ઉઘડતે પાને 'મારું પ્રતિજ્ઞાપત્ર' (Pledge) છપાય છે. જેમાં છપાયેલું હોય છે. 'ભારત મારો દેશ છે, બધા

ભારતીયો મારા ભાઇ અને બહેન છે...' સમ ખાવા પૂરતો ય કોઇ વિદ્યાર્થી આ પંક્તિઓ પર મન કેન્દ્રિત કરતો હશે ખરો ? આ પંક્તિઓ પર પૂરા એક મહિનાનો કોર્સ ચાલવો જોઇએ. અથવા દરરોજ સમર્થ શિક્ષકો બધા વિદ્યાર્થીઓને પંદરેક મિનિટ પણ આ પંક્તિ પર વિવેચન કરી બતાવે તો પરિણામ ન ધાર્યું હોય તેવું જલદ આવી શકે.

છેલ્લા પચાસ વર્ષોમાં આ દેશમાં હજારો રાજનેતાઓ પાક્યા છે, પણ એક ય રાષ્ટ્રભક્ત પાક્યો છે ? સો કરોડની પ્રજામાં સુભાષચંદ્ર, ચન્દ્રશેખર આઝાદ, તાત્યાતોપે કે ભગતસિંહની એકે ય આવૃત્તિ તૈયાર થઇ નથી. એકે સંસ્કૃતિપ્રેમી વિવેકાનંદ પાકી શક્યા નથી. એકે ય ઝાંસીની રાણી ઉભરી આવી નથી ! આની સામે ગણનાતીત ગદ્દારો, દ્રોહીઓ, કૌભાંડીઓ પાકયા છે ત્યારે 'ભારત મારો દેશ છે'નું પ્રતિજ્ઞા વાક્ય શોભાના ગાંઠિયા જેવું બની રહે છે.

બધા ભારતીયોને ભાઇ અને બહેન મનાવવા માટે માત્ર છાપકામ કરી દેવું પૂરતું નથી. સ્કૂલનાં પરિસરોનું અને કોલેજના કેમ્પસનું અભદ્ર પર્યાવરણ આ વાક્યને લાજ કાઢવાની ફરજ પાડે તેવું હોય છે. કોલેજ કેમ્પસ ફરતા વાતાવરણના ફોટોગ્રાફ્સ ક્યારેક છાપે છપાય તો ઘડીક કળવું મુશ્કેલ બને કે આ કોઇ પબ કે ડિસ્કોથેકની બહારના ફોટોગ્રાફ્સ છે કે કોઇ સરસ્વતી મંદિરના પ્રાંગણનાં ચિત્રો છે.

ક્યાંક પ્રોફેસર્સ સામે દેખાવો થતા હોય છે, ક્યાંક સંચાલકો સામે ધરણા થતા હોય, ક્યાંક જી.એસની ચૂંટણી વખતની રીતસરની ગુંડાગીરી થતી હોય તો ક્યાંક ખૂણે વ્યભિચાર પણ સેવાતો હોય. ડબલમીનિંગ ડાયલોગ્સ, ડ્રગ્સનું સેવન, સ્મોકિંગ, રેગિંગ જેવી હરકતો તો સાવ ખુલ્લી રીતે થઇ શકતી હોય ત્યારે મા શારદા પણ દ્રૌપદીની જેમ કૃષ્ણનું સ્મરણ કરતા હશે.

વર્તમાનનાં શિક્ષણસ્થાનોનું કલાઇમેટ, સહશિક્ષણ અંગે ગંભીર વિચારણા કરવાની ફરજ પાડે છે. સાવ જુનવાણી, રૂઢિચુસ્ત ને ઇમ્પ્રેક્ટિકલ લાગતી આ વિચારણા બ્રિટનમાં તો સાચે જ અમલી બની પણ ચૂકી છે.

બ્રિટનમાં બ્રેન્ટવુડ ખાતે શેનફિલ્ડ હાઇસ્કુલમાં છેક ૧૯૯૪ થી અગ્યાર વર્ષની ઉપરના બોયૂઝ અને ગર્લ્સને અલગથી શિક્ષણ અપાય છે. તેના ઘણા

સારા પરિણામો તેમને મળ્યો છે. સ્ટેટ લેવલની ટોચની પચાસ સ્કુલોમાંની ત્રીસ સ્કુલો આવા પ્રકારની હતી. આ પરિણામને તેઓ સાતત્યપૂર્વક જાળવી શક્યા છે. અંગ્રેજી અને ગણિતના વિષયમાં આવી સ્કુલોના વિદ્યાર્થીઓએ નોંધપાત્ર પ્રભુત્વ મેળવ્યું છે.

બ્રિટનના અનુભવીઓ એમ કહે છે કે ''આ વિભક્ત શિક્ષણપ્રથા વિદ્યાર્થીઓને તનાવમુક્ત રાખવા ઉપરાંત એકાગ્રતા કેળવવામાં મદદ કરે છે. આવતીકાલના બ્રિટન માટે આવી સ્કૂલો કદાચ આદર્શ મોડલ ગણાશે.''

બુદ્ધિવાદીઓનો દેશ હોવાથી વિભક્ત શિક્ષણપ્રથા દ્વારા થયેલા શૈક્ષણિક ઉત્કર્ષને જ એકમાત્ર ફલશ્રુતિ ગણીને તેઓ આવું માનતા અને કહેતા થયા છે. આ ઉપરાંત થયેલા સાંસ્કારિક લાભ ને તે લોકો નજરઅંદાજ કરી શકે. આપણે તેને જ એચિવમેન્ટ ગણીશું. વિદ્યાર્થી અવસ્થા માટે આપણે ત્યાં પૂર્વે 'બ્રહ્મચર્યાશ્રમ' શબ્દ વપરાતો હતો, જે આ બાબતમાં ઘણો સૂચક છે.

શિક્ષણનું બીજું કાર્ય છે માનસિક ક્ષમતાને ઘડવાનું. આજે આ બાબતમાં રિવર્સ ગીયર કાર્યરત બની જવાથી વિદ્યાર્થીને તનાવગ્રસ્ત કરી મૂકે છે. આ પરિણામ જોતા લાગે છે કે લોકો ઔષધ માનીને અપથ્યનું સેવન કરે છે. આ ઉપરાંત શિક્ષણનો કોઇ હિસ્સો તેને સુખ દુઃખ પચાવવાની હિતશિક્ષા આપતું નથી. કામ, ક્રોધ જેવા માનસિક આવેગોને અંકુશમાં રાખવાની ક્ષમતા કેળવવામાં પણ આ શિક્ષણ સાવ ઊણું ઊતર્યું છે.

શિક્ષણનું ત્રીજું ફળ છે બૌદ્ધિક વિકાસ. વર્તમાન શિક્ષણ માહિતીઓ પુષ્કળ વધારી આપે છે. આવું કોઇ પણ કહી શકશે. માહિતીઓ વધવી અને બુદ્ધિ વિકસવી આ બન્નેમાં ફરક છે. સાત ચોપડી ભણેલા જૂના માણસોનું ગણિત એવું પાકું રહેતું કે પાંચ આંકડાના ગુણાકાર પણ મનોમન પળભરમાં કરી આપતા. તેવા લોકોની ધારણાશક્તિ પણ ગજબની હતી.

આજે માહિતીઓ વધી છે પણ માણસે માહિતીઓ સંઘરવાનું એક હાઇ ટેક ગોડાઉન વસાવ્યું છે, નામે કમ્પ્યુટર. કમ્પ્યુટર એ ચોક્કસ કોઇ માનવનું સર્જન છે પણ તે એક એવું સર્જન છે કે જેણે કરોડો માણસોની સર્જનશક્તિને કુંઠિત કરી દીધી. આવા સાધનમાં માણસની ગણનાશક્તિ, ધારણાશક્તિ અને સર્જનશક્તિ કેદ થઇ ગયા છે.

વાહન શોધાય અને માણસની સગવડ વધે તેને વિકાસ કહેનારાઓ

પણ વાહનનું વધુ પડતું અવલંબન જ્યારે પગની ગતિશીલતાને અવરોધી લે ત્યારે કહે છે કે આ તો લોખંડનો વિકાસ થયો પણ પગ નકામા થઇ ગયા. કમ્પ્યુટર વગેરે આવા સાધનો થકી મગજનો કાર્યભાર ઘટી જાય છે તે સગવડ હશે પણ મગજની ધાર બુઠ્ઠી બને છે તે એક સમસ્યા છે. મેટલ વિકાસ અને મેન્ટલ વિકાસ વચ્ચેનો ભેદ સમજવો જરૂરી છે. આમ શિક્ષણનું ત્રીજું ફળ પણ પ્રશ્નાર્થ ચિહ્ન સાથે આકાર લે છે.

જે દેશમાં શિક્ષિત બેકારોની સંખ્યા સાત આંકડામાં હોય ત્યાં શિક્ષણ માણસને પગભર બનાવે છે તેવું કહેવું વધુ પડતું કહેવાશે. અતિ ઉચ્ચ શિક્ષણ મેળવીને પગભર બનવું તે બધા માટે ગજા બહારની વાત થઇ.

આ સંદર્ભમાં મુકુન્દ પારાશર્યનું કાવ્ય જ ઘણું કહી જાય છે.

“એક દિન મ્હેતાજીએ છોકરાને પ્રશ્ન કર્યો,
ઇતિહાસ વિશે પ્રશ્ન સૌથી કયો મોટો છે ?
વાદ કરી છોકરાઓ પ્રશ્નનો વિચાર કરે,
મ્હેતાજીની આંગળીની ચીંધ સહુ માથે ફરે,
કુરુક્ષેત્ર ? દ્રોણ તણો ? ઇતિહાસ ખોટો છે.
ફ્રેન્ચ રાજ્યક્રાંતિ ? એવી ક્રાંતિનેય જોટો છે.
રાજ્યમાં સુધારા ? ધારા ફેરનો તોટો છે ?
વીજળી કે સંચા શોધ ? એ તો પ્રશ્ન બહુ છોટો છે.
નોંખાનોંખા ધર્મપંથ ? અરે ! એમાં ય ગોટો છે.
‘સિપાઇના બળવા’ના વાંસા ઉપર સોટો છે.
સત્યાગ્રહ ! એમાં ય તે કૈં’ક મેલી દોટો છે.
આવડે નહીં, તો ગાલે મ્હેતાજીનો થોટો છે.
છેલ્લે બાંક, છેલ્લો રાંક છોકરો જવાબ દે છે.
“સા’બ ! સા’બ ! પ્રશ્ન એક રોટલાનો મોટો છે.”

શિક્ષણ એક એવું વિચિત્ર વૃક્ષ બની ગયું છે જે ખાતર પાણી પુષ્કળ પ્રમાણમાં લેવા છતાં ફળ એકે ય આપતું નથી.

શિક્ષણના ચાર ફલાદેશમાંથી કયું ફળ આજના શિક્ષિતને નિશ્ચિતપણે મળે છે ? પલંગ અને પાટિયા વચ્ચે ફરક તો માત્ર ચાર પાયાનો જ હોય છે ને ?

● ● ●

## ❑ વિધાલય કે વિત્તાલય ?

ગુજરાતના તે જિલ્લામાં સાક્ષરતા અભિયાન ચાલતું હતું. દિવાલે દિવાલે શિક્ષણનો મહિમા દર્શાવતાં સૂત્રો ચિતરેલાં હતા. રાત્રે મોટી સભા ભરાઇ. ગામડાના નિરક્ષર (?) માણસો સામે એક સૂટેડ-બૂટેડ શિક્ષિત, સાક્ષરતાનો મહિમા ગાઇ રહ્યો હતો.

"જુઓ, તમને લખતાં કે વાંચતા આવડતું નથી. માટે જ સરકારી કોન્ટ્રેક્ટરો તમને ઠગી જાય છે. મજૂરી પેટે આપે છે માત્ર વીસ રૂપિયા અને ચાલીસ રૂપિયાના કાગળ પર તમારા અંગુઠાની છાપ લે છે. તમે જો ભણ્યા હોત તો તમે વાંચી શકતા હોત અને તો તમને આ રીતે કોઇ ઠગી શકતું ન હોત."

નિરક્ષરતાના કારણે કોન્ટ્રેક્ટરો ગરીબ અને ગમાર ગામડિયાઓને ઠગી જાય છે તે વાત કદાચ સાચી હોય તો પણ આ ગરીબ માણસોને છેતરનારા કોન્ટ્રેક્ટરો કેવા છે ? સાક્ષર ? કે નિરક્ષર ? અભણની જડતા અને ભણેલાની ક્રૂરતામાંથી વધુ નુકસાનકારક તત્ત્વ કયું છે, તેનો જવાબ અહીં મળે છે.

કો'કે સરસ વાત કહી છે Life is 10% What you get it and 90% What you make it. જીવનમાં જે મળે છે તેની કિંમત માત્ર દસ ટકા છે. તે મળ્યા પછી માણસ જે બને છે તેની કિંમત નેવું ટકા છે. આજના શિક્ષણમાં મેળવવાની મથામણ છે, 'બનવાનું' ધ્યેય ક્યાંય વર્તાતું નથી.

ખરેખર તો Economics (અર્થશાસ્ત્ર) અને Ethics (નીતિશાસ્ત્ર) વચ્ચે રિલેશન હોવું જોઇએ. આજનું અર્થશાસ્ત્ર અર્થની મહત્તા અન અર્થોપાર્જનની થીયરી સમજાવે છે પણ વ્યયનો વિવેક અને વિનિયોગની દૃષ્ટિ આપતું નથી. અર્થશાસ્ત્ર જાણે કે કહી રહ્યું છે 'માણસને પૈસો મળે તે મારે જોવાનું. તેને

મેળવતી વખતે અને મેળવ્યા પછી માણસ કેવો બને છે તે મારે જોવાનું નથી.' આમ આજના અર્થશાસ્ત્રની થીમમાં 'મેળવવું' એ મુખ્ય છે 'બનવું' એ ગૌણ છે.

અર્થોપાર્જનની થીયરી સાથે અર્થવ્યયની યોગ્ય દિશા અંગે સૂચન કરવું તે પણ અર્થશાસ્ત્રનો વિષય ગણાવો જોઇએ. માણસે કેટલું ખર્ચી શકે, કેટલું ભોગવી શકે, કેટલું સંઘરી શકે વગેરે બાબતો અર્થશાસ્ત્રનો વિષય રહ્યો નથી. વાસ્તવમાં તો અર્થશાસ્ત્રની સાથે નીતિશાસ્ત્ર, નાગરિકશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન ત્રણેય નો સુમેળ હોવો જોઇએ.

ભેળસેળ, કપટ, ડુપ્લિકેટ્સ ને ખોટા કાગળિયાં બનાવીને અર્થોપાર્જન કરવા જનારા માણસને અર્થશાસ્ત્ર સાથે ભળેલું નીતિશાસ્ત્ર રોકશે. અમર્યાદ ભોગ, બેફામ વિલાસ, જુગાર અને વ્યસનોમાં રૂપિયા લગાડનારને અર્થશાસ્ત્ર સાથે સંકળાયેલું નીતિશાસ્ત્ર ટોકી શકે.

અર્થશાસ્ત્ર સાથે નાગરિકશાસ્ત્રનો સુમેળ હોય તો માણસ માત્ર અર્થલક્ષી ન બનતાં, માનવલક્ષી પણ બને. ઓફિસના કર્મચારીને મોડો અથવા મોળો પગાર મળે, ઓછા પગારે વધું કામ કરવું પડે, સકારણ થયેલી ગેરહાજરીમાં પણ તેનો પગાર કાપી લેવાય, ત્યારે અર્થશાસ્ત્ર બોલતું હોય છે અને નાગરિકશાસ્ત્ર મૌન પાળતું હોય છે.

આ મૌન ક્યારેક એટલું બધું કાતિલ બને છે અને ત્યારે અર્થશાસ્ત્ર એટલું બધું વાચાળ બને છે કે માણસ પોતાના ધીરેલા પૈસા રોકડા કરવા ગમે તેવી થર્ડ ડિગ્રીની ટ્રીટમેન્ટ આપવાનું પણ અપનાવી શકે છે ત્યારે માણસ ભૂલી જાય છે કે પોતાના પૈસા રોકડા કરવા જતાં તેણે જીવનની અમૂલ્ય મૂડી સમાન કરુણા અને માનવતા ગિરવે મૂકી દીધી, જે ફરી ક્યારે ય કદાચ રોકડી નહીં થાય. માણસ સડી જાય તો ય રૂપિયો સડતો નથી. માણસના કપાળે એક્સપાયરી ડેટ હોય છે, રૂપિયો ચિરંજીવી મનાય છે. આથી વગર જરૂરનો સંગ્રહ ને પરિગ્રહ થતો રહે છે. અર્થશાસ્ત્ર તે અંગે પણ મૌન રહે છે.

આર્થિક કટોકટીમાં ભીંસાવાથી માનસિક સ્વસ્થતા જાળવી ન શકનારા બાજુવાળા કે નજીકનાનું દર્દ પણ હૈયાને અડી શકતું નથી. કારણ કે હૈયા આડે અર્થપ્રેમનું અભેદ્ય કવચ હોય છે. કો'કનાં દર્દની તીવ્રતા વધુ હોય ત્યારે પેલા

કવચમાં ક્યારેક ગોબો પડે છે ખરો અને તગડા વ્યાજે પૈસાનું ધીરાણ થાય છે. આવા પ્રસંગે પણ માનવપ્રેમ કરતા અર્થ(વ્યાજ)પ્રેમ જ કાર્યરત બનતો હોય છે.

સગા બાપને પણ દોઢ ટકા વ્યાજે પૈસા ધીરનારો પુત્ર ભૂલી જાય છે કે તે સ્વયં પિતાનું વ્યાજ છે.

પોતાના પિતરાઇ ભાઇને આ રીતે ધીરાણ કરનારાએ વ્યાજની ટર્મ્સ નક્કી કરતું એક હાઇકું લખી મોકલ્યું :

વ્યાજ-બી લેશું
તમારી પાસે, તમે
તો ઘરના છો.

'વ્યાજબી' અને 'વ્યાજ-બી' વચ્ચેનો તફાવત સમજવા આ હાઇકુ કદાચ બીજી વાર વાંચવું પડશે.

દયાને કરુણાનું ઝરણું સુકાઇ જાય તો ભલે, આવકનો સ્રોત વહેતો રહેવો જોઇએ. સજ્જનતા મરી પરવારે તો ચાલશે, ઇન્કમ જીવતી રહેવી જોઇએ. માણસ ખોટો થાય તો ચાલશે, રૂપિયા ખોટા થવા ન જોઇએ. કો'કની કને છેલ્લા લાકડાંના ય ફદિયા ન હોય તો ચાલશે, મારા ઇન્ટીરિયરમાં ખામી નહીં રહે.

નરિમાન પોઇન્ટની દરિયાઇ પાળે સો રૂપિયાની કડકડતી નોટ આપીને પિત્ઝા આરોગનારા તેના સ્વાદમાં મશગુલ હોય છે ત્યારે કોઇ ભૂખ્યા ટાબરિયાની નજર પોતાના તરફ છે તેનો તેને અણસાર પણ આવતો નથી. કારણ કે ધર્મશૂન્ય અર્થશાસ્ત્રે રૂપિયાની તાકાત માત્ર ભોગમાં બતાવી છે. અર્થશાસ્ત્ર નામના લોઢાને ધર્મશાસ્ત્રના પારસમણિનો સંસ્પર્શ થયો હોત તો રૂપિયાની તાકાત ભોગથી આગળ વધીને ભૂખ્યાના ભોજન સુધી વિસ્તરી હોત.

ગુજરાત યુનિવર્સિટીમાં પૂર્વે 'અર્થશાસ્ત્ર' ને બદલે 'માનવ અર્થશાસ્ત્ર'નો વિષય ભણાવાતો હતો. તેમાં કદાચ માનવનું સ્થાન ઉપર હશે અને અર્થનું સ્થાન નીચે હશે. આજે સર્વત્ર કોરું અર્થશાસ્ત્ર શીખવવામાં આવે છે જેમાં માનવ નીચે છે, અર્થ ઉપર. માટે જ આવું અર્થશાસ્ત્ર, શાસ્ત્રની ખરી વ્યાખ્યા-કસોટીમાં ઉત્તીર્ણ થતું નથી. (શાસનાત્ શાસ્ત્રમ્)

સંપૂર્ણ અર્થશાસ્ત્રના સ્વરૂપને પામેલા નીતિશાસ્ત્રો અને ધર્મગ્રન્થોમાં અર્થોપાર્જન માટેની વિધિ અને મર્યાદા બતાવી છે તો સાથે તેના વ્યય અને વિનિયોગની પદ્ધતિ પણ બતાવી છે.

આવકના પચ્ચીસ ટકા ઘરખર્ચ ખાતે,
આવકના પચ્ચીસ ટકા વ્યવસાય ખાતે,
આવકના પચ્ચીસ ટકા બચત ખાતે,
આવકના પચ્ચીસ ટકા ધર્મકાર્ય ખાતે.

આવકની ચાર સરખા વિભાગમાં વહેંચણી કરી દેખાડીને ગૃહસ્થજીવનમાં ખર્ચની મર્યાદા બાંધવા પાછળ ભોગની મર્યાદા બાંધવાનો આશય છે અને ભોગની મર્યાદા બાંધવા પાછળ પાપની, સ્વાર્થની અને પરપીડનની મર્યાદા બાંધવાનો આશય છે. જૈન ધર્મગ્રન્થો એ ગૃહસ્થજીવનમાં પરિગ્રહ પરિમાણ વ્રતને સ્થાન આપીને સ્વ-પરના હિતકાર્યમાં ગજબનું પ્રદાન કર્યું છે. સાથે ભોગમર્યાદા બાંધી આપનારા વ્રતો પણ બતાવ્યાં. પરિગ્રહનું પરિમાણ એ ભોગને પરિમિત માત્રામાં રાખે છે તો ભોગમર્યાદા, પરિગ્રહનું પરિમાણ કરવાના કાર્યને સરળ બનાવે છે.

આરોગ્યશાસ્ત્ર અને પાકશાસ્ત્ર, બન્ને સ્થળે ભોજન અંગેની વિગતો રહી છે. પાકશાસ્ત્રમાં સ્વાદ એ મુખ્ય છે, આરોગ્ય ગૌણ છે. જ્યારે આરોગ્યશાસ્ત્રમાં પાકશાસ્ત્ર જેવું વાનગીઓનું વૈવિધ્ય ન હોવા છતાં ભોજન અંગેના યોગ્ય કાળ, સ્થળ, દિશા, આસન અને મનોભાવથી લઇને પ્રકૃતિ અને ઋતુ પ્રમાણે ભોજન લેવા સુધીની સલાહ મળે છે. અજીર્ણ થતા ભોજનત્યાગ કરવા સુધીનાં સખત પગલાં લેવાથી માંડીને, પાચનક્ષમતા કેળવવાના ઉપાયો સુધીનું દિગ્દર્શન તેમાંથી મળે છે. અવસરે ઉપડતા નાના મોટા શૂલ કે રોગોના અસરકારક ઉપચારો બતાડવા સુધીની બધી જ કામગીરી સુંદર રીતે નિભાવનાર આરોગ્યશાસ્ત્રને જ 'પૂર્ણપાકશાસ્ત્ર' ન કહેવાય ?

તેવી રીતે અર્થોપાર્જનને યોગ્ય ઉપાયો, તેમાં રાખવાની સાવધાની, અનીતિ- અપ્રામાણિકતા વર્જવાની શીખ આપવાની સાથે અર્થના વ્યયમાં દાખવવાનું ઓચિત્ય, પોષ્યવર્ગનું પોષણ કરવા સુધીની વાત અને આગળ વધીને સંપત્તિને પચાવવાની માનસિક ક્ષમતાનું નિર્માણ કરવા સુધીની બધી

જ વાત અર્થશાસ્ત્રનો વિષય બનવો ન જોઇએ ? તેવા અર્થશાસ્ત્રને જ પૂર્ણ અર્થશાસ્ત્ર કહેવાય.

આજનું અર્થશાસ્ત્ર તો કહે છે કે જેની ઉપયોગિતા હોય પણ ક્રયમૂલ્ય (Price) ન હોય તેને સંપત્તિ ન કહેવાય. માત્ર ક્રયમૂલ્યના આધારે 'સંપત્તિ' ગણવાના વિચારે માનવીય જીવનમાં મોટો ગોટાળો સર્જી દીધો. 'માતાપિતાનું ક્રયમૂલ્ય નથી માટે ઉપકાર અને અનુભવના ભંડાર સમા વડીલો' સંપત્તિરૂપ નથી ! માનવમનમાં જેની સંપત્તિરૂપે ગણના ન થાય તે આગળ જતાં ભારરૂપ લાગશે.

આતિથ્ય, સેવા-શુશ્રૂષા ને નમ્રતા વગેરે ગુણોનું કોઇ ક્રયમૂલ્ય નથી. શીલ, સદાચાર, સ્નેહભાવ, લજ્જા ને મર્યાદાને રૂપિયાથી માપી શકાતા નથી. Money devalues that, which it cannot measure. ફુટપટ્ટીનો ક્યાંક બે રીતે વપરાશ થતો હોય છે, માપવા અને મારવા. રૂપિયો એક એવી ફુટપટ્ટી છે કે જેને ન માપી શકે, તે તત્ત્વોને તે ફૂટી બદામના લેખશે.

કન્સલ્ટન્સીના કરોડો રૂપિયા ઉપજે છે માટે બુદ્ધિને સંપત્તિ ગણી શકાય. આજે મોડલિંગના કરોડો રૂપિયા ઉપજે છે. સૌંદર્ય વેંચી શકાતું હોય તો તેને પણ સંપત્તિ ગણી શકાય. પશુનાં દૂધથી લઇને માંસ ને ચામડા સુધી બધાના પૈસા ઉપજે છે માટે પશુ ને કેપિટલ કહી શકાય. પણ દયા અને અહિંસાનું ક્રયમૂલ્ય નથી માટે તેને સંપત્તિ કહી ન શકાય. માત્ર ક્રયમૂલ્યના આધારે સંપત્તિની ગણના કરવાના વિચારથી માનવીય મૂલ્યોના પાયાઓ હચમચી ઊઠ્યા છે.

કો'કે સરસ કહ્યું છે There are obviously two types of educations. one should teach us how to make a living and the other, how to live આનો અર્થ એ થયો કે શિક્ષણ નિર્વાહલક્ષી હોવા સાથે નિર્માણલક્ષી પણ હોવું જરૂરી છે. મૂલ્યોના શિક્ષણથી શૂન્ય એવું આજનું શિક્ષણ માણસને સર્વથા અર્થલક્ષી બનાવી દે છે.

એક તો આજે શિક્ષણ પુષ્કળ અર્થસાધ્ય (મોંઘુદાટ) બની ગયું છે. અને શિક્ષણમાં પાછું એ જ શીખવામાં આવે કે 'અર્થ જ સાધ્ય છે.'

પછી પરિણામે યુનિવર્સિટીઓ ડૉક્ટરો, વકીલો, ઇજનેરો, સ્નાતકો તૈયાર કરનારા કારખાના બની ગઇ છે. 'માણસ' પકવવામાં આજનું શિક્ષણ ઊણું ઊતર્યું છે.

ક્યાંક ડૉક્ટર, નકામાં ટેસ્ટ્સ કરાવે, નજીવી બાબતે લાંબા ગાળા સુધી દવા સાથે બાંધી રાખે છે. ત્યારે ઘડીક વિચાર આવે કે માણસ ડૉક્ટર થયો છે કે માણસ મરીને ડૉક્ટર થયો છે ? બાયપાસ સર્જરી થાય, તે હાર્ટની નહીં, વાસ્તવમાં દર્દીના ખિસ્સાની જ થતી હોય એવું પણ બને છે. મેડિકલ લાઇનમાં પ્રવેશ મેળવતા પૂર્વે જ લાખો રૂપિયાનું 'નૈવેદ્ય' ધરવું પડ્યું હોય, પછી ય લાખો બીજા ખર્ચીને ડૉક્ટર બનાયું હોય ત્યારે વહી ગયેલી બધી રકમ પાછી મેળવવા માટે અને પોતાની 'જિંદગી' બનાવવા માટે ડૉક્ટરોને 'ઓવર પ્રોફેશનલ' બનવું પડે છે.

કુખ્યાત ક્રિમિનલોના અને કૌભાંડકારોના કેસો લડી આપવા માટે પણ દેશના નામંકિત વકીલો તૈયાર થાય ત્યારે રાષ્ટ્રદાઝ અને અર્થદાઝની તીવ્રતા વચ્ચે રહેલા અસામાન્ય અંતરનો પાકો ખ્યાલ આવે છે. પોતાના ખિસ્સાનું પાકું બાંધકામ કરવા હલકી સિમેન્ટ વાપરીને નબળા પૂલ બાંધી આપનારા ઇજનેર સામે બે જ વિકલ્પો હોય છે. કાં નબળો પૂલ અને કાં નબળું ખિસ્સુ. ઘણાખરા પહેલા વિકલ્પને વહાલો કરે છે.

કોર્ટ પણ જો 'મેનેજ' થઇ શકતી હોય અને મેચ પણ 'ફિક્સ' થઇ શકતી હોય તો સમાજની અર્થલક્ષિતાનું કેન્સર થર્ડ સ્ટેજમાં છે. ખાયકી, લાંચ, કટકી. ટિપ્સ, સુપારી, આ બધું શું છે ?

મેચ બનાવીને કરોડો રૂપિયા ઘરભેગા કરનારા રમતવીરોનો અર્થપ્રેમ યોગીઓના પ્રભુપ્રેમને ક્યાંય ટક્કર મારે તેવો જલદ હોય છે. પ્રજા સમસ્તની લાગણી, રાષ્ટ્રનું પ્રતિનિધિત્વ, સ્વદેશાભિમાન, કર્તવ્યનિષ્ઠા, કેટકેટલું વિસારે પડે પછી મેચ ફિક્સ થઇ શકે. આબરુ જવાનો અને સજા થવાનો ભય પણ અર્થપ્રેમની ઉષ્મા આગળ ઓગળી જતો હોય છે.

ઘલાઇ ગયેલા રૂપિયા કઢાવવાથી માંડીને મકાન કે પ્લોટ ખાલી કરાવવા માટે જે હદ સુધીની રીત-રસમો અજમાવાય છે ત્યારે અર્થવાસનાની નિર્લજ્જતા આગળ માણસાઇ શરમાઇ જતી હોય છે.

*અર્થલક્ષી શિક્ષણમાં માનવીય મૂલ્યોની કેળવણીનો રહેલો સદંતર અભાવ, આખા સમાજની તાસીર ફેરવી નાંખે છે.*

● ● ●

## ❑ જ્ઞાન : વિનય અને વિનિયોગનું ફરજંદ

વર્ષો પૂર્વે મુંબઇની એચ.આર. કોલેજમાં પ્રવેશ મેળવનારા એક વિદ્યાર્થીએ કહેલો પ્રસંગ તેના જ શબ્દોમાં જોઇએ ''ઇ.સ. ૧૯૭૩માં સૌ પ્રથમવાર કોલેજમાં પગ મૂક્યો. સ્કૂલની ડિસિપ્લિન્ડ લાઇફમાંથી (આ વાત ૨૭ વર્ષ જૂની છે.) આઝાદી મળ્યાનો રોમાંચ હતો. કોલેજ એટલે ધમાલ, સાહસ અને મસ્તીની ભૂમિ એવો ખ્યાલ હતો. સેલ્સમેનશિપનો પિરિયડ હતો. પ્રોફેસરના પ્રવેશની રાહ જોવાતી હતી. કંઇક અવનવી મશ્કરીના સ્વરૂપમાં પ્રોફેસરને ગ્રીટ કરવા સહુ તત્પર હતા. ત્યાં જ સહુના આનંદ (?) વચ્ચે લેડી પ્રોફેસરે વર્ગમાં પ્રવેશ કર્યો. ચીચીયારીઓ, સીટીઓ ના શોરબકોરથી અમે રૂમને ગજવી દીધો. અંદર દાખલ થતા જ તે લેડી પ્રોફેસરે એવી તો વેધક દષ્ટિ ફેંકી કે સમગ્ર ક્લાસ રૂમનો અવાજ અડધી મિનિટમાં જ ઓસરી ગયો.

સન્નાટો છવાઇ ગયો. નરી શાંતિ સ્થપાયા બાદ તે લેડી પ્રોફેસર એક તીખું પણ મર્મવેધી વાક્ય બોલ્યા "I have come here to teach you salesmanship, that is, how to sell your goods. But you have shown me how to sell yourselves. It's a shame !" હું તમને માલ વેચવાની રીત શીખવવા આવી છું, પણ તમે એ કરી બતાવ્યું કે જાત શી રીતે વેચી શકાય. શરમ છે તમને !'' આટલું કહીને તે પ્રોફેસર તે દિવસે ક્લાસરૂમમાંથી જતા રહ્યાં. આખા પિરિયડ દરમ્યાન વિદ્યાર્થીઓને શરમનો અનુભવ થતો રહ્યો.

માત્ર બે મિનિટ માટે હાજર થયેલા અને માત્ર બે જ વાક્યો કહીને ચાલ્યા ગયેલા તે લેડી પ્રોફેસરે બધા વિદ્યાર્થીઓનાં મનમાં એવી ધાક બેસાડી દીધી અને અધ્યાપક તરીકેની પોતાની એવી ગરિમાં ઊભી કરી દીધી કે બીજા દિવસથી જ કાયમ તેમના પિરિયડમાં ગજબની શિસ્તનું પાલન થતું હતું. તે

પ્રોફેસરની કરડાકીમાં ક્રૂરતા નહોતી, વંઠી ગયેલા વિદ્યાર્થીઓને વિનયના પાઠ શીખવવાની તત્પરતા હતી.'' આ આખો પ્રસંગ પોણા ત્રણ દાયકા જૂનો છે જેનો પૂર્વાર્ધ ફર્નિશ થઇને ભજવાયા કરે છે ને ઉત્તારાર્ધ લુપ્ત થઇ ગયો છે. આજે શિક્ષકોની ગરિમા અને વિદ્યાર્થીઓની પાત્રતા ,બધું જ ઓસરી ગયું છે.

સ્કૂલના શિક્ષકોની મજાક અને હાંસી ઉડાવવાની આજે નવી નવી તરકીબો સતત શોધાતી રહે છે. કોઇ તેના નામ પાડે, કોઇ તેના ચાળા પાડે તો આગળ વધીને કોઇ તેના કાર્ટુન ચીતરે. નવા આવનારા વિદ્યાર્થીને રેગિંગનો ભોગ બનવું પડે છે તો નવા અધ્યાપકના પણ શરૂઆતના દિવસો 'ભારે' ગણાય છે. શિક્ષકની મશ્કરી હવે મારપીટ ને ધમકીઓ સુધી વિસ્તરી ચુકી છે ત્યારે દિવાલ પર ચીતરાયેલું 'વિદ્યા વિનયેન શોભતે' નું સુભાષિત શરમાઇ જતું હોય છે.

સુંદરજી બેટાઇએ 'એ નિશાળ એ સવાર' કવિતામાં ગામઠી શાળાનું સરસ ચિત્રણ કર્યું છે. વર્ગમાં લીલાધર નામનો એક તોફાની વિદ્યાર્થી રોજ નવા નવા નુસખા શોધીને વર્ગને તોફાને ચડાવે છે. વર્ગશિક્ષકને પગની ખોડ છે. ક્લાસ પૂરો થયો. વર્ગશિક્ષક ખોડંગાતા પગે વર્ગની બહાર નીકળ્યા. તોફાની લીલાધરે ચપળતાથી ઊભા થઇને તેમની પાછળ તેમની ચાલની નકલ કરી. આખો વર્ગ ખડખડાટ હસી પડ્યો. શું બન્યું તે શિક્ષક શાનમાં સમજી ગયા. શિક્ષક વર્ગમાં પાછા આવ્યા. બધા થરથર કાંપવા લાગ્યા. ''આજે લીલીયાનું આવી બન્યું'' પણ, શિક્ષકે સોટીને બદલે હાથમાં ચોક લીધો. બ્લેકબોર્ડ સાફ કરી તેના ઉપર એક વાક્ય લખ્યું : ''લીલાધર, ઇશ્વરની લીલાને હસાય ? ભાઇ, લીલાધર !'' અને, આ એક જ વાક્યે લીલાધરની તોફાની મનોવૃત્તિનું ઓપરેશન કરી નાંખ્યું !

આજે વિદ્યાર્થીઓની લીલાધરવૃત્તિ વકરતી જાય છે પણ કરુણાભીના કડપથી તેની અસરકારક શસ્ત્રક્રિયા કરી શકવાની ક્ષમતા આજે ક્યા શિક્ષકમાં હશે ?

જેમની આંખ નીચેથી વિદ્યાર્થી તરીકે જુની નવી બંને પેઢી પસાર થઇ ચુકી હતી તેવા વૃદ્ધ પ્રાધ્યાપકે બન્ને પેઢી વચ્ચેનો મહત્ત્વનો તફાવત જણાવતા કહ્યું ''હું લોકલ ટ્રેનમાં મુસાફરી કરતો હોઉ ત્યારે કોઇ જૂનો વિદ્યાર્થી મળે તો મને જોઇને ઊભો થઇ જતો ને મને પરાણે તેની જગ્યાએ બેસડી દેતો. આજના

વિદ્યાર્થીઓ ક્યાંક ભટકાઇ જાય તો મને જોતા જ કોમેન્ટ કરતા બીજાને કહે છે 'ધેટ રેચેડ ગાય્ ઇઝ સ્ટેન્ડિંગ બાય ધ ડોર, કીપ ડાઉન' 'પેલો બોચિયો ત્યાં ઊભો છે, મોઢું નીચું રાખ !' આંખમાં આંસુ લાવી દે તેવી આ કરુણતા અલબત્ત એકપક્ષી નથી. વિદ્યાર્થીએ વિદ્યાર્થીનું સ્ટેટસ ગુમાવ્યું છે, તો શિક્ષકો અધ્યાપકની ગરિમા જાળવી શક્યા નથી અને શિક્ષણમાં મૂલ્યોનાં શિક્ષણની સદંતર ઉપેક્ષા થઇ રહી છે.

એક તો શિક્ષણનાં સિલેબસમાં ક્યાંય વિનયમર્યાદાની મહત્તા બતાવવામાં આવતી નથી. મૂલ્યોનું શિક્ષણ નહીં અપાવાથી સર્જાયેલી આ દુર્ઘટના છે. 'આવશ્યક નિર્યુક્તિ' વગેરે જૈનાગમોમાં અધ્યાપનની વિધિ અને મર્યાદાને સૂચવતી સુંદર બાબતો જણાવાઇ છે. અધ્યાપકને આસન પ્રદાન કરવાથી માંડીને ઉચ્ચાસન અને સમાસન વગેરે દોષો ટાળવા સુધીની વિધિ બતાવી છે. અધ્યાપક કરતા ઊંચા આસને બેસવું તે ઉચ્ચાસન દોષ કહેવાય છે. અધ્યાપકને સમકક્ષ આસને બેસવું તે સમાસન દોષ કહ્યો છે. સાથે અધ્યાપક કોઇ કારણથી ઊભા થાય તો વિદ્યાર્થીએ વિનય જાળવવા ઊભા થવાની અને જ્ઞાનગ્રહણ માટેની યથોચિત મુદ્રા જાળવવા સુધીની વાતો છે.

જૈન સાહિત્યમાં રાજા બિંબિસારની એક રસપ્રદ જીવનઘટના નોંધાયેલી છે. બિંબિસાર તે જ શ્રેણિક મહારાજા ! મગધસમ્રાટને એક દિવસ સમાચાર મળ્યા કે નગરની બહારના ઉપવનમાંથી રોજ આમ્રફળો ચોરાઇ જાય છે. ચાંપતો પહેરો ગોઠવવા છતાં આવી ઘટનાઓ ચાલુ રહી. છેવટે મંત્રીશ્વર અભયને મામલો સોંપાયો.

ચાંપતા બંદોબસ્ત વચ્ચે કોઇ ઉપવનમાં જઇ ન શકે અને છતાં અમુક વૃક્ષો પરનાં ફળો ગાયબ થતા રહે આ આશ્ચર્યકારી ઘટના કહેવાય. અભયકુમારે ઉપવનની ફરતે પહેરો ગોઠવી, બુદ્ધિ વાપરીને આમ્રચોરને આબાદ પકડ્યો. તે ચંડાળ હતો. રાજા શ્રેણિક સમક્ષ તે ચંડાળને હાજર કરાયો ત્યારે તેણે ચોરીની કબૂલાત પણ કરી. આશ્ચર્યની વાત એ હતી કે તે ઉપવનમાં પ્રવેશ્યા વગર જ ફળો ચોરાતા હતા. તે ચોર પાસે અમુક વિદ્યાઓ હતી. તેમાંથી 'અવનામિની' વિદ્યાનો પ્રયોગ કરતાં જ વૃક્ષોની ડાળીઓ એકદમ નીચે તરફ ઝુકી જતી હતી. ઉપવનની બહારથી જ ફળો તોડી લીધા પછી જ્યારે 'ઉન્નામિની' વિદ્યાનો પ્રયોગ કરે કે તરત જ ફરીથી તે ડાળીઓ પૂર્વવત્ ઊંચી થઇ જતી હતી.

વિદ્યાધારક ચોરની આવી કેફિયત સાંભળીને આશ્ચર્યમુગ્ધ થયેલા શ્રેણિક મહારાજાએ ચંડાળ પાસેથી તે બન્ને વિદ્યાઓ શીખવાની ઇચ્છા વ્યક્ત કરી. ચંડાળે તત્પરતા બતાવી. વારંવાર પ્રયોગો બતાવવા છતાં જ્યારે વિદ્યા આવડી નહીં ત્યારે અભયકુમારે નિરાશ થયેલા રાજાને એક માર્મિક ટકોર કરી. "માફ કરજો રાજન્ ! પણ આ રીતે હજાર વર્ષેય વિદ્યા નહીં આવડે. સિંહાસન પર બેઠા બેઠા કાંઇ વિદ્યા ચડતી હશે. શીખવી જ હોય તો આ વિદ્યાદાતાને સિંહાસન ઉપર બેસાડી આપ નીચે બેસીને વિદ્યાગ્રહણ કરી જુઓ, વિદ્યા ગ્રહણ શીઘ્ર થઇ શકશે." અને ખરેખર તેમ જ થયું.

અધ્યાપક ઊંચે બેઠા હોયને વિદ્યાર્થી નીચે બેઠો હોય. આવી બેઠક વ્યવસ્થા પણ કુદરતી રીતે જ વિદ્યાર્થીના હૃદયમાં નમ્રતા અને આદરની લાગણી પેદા કરવામાં મદદ કરે છે. આ એક સાયકોલોજિકલ અસર છે. આજે સ્કૂલ કે કોલેજમાં આવું કશું જળવાતું નથી. ભણનાર અને ભણાવનારા સમાન ઊંચાઇએ બિરાજ્યા હોવાથી જાણે કોઇ શિખર પરિષદ્ ભરાઇ હોય તેવું લાગે. ક્યારેક ભણાવનારની ચેઅર કરતા ભણનારની બેન્ચ ઊંચી પણ હોય છે. પગમાં જૂતા પહેરીને ચાલતા ચાલતા પ્રોફેસર ભણાવે અને બેઠા બેઠા બૂટની એડી થપથપાવતા વિદ્યાર્થીઓ તે સાંભળે !

જૈન શાસ્ત્રોમાં જ્ઞાનના આઠ પ્રકારના આચારો જણાવ્યા છે. તેમાં બીજા સ્થાને વિનય છે. હજારો વિદ્યાધામોની દિવાલે દિવાલે નજરે પડતી 'વિદ્યા વિનયેન શોભતે'ની સુભાષિત પંક્તિ લોકમાં પણ ઘણી પ્રચલિત છે, છતાં આજે તેનો અર્થ ચલિત થયેલો જણાય છે.

આવું થવામાં સૌથી અગત્યનું કારણ એ છે કે શિક્ષણ એ જ્ઞાનોપાસના મટીને હવે 'વ્યવસાય' બની ગયું છે. ડોનેશન આપીને એડ્મિશન મેળવવાનું, તગડી ફી ભરીને ક્લાસમાં બેસવાનું, ટ્યુશન ને કોચિંગ લઇને પાસ થવાનું. છેક થી છેક સુધી પૈસા આપીને જ ભણવાનું થયું તેથી લાગણીપૂર્વક વિદ્યાનું પ્રદાન થવાને બદલે જાણે કે વિદ્યા વેચાય છે. આથી અધ્યાપક અને વિદ્યાર્થી વચ્ચે ગુરુ શિષ્યભાવ હતો તેના બદલે હવે ગ્રાહક ને વેપારીનો ભાવ ઊભો થયો. ગુરુ અને શિષ્ય વચ્ચે જે ફરક છે તે ગુણાત્મક ફરક છે. જેની પાસે જ્ઞાનાદિ ગુણોની ઉચ્ચતા છે તે ગુરુ. એ મેળવવા મથનારો તે શિષ્ય. જ્યારે આજે ગ્રાહક વેપારી

ભાવે બંધાવાથી શિક્ષક વિદ્યાર્થી વચ્ચે માત્રાત્મક ફરક રહે છે. જેની પાસે વસ્તુ છે તે વેપારી (શિક્ષક) અને કિંમત ચૂકવીને તે મેળવે તે ગ્રાહક (શિષ્ય).

ગુણાત્મક ફરક હોય તેવી બે વ્યક્તિઓ વચ્ચે સેતુ બનવાનું કાર્ય હૃદયનું છે. માતા કોઇ કારણથી ખાવા ન આપે, આપે તો પણ મોડું કે ઓછું કે નહીં ભાવતું આપે તો પણ બાળકે તેને સ્વીકારવું જોઇએ. ત્યારે દંગો મચાવે કે 'મારા પ્રણામ ને સેવા લેવા છે ને જમવાનું નથી આપવું ?' તે બાળક નહીં. માત્રાત્મક ફરક ધરાવતી બે વ્યક્તિઓ વચ્ચેની લિંક બુદ્ધિ થકી રચાય છે. પૈસા લીધા એટલે માલ આપવા વેપારી બંધાઇ ગયો. ઓછો કે મોળો કે મોડો માલ અપાય તો ગ્રાહક તેની પર 'કાર્યવાહી' કરી શકે.

આજે શિક્ષક અને વિદ્યાર્થી બુદ્ધિથી જોડાયા છે, હૈયાથી નહીં અને તેથી જ તે બે વચ્ચે આત્મીયતાનો ભાવ નથી. સમર્પણ, સેવા કે સંવાદિતાની ઝલક નથી. શિક્ષકની જરૂર વખતે વિદ્યાર્થીનો પડખે ઊભા રહેવાનો ધર્મ આજે ક્યાં છે ? ગ્રાહક વેપારીની પડખે ઊભો રહેતો હશે વળી ?બોદ્ધિક કે આર્થિક રીતે નબળા વિદ્યાર્થીને જરૂર પડે તો વગર મૂલ્યે શીખવતા શિક્ષકો આજે ક્યાં છે ? એ તો માતા જ હોય છે જે માંદા બાળકને ય પોતાના હાથે જ જમાડે. આવું દર્દનાક ચિત્ર ઉપસી આવ્યું છે કારણ કે શિક્ષણ એ સાધના મટીને ધંધો થઇ ગયો છે જ્યાં શિક્ષકને ફી લેવામાં રસ છે અને વિદ્યાર્થીને ફી થવામાં રસ છે.

આજે વિદ્યાર્થીએ વિદ્યાનું અર્થિપણું ત્યજી દીધું છે. ભણવા જવાનું હતું ત્યાં હાજરી પુરાવા જવાનું ચાલુ થયું. કોલેજ લાઇફ એટલે જાણે પંચવર્ષીય ફનફેર. ''સુખાર્થી ને વિદ્યા નહીં, વિદ્યાર્થીને નહીં સુખ લગીરે''ની વાત ક્યાંય રહી નથી. સાથે શિક્ષક પણ વિદ્યાદાતાનું ગૌરવ જાળવી શક્યા નથી. કંઇક ઉણપ જણાય તો શિક્ષકો બધા ભેગા મળીને હડતાલ પાડે, સરઘસો કાઢે, બાંયો ચડાવે ને બાંગો પોકારે,'હમારી માંગેં પૂરી કરો.' આ શું છે ? શિક્ષકવર્ગ એટલે શું ? કામદાર યુનિયન ? કે ગુરુજન વર્ગ ? વિદ્યાર્થીઓ આવી રજાને મજા ગણે છે. પ્રાઇવેટ કોચિંગ ક્લાસિસમાં આમે ય ભણીને જ તો આવ્યા હતા.

વેકેશન વગેરે બધી રજાઓ બાદ કરતાં લગભગ નવ મહિના સુધી સ્કૂલ ચાલે છે. આ નવ મહિના એ શિક્ષકનો ગર્ભકાળ છે. નવ મહિના પછી

કેવા 'બાળક'ને જન્મ આપવો તે તેણે જોવાનું રહ્યું. ભણતરની સાથે ગણતર, શિક્ષણની સાથે સંસ્કરણ કરવાનું કાર્ય શિક્ષકનું છે.

એક શિક્ષકના હાથ નીચે જ્યાં પચાસથી સિતેર વિદ્યાર્થીઓ ભણતા હોય ત્યારે પર્સનલ અટેન્શનને શિક્ષકના કાર્યક્ષેત્રમાંથી બાકાત રાખવું પડે. તે શિક્ષકો પોતે જ કહે છે,'અમે તેમને ભણાવતા નથી, સાચવીએ છીએ.'

પૂર્વકાળના પ્રખ્યાત વિદ્યાધામ નાલંદા વિશ્વવિદ્યાલયમાં હિંદુસ્તાનમાંથી તો વિદ્યાર્થીઓ આવતા જ, પણ ચીન, અફઘાનિસ્તાન, બ્રહ્મદેશ ને જપાનમાંથી પણ વિદ્યાર્થીઓ નાલંદામાં આવતા. તેવી જ રીતે નાલંદાના અધ્યાપકો તિબેટ, ચીન ને જાવા જતા. પ્રખ્યાત વિદ્યાધામમાં ચીની પ્રવાસી શ્યેન ચાંગ (હ્યુ એન ત્સંગ) પાંચ વર્ષ રહીને ભણેલા. તેના લખવા મુજબ નાલંદા વિદ્યાલયમાં તે વખતે દસ હજાર વિદ્યાવ્યાસંગી હતા. આમાં સાડા આઠ હજાર વિદ્યાર્થીઓ હતા અને પંદરસો અધ્યાપક હતા. એટલે અંદાજે દર છ વિદ્યાર્થીએ એક અધ્યાપક હતા. ખુદ શ્યેન ચાંગને એકલાને ભણાવવા માટે એક અધ્યાપકની જોગવાઇ થઇ શકી હતી.

બીબા કાઢવાના હોય તો રાતે કે દિવસે, ઉનાળે કે શિયાળે ગમે ત્યારે અને ગમે ત્યાં તે ઢાળી શકાય કારણ કે બીબા જડ છે. પણ જો ફૂલ ખીલવવાના હોય તો તે તેની ઋતુમાં જ ખીલી શકશે. તેને અમુક પ્રકારની જ માટી, ખાતર, પ્રકાશની સામગ્રી જોઇશે. કારણ કે તેમાં ચૈતન્ય છે. બીજા શબ્દોમાં કહીએ તો તેને વ્યક્તિત્વ છે.

ખૂબ વ્યવસ્થિત ચાલતા કોઇ ગુરુકુળમાં એકદિવસ નગરના રાજા આવી ચડ્યા. કુલપતિએ અને બધા વિદ્યાર્થીઓએ સારી સરભરા કરી. અધ્યાપકોની નિષ્ઠા અને વિદ્યાર્થીઓના સંસ્કાર જોઇને રાજા ખૂબ સંતુષ્ટ થયા. અડધો દિવસ રોકાઇને રાજા પાછા ફર્યા ત્યારે કેટલાકે કુલપતિને કહ્યું કે રાજાને કહી દો કે આવતા વર્ષ સુધી હવે આ આશ્રમની મુલાકાતે ન આવે.

'પણ કેમ ?'

'તેમની સરભરામાં વિદ્યાર્થીઓનો કેટલો બધો સમય ગયો. આજે બધા પાઠ બંધ રહ્યા ને !'

'રોજિંદા પાઠ બંધ રહ્યા તે વાત ખરી. પણ એક નવો પાઠ શીખવા

મળ્યો. મોટા માણસો ને આવકાર આપવાથી માંડીને તેમનું આતિથ્ય કરવા સુધીનો જીવંત પાઠ આજે ચાલ્યો નહીં ? એકલા પુસ્તકિયા જ્ઞાનથી બુદ્ધિની ધાર કદાચ નીકળતી હશે પણ હૈયાની ધાર બુઠ્ઠી પડે છે. મહાનુભાવોની ક્યારેક આવી પધરામણી એ અભ્યાસમાં વિક્ષેપ નથી, અભ્યાસનો એક હિસ્સો છે.'' કુલપતિએ જવાબ આપ્યો. શિક્ષકે આ રીતે સંસ્કારક પણ બનવાનું છે. શિક્ષક પાસે જો ગરિમા હોય તો શિક્ષણમાં રહેલી ઉણપને પણ કંઇક અંશે ટાળી શકાય. સંસ્કૃતમાં એક ન્યાય છે 'વ્યાખ્યાનતો વિશેષપ્રતિપત્તિ:' વિવેચનથી વસ્તુતત્ત્વનો વિશેષ બોધ થાય છે. આનાથી વિવેચકનું મહત્ત્વનું સ્થાન સૂચિત થાય છે.

સોક્રેટિસ શિક્ષકને ધમણ સાથે સરખાવે છે અને કહે છે કે શિક્ષક જ્ઞાન દેતો નથી, પરંતુ તેને બહાર આણે છે. કહેવાય છે કે ભરદિવસે ફાનસ લઇને સોક્રેટિસના શિષ્યો 'માણસ' શોધવા નીકળેલા. આજે તે જો જીવતા હોત તો તેવી જ રીતે 'શિક્ષક' ને શોધવા નીકળ્યા હોત.

ગુરુકુળમાં ભણીગણીને તૈયાર થયા બાદ રાજ્યમાં જતા પૂર્વે કોઇ રાજકુમાર ગુરુના આશીર્વાદ લેવા આવ્યો... ચરણમાં પડ્યો ત્યાં જ ગુરુએ હાથમાં રહેલી સોટી રાજકુમારની પીઠ પર જોરથી ફટકારી દીધી. કળ વળી ત્યારે ઊભો થયો...'મારી કોઇ ભૂલ થઇ ?' તેણે પૂછ્યું 'ના. આ તો થોડીક છેલ્લી હિતશિક્ષા. દીકરા ! કાલે તું રાજા બનીશ. કંઇક ગુનેગારોને તારે સજા ફટકારવાનો વખત આવશે. આ સોટીના મારથી તને ખ્યાલ આવશે કે સજાની શરીર પર શું અસર હોય છે. દુષ્ટને દંડ દેવો એ રાજકાર્ય છે પણ સજા કોને કેટલી દેવી ? અને 'વગર કારણે કોઇની ઉપર ક્રૂરતા આચરી ન બેસાય' તેવી શિક્ષા તને આપવાની ગણતરીથી તને સોટી ફટકારી હતી.''

ગુરુની આવી પરિણામદર્શિતા પર ઓવારી ગયેલો રાજકુમાર ભીની આંખે ફરી ગુરુચરણે પડ્યો. આ વખતે બરડા પર ગુરુનો પ્રેમાળ હાથ ફર્યો. આશ્ચર્ય સાથે શિષ્ય ઊભો થઇને પૂછે છે 'ગુરુદેવ આ શું ?, ''તને વાગ્યું છે ને ! પીડિત હોય તેને પંપાળતો રહેજે.'' ગુરુની છેલ્લી શીખ સાંભળી બધા વિદ્યાર્થીઓ નતમસ્તકે ગુરુને વંદી રહ્યા. આજે કોઇ વિદ્યાર્થીને આવી ફેરવેલ પાર્ટી ક્યાંય મળે ખરી ?

સ્કૂલમાંથી કોલેજમાં જતા વિદ્યાર્થીને છેલ્લે કોઇ શિક્ષક શું કહી ન શકે કે 'હવે ઉઘડતી ઉંમરે કોલેજના કેમ્પસમાં સાવધાન રહેજે.' કોમર્સમાં અર્થનીતિ, અર્થશાસ્ત્ર અને અર્થોપાર્જન જ શીખવવાનું કે જીવનમાં નૈતિકતા, પ્રમાણિકતાનું મૂલ્ય પણ સમજાવવાનું ? ભેળસેળ, ડુપ્લિકેટ્સ, ચીટિંગ કરીને ખિસ્સું ભરાશે પણ કો'કનું આખું ઘર વેરાન બનશે, તે કોઇ શીખવે છે ખરું ? આજે સમસ્ત સમાજ અર્થકેન્દ્રિત બની ગયો છે. રૂપિયા ખાતર જણાસ અને જાત સુધી બધું વેંચતા થઇ ગયેલા સમાજનો કાર્ડિઓગ્રામ કાઢો તો ખબર પડે કે ઉણપ શિક્ષણની છે. આજે લોકો કેમ બગડી ગયા છે ? એવું પૂછનારે વિચારવું જોઇએ કે જનમાનસ સુધરે એવું ક્યાંય ભણાવાય છે ખરું ?

દક્ષિણ ગુજરાતની એક સુવિખ્યાત સ્કૂલમાં પૂરા પચાસ વર્ષ સુધી સેવા આપીને વિદ્યાલયની શાખને ચાર ચાંદ લગાડનારા પ્રિન્સિપાલ, થોડા વખત પહેલા પોતાના વિદ્યાલયમાં બનેલા એક ઘટનાપ્રસંગથી ખૂબ વ્યથિત થઇ ગયા.

જે સ્કૂલમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી ભાગ્યવાન ગણાતો હતો તે સ્કૂલની વિદ્યાર્થી આલમને કદી ભૂંસી ન શકાય તેવું કલંક લાગી ગયું.

પ્રસંગ કંઇક એવો હતો કે પ્રિન્સિપાલ વિદ્યાર્થીઓને વારંવાર મીઠી ભાષામાં એક વાત કહેતા કે તેમણે સ્કૂલની લાઇબ્રેરીના બિભત્સ પુસ્તકો ન વાંચતા ઉત્તમ કક્ષાનું જીવન ઘડતર કરતા ધાર્મિક પુસ્તકો વાંચવા. તેણે ગમે તે સમયે આવા પુસ્તકો કાઢી આપવાની તેયારી પણ દર્શાવી હતી. ક્યારેક તો લાઇબ્રેરીમાં જઇને તેઓ મીઠો ઠપકો આપીને ય છોકરાઓને ખરાબ પુસ્તકો મૂકી દેવાની ફરજ પાડતા.

વારંવારની આવી હિતકર ટકોર મનસ્વી વિદ્યાર્થીઓને ન રુચી. છેવટે એકવાર હોકીની સ્ટિક્સ લઇને મધરાતે થોડા વિદ્યાર્થીઓ પ્રિન્સિપાલની કોટેજમાં પ્રવેશ્યા. લાઇબ્રેરીમાંથી સાત્ત્વિક સાહિત્ય કાઢી આપવા જણાવ્યું. આવા કસમયે પુસ્તકો કાઢી આપવાની ના પાડવા સાથે પ્રિન્સિપાલે સવારે ચોક્કસપણે પુસ્તકો કાઢી આપવાની ખાતરી આપી.

ઉશ્કેરાટના માર્યા તે છોકરાઓ હોકીની સ્ટિક્સ લઇને તૂટી જ પડ્યા.

પ્રિન્સિપાલને એટલી હદે ઢોરમાર માર્યો કે તેમની પાંસળીઓ તૂટી ગઇ, પીઠ સૂજીને લીલી થઇ ગઇ. અનેક જગ્યાએ લોહી પણ નીકળ્યું. થોડુંઘણું ફર્નિચર પણ તોડીને આ નાનકડા આતંકવાદીઓ રવાના થયા. પ્રિન્સિપાલને હોસ્પિટલમાં દાખલ કરાયા. સમાચાર ફેલાતાં બધે હોહા થઇ ગઇ. કેસ દાખલ કરવાની વિધિ માટે સ્ટેટમેન્ટ લેવા જ્યારે પોલિસ ઇન્સ્પેક્ટર આવ્યા ત્યારે પ્રિન્સિપાલે તેનો સાફ શબ્દોમાં ઇન્કાર કરવા સાથે કણસતા અવાજે જે બયાન આપ્યું તે આંખ ઉઘાડનારું હતું.

"આમાં અમારા તે બચ્ચાઓનો એકલાને કોઇ દોષ નથી. આ ઘટનામાં મુખ્ય ગુન્હેગારો તો ખુદ અમે પોતે જ છીએ, જેમણે બાળકોને સાવ કોરું શિક્ષણ આપવા તરફ જ ધ્યાન આપ્યું પણ તેમના ચારિત્ર્યઘડતર અને વ્યક્તિત્વના નિર્માણ અંગે કોઇ લક્ષ જ ન આપ્યું. તેવા કોઇ પાઠોને અમે શિક્ષણમાં આમેજ પણ ન કર્યા કે શિક્ષણના અભ્યાસક્રમમાં રહેલી આ ઉણપને અમારી સમજાવટ પદ્ધતિથી દૂર કરવાનો પ્રયાસ પણ ન કર્યો. પછી તે બાળકો વડીલોની અને ગુરુજનોની હોકીની સ્ટિક દ્વારા પૂજા ન કરે તો બીજું શું કરે ?"

આંસુ સારતા પ્રિન્સિપાલના આ નિવેદનમાં વ્યથા અને વિકલ્પ બન્ને સમાયેલ છે. વ્યથા અડે અને વિકલ્પ જડે તો કામનું.

● ● ●

## ❑ ધર્મનો ધબકાર ક્યાં છે ?

રામકૃષ્ણ પરમહંસે આપેલું આ દૃષ્ટાંત છે.

એક સીધો સાદો ગરીબ વણકર હતો. વાતવાતમાં રામનું નામ બોલે. ઘરાક આવીને કાપડનો ભાવ પૂછે તો કહે,'રામની ઇચ્છાથી દોરા એટલે સૂતર એક રૂપિયાનું આવેલ છે. રામની ઇચ્છાથી મેં આખો દિવસ મજૂરી કરી છે એના આઠ આના થાય. રામની ઇચ્છાથી કાપડ દોઢ રૂપિયામાં મળશે.'

એક વાર રાત્રે પોતાના આંગણામાં બેઠો બેઠો રામનું નામ લેતો હતો ત્યાં ચોરોની ટોળી નીકળી. શાહુકારનું ઘર ફોડવાનું હતું. મોટો દલ્લો મળશે એની ખાતરી હતી. મજૂરની જરૂર હતી. છરો બતાડીને મજૂર તરીકે વણકરને ઉપાડ્યો.

માલ ખૂબ મળ્યો. પોટલું વાળીને વણકરના માથે મૂક્યું ત્યાં ઘરધણી જાગી ગયો. એણે બૂમો પાડવા માંડી. ચોર ભાગ્યા. વણકર પકડાઇ ગયો. સિપાહી આવ્યા. કોટડીમાં પૂરી દીધો.

બીજે દિવસે કેસ ચાલ્યો. વણકરને ઓળખતા લોકો મદદે આવ્યા.

સૌએ ન્યાયાધીશને જણાવ્યું કે આ ભગત માણસ છે. ખોટો પકડાયો છે. ન્યાયાધીશે વણકરને કહ્યું,'વિગતવાર વાત કહે.' 'જી, રામની ઇચ્છાથી હું રાત્રે ભજન ગાતો બેઠો હતો. ત્યાં રામની ઇચ્છાથી ચોર નીકળ્યા. ચોરોએ રામની ઇચ્છાથી મને છરી બતાવી. રામની ઇચ્છાથી હું તેમની સાથે ગયો. રામની ઇચ્છાથી ચોરોએ શાહુકારનું ઘર ફોડ્યું. રામની ઇચ્છાથી મને મજૂર ગણી મારા માથે પોટલું મૂક્યું. રામની ઇચ્છાથી શાહુકાર જાગી ગયો. રામની ઇચ્છાથી શાહુકારે રાડો પાડી. રામની ઇચ્છાથી ચોર ભાગી ગયા. રામની ઇચ્છાથી સિપાહીઓએ મને કોટડીમાં પૂર્યો. રામની ઇચ્છાથી આપની સામે હાજર છું.'

ન્યાયાધીશે જાહેર કર્યું,'રામની ઇચ્છાથી વણકરને નિર્દોષ ગણી છોડી મૂકવામાં આવે છે.' ખુશખુશાલ થતો તે વણકર ઘરે ગયો અને ઘરનાને કહ્યું : રામની ઇચ્છાથી હું બચી ગયો.''

અહીં 'રામ' એટલે ઇશ્વરીય તત્ત્વ.

'રામ' તો સમગ્ર આર્યજીવનમાં ઓતપ્રોત થયેલા છે. ભારતના કોઇ અંતરિયાળ ગામડામાં બે વ્યક્તિઓ સામસામે મળે તો 'રામ-રામ' કહે. 'રામ રાખે તેમ રહીએ' તે શબ્દોમાં ભક્તના ભગવાન પ્રત્યેના સમર્પણભાવની આછેરી ઝલક દેખાય છે તો 'રામ રાખે તેને કોણ ચાખે' ના શબ્દપ્રયોગમાં ભગવાનની રક્ષણ શક્તિમાં રહેલો માનવીય વિશ્વાસ છતો થાય છે. પ્રભુના વિશ્વાસે ચાલતા માણસ માટે કે સંસ્થા માટે કે ઈશ્વરના વિશ્વાસે થતાં કાર્યો માટે એક કોમન પ્રયોગ થાય છે,'રામ-ભરોસે'.

રાજ્યના સુવ્યવસ્થિત સંચાલનને અને રાજ્યની સંપન્નતાને 'રામરાજ્ય' શબ્દો સાથે સાંકળી લેવામાં આવી છે. અજ્ઞાત ભાવિ તરફ અસહાય બનીને આશભરી મીટ માંડનારો માણસ બોલી ઊઠે છે. 'ન જાણ્યું જાનકીનાથે, સવારે શું થવાનું છે ?' કોઇ બેફિકર અને મજાના માણસ માટે 'મસ્તરામ' શબ્દ પ્રચલિત છે તો માથે કોઇ તાણ કે બોજ રાખ્યા વગર સાહજિકતાથી કોઇ કાર્ય માટે નીકળી પડનારા માટે 'રમતારામ' શબ્દ પ્રચલિત છે.

પ્રામાણિક, સત્યનિષ્ઠ અને મર્યાદાપુરુષોત્તમ ગણાતા રામનો આંચળો ઓઢી લઇને કોઇ દંભ કે અપ્રામાણિકતા આચરે ત્યારે 'મુખમેં રામ બગલમે છુરી' ની કહેવત વહેતી થાય છે.

ઘરની કંકાસકથા માટે પણ એક પ્રસિદ્ધ રુઢિપ્રયોગ છે. 'ઘર-ઘરની રામાયણ'. જીવસૃષ્ટિ માટે 'રામનાં રમકડાં' શબ્દ વાપરી સર્વ જીવોમાં જાણે ભગવદ્ ભાવનો સ્વીકાર કરાય છે. કોઇ વિચિત્ર ઘટના બને તો 'રામ ! તારી માયા' કહીને છૂટી જવાય છે.

કેવળ સ્વાર્થ સાધી લેવાના હેતુથી રામના નામનો ઉપયોગ કરી જાણનારાઓ પર સરસ વ્યંગ કરાય છે. 'રામ નામ જપના, પરાયા માલ અપના' ગુણવત્તા કે ક્ષમતા વગરના, કોઇ માણસને આશ્ચર્યકારી સફળતા

મળી જાય તો 'રામના નામે પથ્થરો તર્યાની હકીકતનું સ્મરણ કરાય છે. નિશ્ચિત સફળતા મેળવી આપનારા ઉપાય કે ઇલાજ માટે 'રામબાણ' શબ્દ વપરાય છે.

કોઇ નિસ્તેજ અને નિરાશ થયેલી વ્યક્તિ લમણે હાથ દઇને બેસે ત્યારે તેવી વ્યક્તિમાં 'રામ નથી' એવું કહેવાય ત્યારે રામ, જાણે કે જીવનના તેજ, આશા અને જીવનનો પર્યાય બની જાય છે. જીવનલીલા સંકેલી લેવાની ઘટના માટે 'રામ રમી ગયા' શબ્દ વપરાય છે અને શ્મશાને જતા પણ 'રામ બોલો ભાઇ રામ' ની ધૂન.

આર્ય જીવનના પ્રત્યેક વ્યવહારમાં ભગવાન કેવા વણાયેલા હોય છે અને તે એટલે સુધી કે 'સ્વર્ગવાસ' પામેલા 'સદ્‌ગત' માટે 'અરિહંતશરણ' કે 'રામશરણ' શબ્દ વાપરીને મૃત્યુ પછીનો આખો હવાલો પણ ભગવાનને સોંપવામાં આવે છે. આર્યજીવનનો ધબકાર છે ભગવત્ તત્ત્વ.

એક ડૉક્ટરના ક્લિનિકનું નામ વાંચ્યું : 'I Treat, He cures Clinic.' સારા દિવસો વખતે 'ભગવાનની મહેરબાની છે.' એવા શબ્દો બોલાય છે. આપત્તિમાંથી ઉગરી જનારો 'ભગવાનની મહેરબાનીથી બચી ગયાનું' કહે છે. પોતાનાં કાર્યમાં ધારેલી સફળતા મળી જતા કોઇ 'ઈશ્વરની કૃપા' હોવાનું કહે છે. કોઇ નવું કામ 'ભગવાનનું નામ' લઇને શરૂ કરવાનું કહેવાય છે. હોંશિયાર વિદ્યાર્થી પર મા સરસ્વતીનું વરદાન હોવાનું કહેવાય છે. આવા શબ્દપ્રયોગોમાંથી આસ્થા અને નિરહંકાર ભાવની સુવાસ પ્રસરતી હોય છે.

કોઇ ઈશ્વરને સર્વનો જ્ઞાતા માને તો કોઇ તેને સર્વનો કર્તા-હર્તા માને તે જુદી બાબત છે. મૂળ વાત એટલી જ છે કે આર્ય દેશની ભાષામાં ભગવાન કેવા ઝીલાયા છે, તે આવા અઢળક શબ્દપ્રયોગોથી સ્પષ્ટ જણાય છે. માત્ર ભાષામાં જ નહીં, જીવનના વ્યવહારોમાં પણ ઈશ્વર, ધર્મ, અને આસ્તિકતા વણાયેલા જોવા મળે છે. નવા ઘરમાં 'કુંભ મૂકવાની' પ્રથા હોય કે દુકાન ખોલીને ભગવાનની છબીને ધૂપ દીવો કરવાની પ્રણાલી હોય કે બધા કામો ભગવાનનું નામ લઇને કરવાની વાત હોય. સર્વત્ર વણાયેલી એક બાબત છે અને તે છે, આસ્તિકતા.

આ દેશનો ઇતિહાસ પણ સંતો, મહંતો, મહર્ષિઓ અને રાજર્ષિઓના જ્વલંત પાત્રોને રજૂ કરે છે. જ્યાં લાખો મંદિરો, ધર્મસ્થાનો પથરાયેલા છે

તેવા આ દેશની ભૂગોળ પણ ધર્મમય છે. વર્ષમાં આવતા અનેક પર્વો પણ ધર્મ સાથે સંબંધિત હોવાથી દેશનું કાળ ફેક્ટર પણ ધર્મ સાથે જોડાયેલું છે. પ્રવચનો, સભાઓથી લઇને સ્કૂલના દિવસનો પ્રારંભ પણ પ્રાર્થનાથી કરાય છે.

જે દેશનો ઇતિહાસ ધર્મના દસ્તાવેજરૂપ હોય, જે દેશની ભૂગોળ ધર્મમય હોય, જે દેશની હવામાં ધર્મધજાઓ ફરકતી હોય, જે દેશના લોકોના જીવનમાં અને વ્યવહારોમાં ધર્મ જડાયેલો હોય તે દેશના શિક્ષણમાં ધર્મનું નામનિશાન ન હોય તો તેવું શિક્ષણ કેટલું બધું 'ઇમ્પ્રેક્ટિકલ' કહેવાય !

આજના શિક્ષણના ગુણધર્મોનું પૃથક્કરણ 'છે' અને 'નથી' ના વિભાગમાં આ રીતે થઇ શકે.

| છે | નથી |
|---|---|
| શરીર | આત્મા |
| પૈસા | પરમાત્મા |
| સ્વાર્થ | પરમાર્થ |
| આલોક | પરલોક |

જે દેશની કરોડોની માનવ પ્રજા આસ્તિકતા ને ધાર્મિક્તાને વરેલી હોય તેમણે મેળવવાનું શિક્ષણ ધાર્મિકતા વિનાનું રાખવું તે કેટલી બધી અવાસ્તવિક ઘટના છે.

શિક્ષણના સમગ્ર કલેવરમાં આત્મા, પરમાત્મા, પુણ્ય, પાપ, સ્વર્ગ, નરક, પરલોક અને મોક્ષ જેવા શબ્દો ઉપર અડધા પાના જેટલું પણ વિવેચન ક્યાંય સમાવાયું નથી તે જ સાબિત કરે છે કે આ નાસ્તિકતાનું ઝેર ફેલાવતું શિક્ષણ છે.

અણુમાં રહેલી શક્તિનો પરિચય અને તેને પ્રગટ કરવાના ઉપાયો સુધી બધું શીખવીને અણુશક્તિના વિસ્ફોટ સુધી માનવીયબુદ્ધિ સક્રિય બની છે. પણ, અમૂર્ત એવા આત્મસ્વરૂપની વિભાવના અને તે સ્વરૂપના પ્રાગટ્ય માટેના ઉપાયોનું વિશ્લેષણ સમગ્ર અભ્યાસક્રમમાં જ્યારે હોય જ નહીં, પછી તેને ભણનારો આસ્તિક શી રીતે પાકે ? જેના થકી સાધકો પકવી શકાય તેના થકી આજે આસ્તિકો પણ પકવી શકાતા નથી. શિક્ષણની ધર્મનિરપેક્ષતાનું આ કડવું ફળ છે.

કર્મ થીયરીનો બોધ આપતો એકાદ ફકરો પણ જ્યાં ફાળવી શકાયો ન હોય તે શિક્ષણ મેળવીને તૈયાર થયેલા વિદ્યાર્થીમાં રોગ, આપત્તિ, નુકસાની અને નિષ્ફળતાને પચાવી શકવાની ક્ષમતા કેળવાય તે પથ્થર પર ગુલાબ ઉગાડવા જેવી વાત થઇ. ધ્યાન અને અધ્યાત્મ જેવા શબ્દોના અર્થમાત્ર સુધી પણ ન પહોંચાડી શકે તે શિક્ષણ માનસિક ચંચળતા ઘટાડીને વ્યક્તિમાં એકાગ્રતા પ્રગટાવે તે વાત જ અસ્થાને છે. સમાધિ, સદ્‌ગતિ અને પરમગતિનું લક્ષ કેળવવામાં આજનું શિક્ષણ સર્વથા નિષ્ફળ નીવડ્યું છે.

એતિહાસિક સત્ય બતાવીને તેણે પ્રાગૈતિહાસિક સત્યને ઉડાડ્યું છે. વૈજ્ઞાનિક સત્ય દ્વારા અનુભવગમ્ય કે શ્રદ્ધાગમ્ય સત્યને ફગાવી દીધું છે. મનોવૈજ્ઞાનિક સત્ય રજૂ કરીને અતીન્દ્રિય સત્યને દબાવ્યું છે. ભૌગોલિક સત્યને નામે બ્રહ્માંડ સત્યનો છેદ ઉડાડ્યો છે.

આવું શિક્ષણ બે તબક્કામાં નુકસાન પહોંચાડે છે

(૧) જે પ્રજાના જીવનમાં ધર્મ વણાયેલો છે તેવી પ્રજાને ધર્મનિરપેક્ષ શિક્ષણ આપીને અવાસ્તવિકતા અર્પે છે.

(૨) ગોબેલ્સ ન્યાયથી લાંબા ગાળે નવી પેઢીને ધર્મ અને મૂલ્યોથી સર્વથા દૂર કરી નાસ્તિક બનાવી દેવાનું કાર્ય કરે છે.

વર્તમાન શિક્ષણમાં જીવનને વિજ્ઞાનથી યંત્રિત કરવાની વાત પુષ્કળ છે પણ જીવનને ધર્મથી નિયંત્રિત કરવાનું દિશાસૂચન પણ નથી. જૈનધર્મગ્રન્થોમાં માર્ગાનુસારી જીવનના પાંત્રીશ ગુણોનું સ્વરૂપ જણાવ્યું છે. તેમાં આહારસંયમ, ભોગનિયંત્રણ, સાદગી, સંતોષ, પ્રામાણિકતા, વડીલજનસેવા, વાણીસંયમ, વિવાહ અને વેશ અંગેનું ઓચિત્ય, નમ્રતા, સરળતા, પાપભીરુતા, રાષ્ટ્રાચાર, શિષ્ટાચાર વગેરે સર્વાંગીણ માનવીય મૂલ્યોને આવરી લેવાયા છે. જીવનમાં મૂલ્યશિક્ષા માટે આવું શિક્ષણ કદાચ સર્વગ્રાહ્ય અને સર્વશ્રેષ્ઠ સિલેબસ બની શકે.

દેશની બિનસાંપ્રદાયિકતાએ શિક્ષણમાંથી ધર્મને દૂર કરી દીધો. નીતિ, દયા, સદાચાર, વગેરે તમામ મૂલ્યોનું કેન્દ્રબિન્દુ ધર્મ છે. તેથી ધર્મનિરપેક્ષતા એ મૂલ્યનિરપેક્ષતા ઊભી કરે છે અને મૂલ્યનિરપેક્ષ શિક્ષણ શું ઊભું કરે છે તે

તો નજરે જ દેખાય છે. પાક અને ઘાસની પેદાશ માટેની પ્રક્રિયા પાછળ ઘણો ફરક હોય છે.

ધર્મનિરપેક્ષ શિક્ષણ જનમાનસમાં નાસ્તિકતા જન્માવે છે. આસ્તિકતા એ માત્ર માન્યતા સાથે સંકળાયેલી બાબત નથી. આસ્તિક માનવીના જીવનમાં સદાચાર, સંયમ ને દયાભાવના વણાયેલાં રહેવાના કારણે તેનું જીવન બેફામ બનતું અટકે છે, જે સમગ્ર વિશ્વ માટે ઉપકારક છે.

નાસ્તિકતા એ પણ માત્ર માન્યતાની બાબત નથી. જ્યાં પુણ્ય, પાપ કે પરલોકની કશી પડી જ ન હોય ત્યાં માણસને નિરંકુશ બનતા કોણ અટકાવી શકે ? તેની નિરંકુશ જીવનશૈલી, વિશ્વના અસ્તિત્વ સામે પણ ખતરો ઊભો કરે છે. અનેક સમસ્યાઓથી ઘેરાયેલું વિશ્વ હજી આજે પણ ટકી શક્યું હોય તો તેમાં આસ્તિક જીવનશૈલીનો સિંહફાળો છે. માત્ર નાસ્તિકો આ વિશ્વને બે-પાંચ સૈકાથી વધુ સાચવી શકે નહીં. પૃથ્વી પણ લાંબા સમય સુધી તેમનો ભાર ખમી શકે નહીં.

• • •

## ❑ ખંડેરની મરામત

જુનાગઢના મહારાજા રા'ખેંગાર શિકાર કરવા જંગલ તરફ જઇ રહ્યા હતા. રસ્તો ભૂલાઇ ગયો. આગળ જતા કોઇ ચારણ મળ્યો. રાજાએ તેને રસ્તો પૂછ્યો. તીર કામઠાં સાથે સજ્જ થયેલા અશ્વારુઢ રાજવીને જોતા જ ચારણ સમજી ગયો. રાજાના આ દેદારમાં તેને કોઇ હરણનાં તરફડિયાં દેખાયા. તે ખૂબ ઉદ્વિગ્ન થયો. તેનું દિલ દ્રવી ઊઠ્યું. રાજાને સંભળાવવાની હિંમત ન હોય તો ચારણ શાનો ?

રાજાના પ્રશ્નના જવાબમાં ચારણે એક દુહો લલકાર્યો.

જીવ હણંતા નરક ગતિ, અહણંતા સ્વર્ગ,

હું જાણું દો ય વાટડી, જિણ ભાવે તિણ લગ.

ચારણના ચબરાકિયા અને સાત્ત્વિક જવાબથી પ્રસન્ન થયેલા રા'ખેંગારે ત્યાં જ તીર કામઠા તોડી નાંખ્યા અને કાયમ માટે શિકાર નહીં કરવાની પ્રતિજ્ઞા કરી ત્યારે તે ચારણના મુખ પર સો સો હરણાંઓનું સ્મિત પ્રતિબિંબિત થયું.

યુનિવર્સિટીનાં પગથિયાં ક્યારે ય નહીં ચડેલા આ ચારણની સાથે, યાંત્રિક કતલખાનાઓને પણ વગર ખચકાટે પરવાના આપતા આજના કહેવાતા શિક્ષિતને સરખાવતા, 'શિક્ષણ' સામે એક મોટો પ્રશ્નાર્થ ઊભો થાય છે. પશુના શરીરમાં ચેતના દેખાય અને તે ચેતનામાં સુખદુઃખનું આત્મવત્ સંવેદન દેખાય તેને શિક્ષિત કહેવો, કે જેને પશુદેહમાં કિલોબંધ માંસનું પેકેજ દેખાય અને તે પેકેજમાં હુંડિયામણ દેખાય તેને શિક્ષિત કહેવો ?

The heart of education is the education of heart.' બુદ્ધિની ધારમાં નહીં પણ હૈયાની સંવેદનામાં જ જો શિક્ષણનું હાર્દ સમાયેલું હોય તો બેધડક રીતે કહી શકાય કે રા'ખેંગારને મળેલો પેલો ચારણ ડબલ ગ્રેજ્યુએટ હતો અને વર્તમાન શિક્ષણ નિરક્ષરો પેદા કરે છે.

આજે શિક્ષિતવર્ગમાં ખૂબ ચર્ચાતો વિષય છે 'શિક્ષણ'. આ દેશના વડાપ્રધાનથી લઇને સાક્ષરો સુધી અને વાલીઓથી લઇને વિદ્યાર્થીઓ સુધી દરેકના મનમાં શિક્ષણ અંગે કંઇક અસંતોષની લાગણી પ્રવર્તી રહી છે. કોઇને શિક્ષણ ભારેખમ લાગે છે તો કોઇને તે બોજલ લાગે છે. કોઇને તે ખર્ચાળ લાગે છે તો કોઇને માધ્યમ સામે વાંધો છે. પણ શિક્ષણના પરિણામ અંગે તો બધા જ અસંતુષ્ટ છે.

અભ્યાસક્રમમાં મૂલ્યશિક્ષણને ઉમેરવાના સૂચનો ઇ.સં. ૧૯૮૬ની નવી શિક્ષણનીતિથી લઇને આજ સુધી થતા આવ્યા છે. મૂલ્યશિક્ષણને જો એક નવો વિષય બનાવીને અભ્યાસક્રમમાં ઉમેરવામાં આવે તો સંભવ છે કે મૂલ્યો વધવાને બદલે મજૂરી જ વધશે. કારણ કે શિક્ષણનો આખો ઢાંચો જ ગોખણપટ્ટી અને પરીક્ષાપટ્ટીનો છે. દા.ત. પ્રાથમિક ધોરણોમાં મૂલ્યશિક્ષાના એક નવા પાઠ રૂપે ક્રમસર માત્ર દસ વાક્યો મૂકી જુઓ. જેમ કે, હિંસા કરવી નહીં, જૂઠું બોલવું નહીં, ચોરી કરવી નહીં... વગેરે. નબળી યાદદાસ્ત વાળો વિદ્યાર્થી બાજુવાળાના પેપરમાંથી કોપી મારીને પોતાના ઉત્તરપત્રમાં સાચો જવાબ લખી દેશે કે 'ચોરી કરવી નહીં' અને તે પાસ પણ થઇ જશે.

વિદ્યાર્થીના જીવનમાં જો મૂલ્યોની પ્રતિષ્ઠા કરવી હોય તો તેને અલગ વિષય બનાવવાને બદલે તેને પ્રત્યેક વિષયમાં વણી લેવો જોઇએ. મૂલ્યોનું કોરું પ્રદાન કરવાને બદલે ભણાવાતા વિષયોની અસરરૂપે મૂલ્યોની પ્રતિષ્ઠા થાય તેવું કંઇક કરવું જોઇએ. મૂલ્ય એ રિફ્લેક્ટેડ એલિમેન્ટ હોવું જોઇએ. આ માટે વર્તમાન શિક્ષણક્ષેત્રમાં નવા બીજારોપણની નહીં, પુષ્કળ પ્રમાણમાં નિંદામણ કરવાની તાતી જરૂર છે. કેટલુંક દિશાસૂચન કરી શકું.

વિજ્ઞાનના પિરિયડમાં જગદીશચંદ્ર બોઝની થીયરી શીખવવામાં આવી. વનસ્પતિમાં જીવત્વ છે તે શીખવ્યા બાદ તેના પ્રેક્ટિકલ્સ ચાલ્યા. વિદ્યાર્થીઓ લેબોરેટરીમાં ગયા. એક વિદ્યાર્થીએ હાથમાં એક શૂન્યાવકાશવાળી ટેસ્ટટ્યૂબ લીધી. તેમાં લીલાછમ છોડનાં પાંદડાં નાંખ્યા. ટેસ્ટટ્યૂબ ઉપરથી સીલ પેક કરી દેવાઇ. થોડી વાર બાદ છોડ મુરઝાઇ ગયેલો જણાયો.

''જોયું ! હવા ન મળવાથી આ છોડ મુરઝાઇ ગયો ને ? ઇટ્ શોઝ કે

આ છોડ જીવંત હતો. નહીંતર તે આમ મુરઝાય શાનો ? ગૉટ્ ઇટ્ ?'' શિક્ષકે સમજાવતા કહ્યું. વિસ્મયના ભાવો સાથે વિદ્યાર્થીઓ રવાના થયા ત્યારે ભાગ્યે જ કોઇએ આ પદ્ધતિની સમીક્ષા કરી હશે. વનસ્પતિમાં જીવત્વ હોવાની થીયરી શીખવ્યા પછીના પ્રેક્ટિકલ્સમાં તે જીવને હણી કાઢવાનો ? કે તેને પોષણ, પ્રેમ આપીને તેની અસરો બતાવવાની ?

ગાય એક જીવંત પ્રાણી છે એવું શીખવ્યું હોય તો તેના પ્રેક્ટિકલ્સ કેવા હોવાં જોઇએ ? તેને કાપીને મારી નાંખવા દ્વારા તેને પૂર્વે જીવતી હોવાનું સાબિત કરી દેખાડતી પદ્ધતિની હિમાયત થઇ શકે ખરી ? ગાય અંગેના પ્રેક્ટિકલ્સમાં જે ક્રૂરતા ગણાય તે વનસ્પતિ અંગે કેમ ન ગણાય ? આખરે વનસ્પતિમાં પણ જીવત્વને સ્વીકારીને પછી તો આગળ ચાલીએ છીએ. ખાતર પાણી થકી સતત વધતું હોવાનું જણાવી વૃક્ષના જીવત્વની થીયરીને સાબિત કરી શકાય છે. ''આ ટેબલને ખાતર પાણી સિંચવા છતાં તે કેમ વધતુ નથી ?' આવો નિષેધાત્મક તર્ક આપીને પણ આ થીયરીને establish કરી શકાય છે.

સાક્ષરતા અભિયાનો ચલાવનારાઓ ગામડાની દિવાલે દિવાલે એક રૂપકડું સૂત્ર ચીતરે છે. 'Remove illeteracy, Remove Poverty'. આ સૂત્ર દ્વારા તે લોકો ગરીબીનું મૂળ નિરક્ષરતામાં દેખાડે છે. આ સૂત્ર એક નવા સમીકરણને જન્મ આપે છે. 'અજ્ઞાનતા હટાવો = ગરીબી હટાવો''. જે દેશમાં લાખો શિક્ષિત બેકારો ફરતા હોય ત્યાં માત્ર સાક્ષરતાને સમૃદ્ધિ સાથે સાંકળી લેવામાં બહુ દમ જણાતો નથી. છતાં પણ આ સમીકરણને સમુચિત ફેરફાર સાથે અથવા અમૂક અધ્યાહાર સાથે સ્વીકારી શકાય કે 'આજના માનવની વસ્તુના વપરાશ અંગેની અજ્ઞાનતા હટાવો= ગરીબી હટાવો.'

જૈનદર્શન નજરે દેખાતા હાલતા ચાલતા જંતુઓ ઉપરાંત પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને વનસ્પતિમાં પણ જીવત્વ હોવાનું માને છે. જૈનોની આ ષડ્જીવ- નિકાય થીયરીના શિક્ષણનું પ્રેક્ટિકલ્સ એટલે દયા અને અહિંસાનું પાલન. દયાનું પાલન થાય ત્યારે પ્રકૃતિ આખી નિરાંતનો શ્વાસ લે છે.

આર્યધર્મો ધરતી અને નદીને માતા માને છે, અગ્નિને દેવતા માને છે, આંગણામાં રહેલા તુલસીના છોડને ઉપાસ્ય માને કે ગાયને પૂજનીય માને

ત્યારે આજના ભણેસરીઓને આ બધું હંબગ, બોગસ અને બેકવર્ડ લાગે છે. હકીકતમાં આ બધી વિભાવનાઓ શીખવવા દ્વારા પ્રકૃતિચક્રનું સુરક્ષાચક્ર તેયાર થઇ જતું હોય છે.

પ્રકૃતિમાં જીવત્વ કે દેવત્વને માનનારા પર્યાવરણનો વિષય ભણતા નથી પણ પર્યાવરણને જાળવે છે. આજનું શિક્ષણ લેનારો પર્યાવરણ ભણે છે, જાળવતો નથી. જળ અને વનસ્પતિમાં રહેલા ચૈતન્યનો આદર કરવાનું શીખવાય તો વિદ્યાર્થી નિરર્થક પાણી વેડફતા પહેલા કે એક પાંદડું પણ તોડતા પહેલા વિચારશે. પણ સ્કૂલની લેબોરેટરીમાં ચાલતા પેલા ટેસ્ટટ્યૂબવાળા પ્રેક્ટિકલ્સ, એવો ફાલ જન્માવી શકે જે વોટર પાર્ક્સ અને રિસોર્ટ બનાવવા ખાતર જંગલોનો ખાત્મો બોલાવવાનો પરવાનો આપી દે. 'નિંદામણં કુરુ !'

ગણિત શીખવવા ક્યાંક દાખલો કરાવાય છે.

"રમેશ બજારમાંથી સોળ ઇંડા લાવ્યો. તેમાંથી ચાર ઇંડા પોતે ખાધા, સાત બાજુવાળાને આપ્યા, તો રમેશ પાસે કેટલાં ઇંડા બચ્યાં ?" મરોડદાર અક્ષરે મુન્નો જવાબ લખે છે. 'પાંચ'. સાચ્ચું ! અહીં મુન્નો માત્ર ગણિત જ નથી શીખતો, સાઇડ ઇફેક્ટ રૂપે ઇંડાને તે ખાદ્ય પદાર્થરૂપે પણ સ્વીકારતો થાય છે. આ તથ્યની ગંભીર નોંધ લેવાશે ત્યારે તરત જ ઇંડાના સ્થાને કેળા ગોઠવાઇ જશે.

માછલી, માંસ ને ઇંડામાં રહેલી કેલરી કે પ્રોટીન્સના ઊંચા આંક બતાડીને તેમાં રહેલી પોષકતા ને હાઇલાઇટ કરાય ત્યારે તેમાં રહેલું જીવત્વ વિસરાય છે. પછી ઊભા થનારા હિંસક સમાજમાં દયા કરુણા કે માનવતા કેમ ખાડે ગઇ છે તેવો પ્રશ્ન કોઇએ પૂછવો નહીં "હું નીચે કેમ પડ્યો ?" એવું શેખચલ્લી પૂછે શકે ખરો ?

દયા અને કરુણા તો દૂરની વાત થઇ. આજના શિક્ષિત પાસે જો ભ્રાતૃભાવ ને કૌટુંબિકતાની પણ ખેંચ પડતી હોય તો ન્હાઇ નાંખવું જોઇએ આવા શિક્ષણના નામનું ! નાનપણમાં નિબંધલેખન કરતા બધા શીખ્યા હશે, 'મારું ઘર' તેમાં લખવાનું હોય છે. 'મારા કુટુંબમાં અમે ચાર સભ્યો છીએ. હું, મારા પાપા, મમ્મી અને મારી બહેન વગેરે...' આવું લખાણ કરવાથી બાળક માત્ર નિબંધલેખન જ નથી શીખતો પણ વિભક્ત કુટુંબની વિભાવના

પણ તેના અપરિપક્વ માનસમાં ઊંડા મૂળિયાં નાંખે છે. નહીંતર નિબંધના કુટુંબમાં માત્ર ચાર જ મેમ્બર શા માટે ? દાદા, દાદી, કાકા, કાકી, ફોઇ અને પિતરાઇ ભાઇ, બહેન પણ કેમ ન હોય ? વધારાના અટલા શબ્દો લખવા માટે પાઠ્યપુસ્તકોના કાગળમાં મોકળાશ નહીં આવે ત્યાં સુધી માણસનાં મન સાંકડાં થતાં રહેશે. અભ્યાસક્રમના ઘડવૈયા Law of Receptivity અને Law of Reactivity વચ્ચેના કાર્યકારણભાવને સમજી શકવામાં થાપ ખાઇ ગયા છે.

ભારતમાં રમાયેલા વિલ્સ વર્લ્ડ કપ બાદ એક સર્વેક્ષણ બહાર પડેલું. ટુર્નામેન્ટ બાદ ટીનએજર્સમાં અચાનક સ્મોકિંગનું પ્રમાણ ખાસ્સું વધ્યું હોવાનું જણાવીને તેના કારણરૂપે એવું જણાવાયું હતું કે ''સતત ટી.વી.ના પડદે મેચ જોનારાઓને અજાણપણે પણ સતત 'વિલ્સ' શબ્દ નજરે ચડતો હતો, તેનું આ પરિણામ છે.''

આજે કોલેજિયન કિશોરો કો'કનો હાથ પોતાના હાથમાં લઇને ચાલતા હોય ત્યારે આવી વર્તણૂંક સુધીની કડી જોડી આપતા આવા સર્વેક્ષણ કાઢવાની જરૂર છે. નાનપણમાં, બાલભારતીના મુખપૃષ્ઠ પર રહેલા ચિત્રમાં ક્યારેક કોઇ નિર્દોષ બાળક અને બાળકી એકબીજાના હાથ પકડીને ગાર્ડનમાં ચાલતા હોવાનું બતાવ્યું હોય ત્યારે પ્રથમ નજરે તેમાં કશું ય અજુગતું નહીં લાગ્યું હોય. આવા 'પ્રિમેચ્યોર્ડ પાણિગ્રહણ'નાં મૂળિયાં કદાચ પેલા મુખપૃષ્ઠના ચિત્રમાં પડ્યા હશે.

બોબ્ડ હેરવાળી કે મર્યાદાહીન પોશાકવાળી કોઇ સ્ત્રીનું ચિત્ર ડ્રોઇંગ બુકમાં ઘરકામ કરતી વખતે બાળકની સામે હોય છે. ત્યારે તે બાળક તે ચિત્રમાં જે રંગ પૂરે છે, તેના કરતા ઘણો ગહેરો રંગ પેલું ચિત્ર બાળકના મનમાં પૂરે છે.

આ તો આંગળી-ચીંધણું છે. આડા અવળા ઊગી જતા ડાળા ઝાંખરાને, છોડની માવજત માટે માળી સતત દૂર કરતો રહે છે. આ ક્રિયાને નિંદામણ કહેવાય છે. 'માણસો' ઉગાડવા માટે શિક્ષણના ખેતરમાં કદાચ ખેડાણ કરતા વધુ 'નિંદામણ' કરવું પડશે. અભ્યાસક્રમથી લઇને આકૃતિઓ સુધી બધે જ.

જોઇએ છે, એક કુશળ માળી.

● ● ●

## ❑ ઘર : એક સંસ્કારપીઠ

સોલમ, ગ્રીકદેશના પ્રખ્યાત ચિંતક હતા. એક સડેલું સફરજન લઇને ઊભા રહ્યા. લોકોને કહ્યું,'બોલો, આ બગડેલા સફરજનને સુધારવું હોય તો શું કરવું પડે ?' બધા આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયા. સડેલું સફરજન વળી સુધરે શી રીતે ? બધા મૌન રહ્યા, એટલે સોલમે પોતાનો સવાલ દોહરાવ્યો.

એક પ્રૌઢે સભા વતી જવાબ આપ્યો,'આ સફરજનને તો ફેંકી જ દેવું પડે.' બધા સોલમના પ્રતિભાવની રાહ જોતા હતા. સોલમે કશું કહ્યા વગર તે સફરજનના ચાર સરખા ટુકડા કર્યા. અંદર રહેલા તેનાં બીજ બતાવીને પૂછ્યું,'આ બીજ કેવાં છે ?' 'તે તો સારા છે' બધાએ સ્વીકાર્યું. તેને વાવવાથી સારું સફરજન ન મેળવી શકાય ?' સડેલા સફરજનના પણ બીજ તો સારા જ હોય છે. સહુને એક નવું બ્રહ્મજ્ઞાન લાધ્યું.

આજે સમાજમાં અનેક દૂષણો ફેલાતા જાય છે. માનવીય મૂલ્યોને પ્રતિષ્ઠિત કરવામાં વર્તમાન શિક્ષણ સર્વથા નિષ્ફળ નિવડ્યું છે, ત્યારે પેલા સડેલા સફરજનની યાદ આવે છે અને સાથે જ તેમાંથી નવસર્જન કરવાની હોંશ જન્માવે તેવો કીમિયો મળે છે. નવી પેઢી એ બીજ છે. તેનું સરખું જતન કરાય, તેનું યોગ્ય રીતે વાવેતર થાય, પ્રમાણસરનું સિંચન મળી રહે અને સાથે નિંદામણ થતું રહે તો એક આખા સભ્યસમાજની ફસલ ઉગાડવી અશક્ય નથી. અહીં વાલીઓએ બીજના રખોપા બનવું પડે. વાલીઓ માટે અંગ્રેજીમાં વપરાતો શબ્દ છે 'Guardian'. વાલી તે, જે રક્ષણ કરે છે.

વ્યવસાયમાં, મીટિંગોમાં, પ્રવાસોમાં કે પાર્ટીઓમાં જેની 'પપ્પા' નામની મૂડીનું રોકાણ થઇ ગયું હોય અને શોખ ખાતર કરાતા જોબમાં, જાતજાતના ક્લાસિસમાં અને કિટ્ટી પાર્ટીઓમાં 'મમ્મી' નામની છેલ્લી બચત

પણ જેણે લગાવી દીધી હોય તેવા સંતાનોની આખી જીંદગી જ ઘલાઇ જાય છે.

જેનાં નામ અને અટક વચ્ચે કાયમ જેમનું નામ રહેવાનું છે તેવા પિતા, અઠવાડિયાની દશહજારને એંશી મિનિટોમાંથી માત્ર એંશી મિનિટ પણ પોતાની 'રિયલ એસ્ટેટ' પાછળ ફાળવી ન શકે તો તેવા પ્યોર્‌લી પ્રોફેશનલ પપ્પાઓ કદાચ આજના સંતાનોની સૌથી દુ:ખદ ઉપલબ્ધિ હશે. આવા પપ્પાઓને દીકરા ક્યારેય મળતા નથી, માત્ર વારસદારો જ મળે છે.

પોતાના વહાલસોયાને આયાના કે બેબીસિટિંગના ટીચરના ભરોસે મૂકીને હાથમાં કૂતરાની સાંકળ પકડીને ફરવા નીકળી પડતી સન્નારીઓને કોણ સમજાવે કે તેમને એકસો યુનિવર્સિટિની ઉપમા અપાઇ છે. એક માતા પોતાના કર્તવ્ય પ્રત્યે અભાન બને એટલે એક સાથે એકસો વિદ્યાપીઠોને તાળાં લાગી ગયાં. મા-બાપના સમયની ખેંચમાંથી સંતાનોમાં સંસ્કારની ખેંચ ઊભી થાય છે.

ગુજરાતની જલસંકટ સમસ્યા કરતાં આજના સંતાનોની સમયસંકટ સમસ્યા ઘણી વધુ ગંભીર છે. પિતૃદર્શન જેમના માટે ઇદના ચાંદ જોવા જેવી ઘટના હોય અને માતૃવાત્સલ્ય જેમણે જોન્સન એન્ડ જોન્સનની નિપલ્સની સાથે જ ગુમાવી દીધું હોય તેવાં સંતાનોને ઘરમાં જ અનાથાશ્રમની તમામ સુવિધાઓ મળી રહે છે.

મા-બાપ બની જવું એ તો એક ઘટનામાત્ર છે. 'વાલી' બનવું તે એક સાધના છે.

કુટુંબમાં દાદા, દાદી જો સમાતા હોય તો સંસ્કારોની સમસ્યા ઘણી હળવી થાય. દાદાજી વાર્તા કહે ત્યારે બાળકને માત્ર સાત્ત્વિક મનોરંજન જ નથી મળતું, જીવન જીવવાની અદ્‌ભુત ગુરુચાવીઓ પણ ભેગી મળે છે. દાદીમા ઘરમાં બેઠા બેઠા નાના ભૂલકાઓને ધર્મશિક્ષા આપ્યા કરે. પહેલી અને ત્રીજી પેઢી વચ્ચે થતા આવા આદાન-પ્રદાનનાં મીઠાં ફળ બીજી અને ચોથી પેઢીને ચાખવા મળે છે.

ઘરમાં વડીલની સારી સારસાંભળ લેવાતી હોય, આમન્યા જળવાતી હોય ત્યારે વૃદ્ધસેવા અને વિનયના સંસ્કારો સંતાનોને વગર પ્રયત્ને મળે છે.

સંતાનોને ઊંચા આદર્શો આપવાની સૌથી કપરી જવાબદારી બહુ ઓછા

વાલીઓ નિભાવે છે. કોઇ લેણદારનો ફોન આવતા ફોનના રિસીવર પર હાથ રાખીને પપ્પા દીકરાને કહે છે ''કહી દે, પપ્પા ઘરે નથી.'' ત્યારે તે પપ્પા ભૂલી જાય છે કે આ જવાબના મર્મનો રિસીવર દીકરો છે અને તેના કાન ખુલ્લા છે. સંતાનોની સામે જ ઘરના વૃદ્ધોને ધધડાવતા પૂર્વે કયા વાલીઓ વિચારતા હશે કે આ ડાયલોગ્સનું રેકોર્ડિંગ ચાલુ છે. અડધી ટિકિટે મુસાફરી કરાવવાની લાલચમાં પોતાના સંતાનની ઉંમર પર કાતર ચલાવતી માતા ભૂલી જાય છે કે આ કાતર તેનાં જીવનમૂલ્યો પર ફરી વળી છે, જે અડધી ટિકિટના દરથી પાછા મેળવી શકાતાં નથી.

ઘરના માણસ સાથે પણ મર્યાદા ચૂકીને કોઇ જાહેર વ્યવહાર થાય ત્યારે તે વાત ભૂલી જવાય છે કે આની એન્લાર્જ્ડ કલર ઝેરોક્સ ટૂંક સમયમાં જ તૈયાર થશે. ગુસ્સામાં આવીને બોલાતી ગાળો પણ 'સંતાન' નામની ઓડિયો કેસેટ્સમાં ઝીલાતી હોય છે.

ઘરમાં જો ઊંચા આદર્શો આપવાનું ભગીરથ કાર્ય વાલીઓ પાર પાડે તો સમજી લેવું કે સફરજનના બીજ 'અન્ડર કલ્ટિવેશન' છે. છતાં ખાતર કરતાં ખેતરની અસર ઓછી હોતી નથી. Children learn more on grounds than at home. ઘર કરતા બહાર સંતાનો વધુ શીખતા હોય છે. આ વાક્યને પોતાના સંતાનના નામ જેટલું પાકું કરી રાખવું. જેને બાર મહિના જાળવવાના છે તેવા અનાજને 'દીવેલ દેવાનું' કે તેમાં પારાની ટીકડીઓ નાંખી દેવાનું ડહાપણ, છ દાયકાની આવરદાવાળા સંતાનો પાછળ કેમ કાર્યરત નહીં થતું હોય ? સંતાનોને વિલાસી વાયરો નડી ન જાય તે માટે સંસ્કારોનું સ્વેટર પહેરાવવાની અગમચેતી વાપરવી સારી. છતાં જે કાંઇ પણ ખોટું શીખી લાવે તેનું, તેના પપ્પાએ પોતાની દાઢીની જેમ રોજ ક્લીન શેવિંગ કરી લેવું જોઇએ.

ઘરમાં આ રીતે જો મૂલ્યશિક્ષણ મળતું રહે, નિંદામણ થતું રહે તો નવી પેઢી શિક્ષણમાં રહેલી ઉણપની અસરોથી બચી શકે. સાથે રોજ સંતાનોને અવસર જોઇને કોઇ સાત્ત્વિક કથાપ્રસંગો કહેતા રહેવું જોઇએ. વાર્તાની અસરને કોઇ અન્ડર એસ્ટિમેટ કરશો નહીં. આ માટે જરૂર પડે તો વાલીઓએ સાત્ત્વિક વાંચન, શ્રવણ કરતા રહેવું જોઇએ. હીરાના રફનું પરિણામ પાસા પાડનારા પર આધારિત છે.

આજે પણ સમાજમાં જ્યાં કોઇ સભ્યતા નજરે ચડે તો તેની પાછળ 'ઘરનું વાતાવરણ' 'માતાના સંસ્કાર'ને, 'વડીલોનું સિંચન' કામ કરતું હશે.

વિદ્યાપીઠોમાંથી જ્યારે મૂલ્યવિદ્યાએ પીઠ ફેરવી દીધી હોય ત્યારે ઘરને સંસ્કારપીઠ બનાવવાના વાલીઓનાં કર્તવ્યનો વર્ગ (કર્તવ્ય$^2$) થયો છે.

સંસ્કરણ કરવાનું કાર્ય વાલીઓ સુપેરે પાર પાડે તો વાલ્મિકીવૃંદ અવતાર લેવા તૈયાર છે.

મનુષ્યભવ, આર્યદેશ અને ઉત્તમકુળમાં મોટો વિશ્વાસ લઇને આવેલી નવી પેઢીની 'આવતીકાલ'ને આજકાલમાં નક્કી કરી દેવી પડશે. યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયાએ એક વિરાટ રિસર્ચ પ્રોજેક્ટ હાથ ધર્યો. આ રિસર્ચ વર્ક દાયકાઓ સુધી ચાલ્યું. તે દરમ્યાન જુદા જુદા પ્રદેશની, અલગ અલગ આબોહવા અને વાતાવરણ વચ્ચે ઉછરતી, સેંકડો વ્યક્તિઓનો સાયકોલોજિકલ સ્ટડી કરવામાં આવ્યો. તે દરેક વ્યક્તિના પાછા દર પાંચ-પાંચ વર્ષે ફોલો-અપ સ્ટડી થયા.

વારંવારના ફોલો-અપવાળો ઇતિહાસનો કદાચ સૌથી પહેલો અને સૌથી મોટો સ્ટડી હતો. આ રિસર્ચ રિપોર્ટ પ્રગટ થયો છે. તેના નિષ્કર્ષ પ્રમાણે,'કોઇ પણ વ્યક્તિના માનસઘડતરની પ્રક્રિયા તેની ૨૩ વર્ષની ઊંમરે પૂર્ણ થાય છે. ત્યાં સુધીમાં તેની પ્રકૃતિ, માન્યતાઓ, રુચિ, રસ, શ્રદ્ધા, સંવેદનશીલતા વગેરે બાબતોમાં ધાર્યા ફેરફારો કરી શકાય છે. પરંતુ ત્યાં સુધીમાં જે તેનું માનસ ઘડાય છે, પછીથી તેમાં ફેરફારને અવકાશ બહુ ઓછો રહે.''

આજના શિક્ષણપ્રધાન યુગમાં બાળક, પોતાના આ ત્રેવીશે ય વર્ષ કદાચ શિક્ષણક્ષેત્રે પસાર કરે છે તેથી તે સહુનું માનસ શિક્ષણથી જ ઘડાય છે. આથી શિક્ષણતંત્રના માથે કેટલી મોટી અને ગંભીર જવાબદારી રહેલી છે તે આનાથી પ્રતીત થાય છે.

આસ્તિક માણસ પકવવો કે નાસ્તિક,
સદાચારી માણસ પકવવો કે સ્વેચ્છાચારી,
નીતિમાન માણસ પકવવો કે ભ્રષ્ટ.

આ બધું જ્યારે મુખ્યત્વે શિક્ષણના હાથમાં જ હોય ત્યારે શિક્ષણની જવાબદારી હાઇવે પરના બસડ્રાઇવર કરતા જરા ય ઓછી નથી.

વર્તમાન શિક્ષણ આત્મા, કર્મ, પરલોક, મોક્ષ જેવી અધ્યાત્મક્ષેત્રની પાયાની વાતોથી દૂર રાખે છે. ધર્મનિરપેક્ષતાના કારણે શિક્ષણે મૂલ્યનિરપેક્ષ પણ રહેવું પડ્યું છે. આથી નવી પેઢીને સંસ્કારનિરપેક્ષ રહેવું પડ્યું છે. આમાં ઉમેરો કર્યો છે, આજની તૂટેલી કૌટુંબિક વ્યવસ્થાએ. તેનો ગુણાકાર કર્યો છે, સમય, સંસ્કાર અને કર્તવ્યનિષ્ઠાની તીવ્ર ખેંચ અનુભવતા વાલીઓએ.

કદાચ માનવામાં અઘરી લાગે પણ એક મનોવૈજ્ઞાનિક સચોટતા ધરાવતી હકીકત એ છે કે વ્યક્તિ જીવનભરમાં જે કાંઇ પણ શીખે છે તેમાંનું ઘણું ખરું, લગભગ અડધાથી ય વધુ તો તે, પોતાની ત્રણ વર્ષની ઊંમર પૂર્ણ થતા સુધીમાં જ શીખી લેતો હોય છે. ઘણાખરા જીવનવ્યવહારો ત્યાં સુધીમાં તે શીખી લેતો હોય છે. આ બાબતને ભૂલવી ન જોઇએ.

બાળકની મગ્નતા યોગીને ય શરમાવે તેવી હોય છે. તે જ્યારે ઢીંગલીથી રમે ત્યારે ઢીંગલીમય બને છે, ખોરાક લે ત્યારે ખોરાકમય બને છે અને કંઇક જુએ ત્યારે દૃશ્યમય બને છે. બાળક હસે ત્યારે પૂરા દિલથી હસે છે અને રડે તો ય પૂરા દિલથી રડે છે. કારણ કે તેને કોઇ ઢોળ હજી ચડેલો હોતો નથી અને દંભ કરતા તેને આવડતું નથી. તેની નિર્દોષતા અને નિર્મળતા જ તેને આવી મગ્નતાની ભેટ ધરે છે. કોરી પાટીનું મૂલ્ય તો ઘણું છે. આધાર બધો લહિયા પર છે.

પોતાના નાના દીકરાના સંસ્કરણ માટે ઉત્સુક એક માતાએ એકવાર એરિસ્ટોટલને પૂછ્યું કે "મારા બાળકને આદર્શ માનવ બનાવવો છે, મારે તેનું ઘડતર ક્યારથી શરૂ કરવું જોઇએ ?" એરિસ્ટોટલે પૂછ્યું,'તમારા બાળકની ઉંમર કેટલી છે ?' બહેને કહ્યું,'અત્યારે તો માંડ પાંચ વર્ષનો છે.' એરિસ્ટોટલે કહ્યું,"તો તરત ઘડતર કરવાનું શરૂ કરો, તમે અત્યારે જ પાંચ વર્ષ મોડા છો."

● ● ●

## ❑ અભ્યર્થના

ફિનિશ્ડ પ્રોડક્ટની ક્વોલિટી મેઇન્ટેઇન કરવા રૉ મટીરિઅલની ગુણવત્તા અનિવાર્ય છે. આજની નવી પેઢી, આવતી કાલના રાષ્ટ્રનેતાઓ, સમાજસુધારકો અને ધર્મનેતાઓ છે. જેમના ભરોસે 'આવતીકાલ' છે તે 'આવતીપેઢી' ની 'આજ' બહુ મહત્ત્વની છે.

આજે આખી નવી પેઢીનું ઘડતર શિક્ષણ સંસ્થાઓમાં થાય છે. શ્રદ્ધાભ્રષ્ટ અને સંસ્કારભ્રષ્ટ કરનારું વર્તમાન શિક્ષણ ઉપાદેય ન હોવા છતાં સહુ તેને અનિવાર્ય માની રહ્યા છે. પોતાના બાળકનું શૈક્ષણિક અને સાંસ્કારિક ઘડતર ઘરમાં પોતાની જાત દેખરેખ નીચે જ કરે અને બાળકને શિક્ષણસંસ્થાનાં પગથિયાં પણ ન ચડાવે તેવા મા-બાપ કેટલા ? સારા, ધર્મી અને સંસ્કારી મા-બાપ પણ, અનિચ્છાએ પણ એક અનિવાર્ય અનિષ્ટરૂપે આજનું શિક્ષણ પોતાના સંતાનોને અપાવે છે. શ્રદ્ધાભ્રષ્ટ કરનારું શિક્ષણ સમ્યક્ ન જ ગણાય. ભૌતિક વિકાસની જ ચિંતા કરનારું શિક્ષણ ઉપાદેય કઇ રીતે ગણાય ? તેમાંય, આધુનિક શિક્ષણનું આખું સ્ટ્રક્ચર જ બોદું છે. જેનો હેતુ ભૌતિક ઉત્કર્ષનો જ છે, જેનું સ્વરૂપ વિનય-બહુમાનના પાયાઓ વગરનું છે અને જેના પરિણામમાં નાસ્તિકતા અને નિષ્ઠુરતા જેવા દુષ્પરિણામો રહેલા છે, તેવું શિક્ષણ નથી હેતુશુદ્ધ, નથી સ્વરૂપશુદ્ધ, કે નથી પરિણામશુદ્ધ.

છતાંય, આખી (રિપીટ, આખી) નવી પેઢી તેના હવાલે છે તે પણ એક કડવી વાસ્તવિકતા છે. આવતી કાલના શ્રમણો અને શ્રાવકો જેમાંથી પાકવાના છે તે નવી પેઢીનું માનસ જે શિક્ષણ દ્વારા ઘડાય છે તે શિક્ષણના દેખીતા ભયંકર દૂષણો સામે આંખ આડા કાન પણ કેવી રીતે કરાય ?

આ પુસ્તકમાં શિક્ષણની ક્ષતિઓ પ્રત્યે અંગુલિનિર્દેશ કર્યો છે. બગાડો બતાવવા છતાં કે સુધારા સૂચવવા છતાં આ શિક્ષણને સમર્થન તો જરાય નથી, ન જ હોય. અક્ષરજ્ઞાન, ભાષાજ્ઞાન, અંકજ્ઞાન આદિ વ્યાવહારિક જ્ઞાનની આવશ્યકતાનો અપલાપ ન કરી શકાય. કારણ કે અક્ષરશ્રુતને પણ શ્રુતજ્ઞાનનો એક પ્રકાર માનવામાં આવ્યો છે. પરંતુ આજની શિક્ષણસંસ્થામાં બાળકની નાસ્તિક અને ભૌતિક વિચારસરણીનું ઘડતર થાય છે તેથી તેની હેયતા સહજસિદ્ધ છે.

ભવ્યજનો સમ્યક્જ્ઞાન રૂપી પરમામૃતના પિપાસુ બની આત્મકલ્યાણ સાધે તે જ અંતરની અભ્યર્થના.

● ● ●

વર્તમાન શિક્ષણમાં શું નથી ?

ગણિતના દાખલા...

ફિઝિક્સનું પ્રાયોગિક શિક્ષણ...

કેમિસ્ટ્રીના પ્રેક્ટિકલ્સ...

બાયોલોજીની જર્નલ્સ...

ભૂગોળના મેપ અને ભૂમિતિની આકૃતિઓ...

દરેક વિષયની થીયરી અને પ્રેક્ટિકલ્સ શીખવતું

આજનું શિક્ષણ, માનવતા, કરુણા, સદાચાર,

નીતિ અને સંયમનું પ્રેક્ટિકલ જ્ઞાન તો આપતું નથી,

તેની થીયરી શીખવવામાં પણ ભારે ઉદાસીન...?

કેરિયર બનાવવાના ધ્યેયને વરેલું

આજનું શિક્ષણ

કેરેક્ટર બનાવવા પ્રત્યે બેપરવા બને ત્યારે,

કેરેક્ટર વગરની કેરિયરને ધારણ કરનારો

માત્ર માહિતીઓની ગાંસડીનો

'કુરિઅર' બની રહે છે.

SHUBHAY
Cell : 98205 30299